દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 187 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ શ્રાવણ સુદ-૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 8 August 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૮ ઓગસ્ટ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

### અમેરિકા સામે ઝૂકેગા નહીં ભારત

# ટૅરિફ મામલે મોટી કિંમત ચૂકવવા પણ હું તૈયારઃ મોદી

## ખેડૂતો, માછીમારો અને ડેરી ઉદ્યોગનાં હિતો સાથે ક્યારેય બાંધછોડ નહીં કરવાનો હુંકાર

નવી દિલ્હીઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પને આડકતરો સંદેશ આપતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે કહ્યું હતું કે ભારત ખેડૂતો, માછીમારો અને ડેરી ઉદ્યોગના હિત સાથે ક્યારેય બાંધછોડ નહીં કરે. આ માટે જરૂર પડશે તો હું વ્યક્તિગત રીતે પણ મોટી કિંમત ચુકવવા તૈયાર છું એવી જાહેરાત તેમણે કરી હતી.

બંને દેશ વચ્ચે દ્વિપક્ષી વેપારી કરાર અંગે વાતચીત ચાલી રહી હોવા વચ્ચે ટ્રમ્પે ભારતીય સામાન પર પચાસ ટકા ટૅરિફ લાદવાના લીધેલા નિર્ણયના એક દિવસ બાદ મોદીએ ઉપરોક્ત નિવેદન કર્યું હતું.

ક્રૂડ તેલ માટે રશિયા પરની નિર્ભરતા ઘટાડવા ભારત પર દબાણ આણવા ટ્રમ્પે ભારતીય સામાન પરનો ટૅરિફ વધારીને પચાસ ટકા કરી દીધો છે.

ભારતના કૃષિ અને ડેરી ઉદ્યોગમાં પ્રવેશની અમેરિકાની માગણીને કારણે દ્વિપક્ષી વેપારી કરાર આડે અવરોધ ઊભો થયો છે.

મકાઈ, સોયાબિન, સફરજન, બદામ અને ઈથેનોલ જેવી અમેરિકાથી આયાત કરાતી વસ્તુઓ પરનો ટૅરિફ ભારત ઘટાડે અને ભારતના કૃષિ તેમ જ ડેરી ઉદ્યોગમાં અમેરિકાના ઉત્પાદનોને પ્રવેશ આપે એવું અમેરિકા ઈચ્છે છે.

આ નિર્ણયની ભારતના ખેડૂતો પર સીધી અસર પડી શકે એમ હોવાને કારણે ભારત અમેરિકાની આ માગણીનો વિરોધ કરી રહ્યું છે.

કૃષિ વૈજ્ઞાનિક એમ.એસ. સ્વામીનાથનની જન્મ શતાબ્દીની ઉજવણીના ભાગરૂપ યોજાવામાં આવેલી ત્રણ દિવસની પરિષદને સંબોધન કરતાં મોદીએ કહ્યું હતું કે ‘અમારા માટે દેશના ખેડૂતોનું હિત સર્વોચ્ચ પ્રાથમિકતા છે. ભારત પોતાના ખેડૂતો, પશુપાલકો અને માછીમાર ભાઈ-બહેનોના હિતો સાથે ક્યારેય બાંધછોડ નહીં કરે.’

આ તમામ લોકોના હિતોનું રક્ષણ કરવું એ અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને કોઈપણ કિંમતે અમે તેમનાં હિતોનું રક્ષણ કરીશું, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)



પૂરઃ ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લાના ધારલીમાં આભ ફાટ્યાને પગલે નિર્માણ પામેલી પૂરની પરિસ્થિતિ બાદનો અસરગ્રસ્ત વિસ્તાર. (એજન્સી)

## પુતિન ટૂંકમાં જ ભારત આવે છે

### આવતા સપ્તાહમાં યુએઈમાં ટ્રમ્પને મળશે

નવી દિલ્હીઃ રશિયા સાથેનો વેપાર એક તરફ ભારત માટે ટૅરિફ વધારાનું કારણ બની ગયો છે. તો બીજી તરફ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ભારતના પ્રવાસે આવવાની તૈયારી કરી રહ્યા છે. થોડા દિવસો અગાઉ આ વાત વહેતી થઈ હતી. પરંતુ હવે વ્લાદિમીર પુતિનના ભારત પ્રવાસ અંગે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલે પુષ્ટિ કરી છે. અજિત ડોભાલે વ્લાદિમીર પુતિનના ભારત પ્રવાસ અંગે માહિતી આપી છે.

બીજી તરફ, પુતિને ગુરુવારે કહ્યું હતું કે અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ સાથેની આગામી બેઠક માટે યુનાઈટેડ આરબ અમિરાત (યુએઈ)માં યોજાય એવી શક્યતા છે. યુએઈના પ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સાથેની બેઠક બાદ પુતિને આ જાહેરાત કરી હતી. અધિકારીઓના જણાવ્યાનુસાર ટ્રમ્પ અને પુતિન વચ્ચેની બેઠક આવતા અઠવાડિયે યોજાય તેવી શક્યતા છે. મીડિયા સાથે વાત કરતા ડોભાલે જણાવ્યું છે કે ભારત અને રશિયા વચ્ચે ખાસ સંબંધ છે. જેને અમે વધારે મહત્ત્વ આપીએ છીએ. અમારી વચ્ચે ઉચ્ચ સ્તરીય સંપર્કો રહ્યા છે. રાષ્ટ્રપતિ પુતિનની ભારત યાત્રા વિશે જાણીને અમને ઘણો ઉત્સાહ અને આનંદ છે. મને લાગે છે કે તેમના આગમનની જલ્દી તારીખ પણ નક્કી થઈ જશે.

પુતિનના ભારત પ્રવાસની હજુ સુધી તારીખ નક્કી કરવામાં આવી નથી. પુતિન ઓગસ્ટ મહિનાના અંત સુધીમાં ભારતની મુલાકાતે આવી શકે છે, એવું આંતરરાષ્ટ્રીય મીડિયાના સૂત્રો અનુમાન લગાવી રહ્યા છે.

વ્લાદિમીર પુતિનનો ભારત પ્રવાસ અનેક રીતે મહત્ત્વનો સાબિત થઈ શકે છે.

જોકે, રશિયા સાથે ક્રૂડ ઓઇલનો વેપાર ભારતને મોંઘો પડ્યો છે. રશિયા સાથે હજુ પણ જો વેપાર ચાલુ રાખશે તો સેકન્ડરી ટૅરિફ લાદવાની પણ અમેરિકાએ ધમકી આપી છે.

## રાજસ્થાનમાં લુપ્ત થતાં પક્ષી ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડને બચાવવા રહેઠાણમાં ૮૫૦ ચોરસ કિમીનો કરાશે વધારો

નવી દિલ્હીઃ રાજસ્થાનમાં લુપ્ત થતાં પક્ષી ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડના રહેઠાણના વિસ્તારોમાં ૮૫૦ ચોરસ કિલોમીટરનો વધારો કરવાનું નિષ્ણાતોએ સૂચન કર્યું હતું. કેન્દ્ર સરકારે ગુરુવારે સુપ્રીમ કોર્ટમાં આ જાણકારી આપી હતી. આ અત્યંત લુપ્તપ્રાય પક્ષીઓ ખાસ કરીને રાજસ્થાન અને ગુજરાતમાં જોવા મળે છે અને તેમની સંખ્યામાં ચિંતાજનક ઘટાડો થઈ રહ્યો છે.

આ પાછળનું કારણ તેમના રહેઠાણ નજીક ઓવરહેડ પાવર ટ્રાન્સમિશન લાઇન, સોલાર પ્લાન્ટ હોવાના કારણે તેઓ વારંવાર તેની સાથે ટકરાતા હોવાથી મૃત્યુ પામે છે.

તેમની આંખો તેમના માથાની બાજુઓ પર હોવાથી જ્યારે તેઓ વીજળીના તાર સાથે ટકરાય છે તો તેમને પોતાની ઊંડાણનો માર્ગ બદલવામાં અનેક મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

આ પક્ષીઓ એક લુપ્તપ્રાય પ્રજાતિ હોવાનું અવલોકન કરીને તેમને તાત્કાલિક રક્ષણની જરૂર છે. સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે માર્ચમાં રાજસ્થાન અને ગુજરાતમાં પ્રાથમિકતા ધરાવતા સંભવિત તેમનાં રહેઠાણોમાં પાવર ટ્રાન્સમિશન લાઇનને ભૂગર્ભમાં નાખવાના વિસ્તારોનું સૂચન કરવા માટે એક નિષ્ણાત સમિતિની રચના કરી હતી. આ કેસ ગુરુવારે ન્યાયાધીશ પી એસ નરસિમ્હા અને જસ્ટિસ એ.એસ. ચંદુરકરની બેન્ચ સમક્ષ આ સુનાવણી માટે આવ્યો હતો.

કેન્દ્ર તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ જણાવ્યું હતું કે શરૂઆતમાં રાજસ્થાન અને ગુજરાતમાં લગભગ ૯૯,૦૦૦ ચોરસ કિલોમીટર (ચોરસ કિમી) વિસ્તાર હતો જ્યાં જીઆઇબીના સંરક્ષણ માટે નવીનીકરણીય ઊર્જા પ્રોજેક્ટ્સ શરૂ કરાવી શકાતા નહોતા. માર્ચ ૨૦૨૪ના ચુકાદાનો ઉલ્લેખ કરતા ભાટીએ કહ્યું હતું કે ટોચની અદાલતે સમિતિની રચના કરી હતી, જેણે બે અહેવાલો રજૂ કર્યા છે, એક રાજસ્થાન અને એક ગુજરાત માટે. તેમણે કહ્યું હતું કે ચુકાદામાં પ્રાથમિકતા અને સંભવિત ક્ષેત્રોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ભાટીએ કહ્યું હતું કે સમિતિએ અભિપ્રાય આપ્યો હતો કે રાજસ્થાનમાં લગભગ ૧૩,૦૦૦ ચોરસ કિમીનો મૂળ પ્રાથમિકતા વિસ્તાર રહેવો જોઈએ.વધુમાં સમિતિએ ૮૫૦ ચોરસ કિમીને વધારાના પ્રાથમિકતા વિસ્તાર તરીકે ઉમેરવાની ભલામણ કરી છે ભાટીએ કહ્યું હતું કે કોર્ટે બંને અહેવાલો પર વિચાર કરવો પડશે. ૨૦૨૪ના ચુકાદામાં નોંધાયું હતું કે બંને રાજ્યોમાં કુલ પ્રાથમિકતા વિસ્તાર ૧૩,૬૬૩ ચોરસ કિમી હતો જ્યારે કુલ સંભવિત વિસ્તાર ૮૦,૬૮૦ ચોરસ કિમી હતો.

જ્યારે ચુકાદામાં આગળ કહેવામાં આવ્યું હતું કે રાજસ્થાનમાં ૧૩,૧૬૩ ચોરસ કિમી પ્રાથમિકતા વિસ્તાર હતો જ્યારે ૭૮,૫૮૦ ચોરસ કિમી સંભવિત વિસ્તાર હતો અને ૫૯૭૭ ચોરસ કિમી વધારાનો મહત્ત્વપૂર્ણ વિસ્તાર હતો. ગુજરાત માટે ચુકાદામાં નોંધાયું હતું કે ૫૦૦ ચોરસ કિમી પ્રાથમિકતા વિસ્તાર હતો, ૨૧૦૦ ચોરસ કિમી સંભવિત વિસ્તાર હતો અને ૬૭૭ ચોરસ કિમી વધારાનો વિસ્તાર હતો. બેન્ચે પૂછ્યું કે શું સમિતિની ભલામણોનો કોઈ વિરોધ છે.

## અમેરિકાને વળતો જવાબ આપવો જ રહ્યોઃ થરૂર

નવી દિલ્હીઃ અમેરિકાની ટૅરિફનો સમગ્ર વિશ્વના દેશોમાં અમલ થયો હતો. અમેરિકાએ ભારત પર પચીસ ટકા ટૅરિફ લાદ્યો હતો. પરંતુ નવો ટૅરિફ લાગુ થયાના પાંચ દિવસ બાદ અમેરિકાએ ફરી ભારત પર વધુ પચીસ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરી હતી, તેથી ભારત પર હવે કુલ ૫૦ ટકા ટૅરિફનું ભારણ આવ્યું છે. જેને લઈને અનેક નેતાઓની પ્રતિક્રિયા મળી રહી છે, જેમાં કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે અમેરિકા પર સવાલો કરતા ભારત સરકારને સલાહ આપી છે.

કોંગ્રેસે સાંસદ સરકારના વખાણ કરવાને કારણે છેલ્લા કેટલાક સમયથી ચર્ચામાં રહ્યા છે. પરંતુ આ વખતે શશિ થરૂરે સરકાર સામે સવાલ ઉઠાવ્યા છે. અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ૫૦ ટકા ટૅરિફને લઈને મીડિયા સાથે વાત કરતા શશિ થરૂરે જણાવ્યું હતું કે, અમેરિકાના સામાન પર આપણે સરેરાશ ૧૭ ટકા ટેરિફ લગાવીએ છીએ. આપણે કેમ ૧૭ ટકા પર રોકાઈ રહ્યા છીએ? આપણે પણ આ ટેરિફ ૫૦ ટકા સુધી વધારી દેવો જોઈએ. આપણે અમેરિકાને પૂછવું જોઈએ કે, શું તેઓને આપણા સંબંધોની કદર નથી? જો ભારત માટે તેમનું કોઈ મહત્ત્વ નથી, તો આપણે પણ તેઓને મહત્ત્વ આપવું જોઈએ નહીં.

થરૂરે આગળ જણાવ્યું હતું કે, વધારે ટૅરિફની ભારતની કંપનીઓ પર અસર પડશે. ભારત અમેરિકા સાથે ૯૦ અબજ ડોલરનો વેપાર કરે છે. તમે વિચારો કે કોઈ વસ્તુ જો ૫૦ ટકા વધારે મોંઘી હશે, તો ગ્રાહક વિચારશે કે આપણે ભારતની વસ્તુ કેમ ખરીદી રહ્યા છીએ. પાકિસ્તાન, વિયતનામ, બાંગ્લાદેશ, ઇન્ડોનેશિયા, ચીન જેવા આપણા પ્રતિસ્પર્ધી દેશો પર ટેરિફ આપણા કરતાં ઓછો છે, તેથી સ્વભાવિક છે કે, તેમની વસ્તુઓ ઓછી મોંઘી હશે. તેથી ભારતની વસ્તુઓ અમેરિકામાં વેચાઈ શકશે નહીં.

## ગેરકાયદે સ્થળાંતરીઓને દરવાજો દેખાડી શકાય એ રીતે અમેરિકામાં જનગણના કરાવશે ડૉનલ્ડ ટ્રમ્પ

વોશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ગુરુવારે જણાવ્યું હતું કે તેમણે કોમર્સ વિભાગને વસ્તીગણતરીના આંકડાઓ એકઠા કરવાની રીતમાં ફેરફાર કરવાના નિર્દેશ આપ્યા હતા જેથી અમેરિકામાં ગેરકાયદે રીતે રહેતા સ્થળાંતરીઓને હાંકી કાઢી શકાય. ટ્રમ્પે પોતાના સોશ્યલ મીડિયા પ્લેટફૉર્મ પર કહ્યું હતું કે વસ્તી ગણતરીનો ડૅટા આધુનિક તથ્યો અને આંકડાઓ પર આધારિત હશે અને સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે તેમાં ૨૦૨૪ની રાષ્ટ્રપતિની ચૂંટણીનાં પરિણામો અને માહિતીનો ઉપયોગ કરવામાં આવશે. આ એ વાતનો સંકેત છે કે તેઓ બાળ ગરીબીથી લઈને બિઝનેસ ઓપરેશન્સ સુધીની દરેક વસ્તુની ગણતરી કરતા સર્વેક્ષણમાં તેમની રાજનીતિ દાખલ કરવાનો પ્રયાસ કરી શકે છે.

ટ્રમ્પે ભારપૂર્વક કર્યું હતું કે આ ફેરફારો હેઠળ આપણા દેશમાં ગેરકાયદે રીતે’’ રહેતા લોકોને વસ્તી ગણતરીમાંથી બાકાત રાખવા માટે છે. તેમના સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ ટ્રુથ સોશ્યલ પર કરાયેલી પોસ્ટ એ સમગ્ર પેટર્નમાં ભળી જાય છે જેમાં તેમણે અમેરિકન સમાજની પ્રગતિના મૂળભૂત માપદંડોને પોતાની પસંદગી અનુસાર નવું રૂપ આપવાનો પ્રયાસ કર્યો છે.

ગયા શુક્રવારે ટ્રમ્પે બ્યૂરો ઑફ લેબર સ્ટેટિસ્ટિક્સના વડા એરિકા મૈકએન્ટાયરને બરતરફ કર્યા હતા કારણ કે મંથલી જોબ રિપોર્ટમાં માનક સુધારાઓથી જાણવા મળ્યું હતું કે નોકરીદાતાઓએ મે અને જૂનમાં અગાઉની સરખામણીમાં ૨૫૮,૦૦૦ ઓછી નોકરીઓ આપી હતી.

## હજી ઘણા દેશો પર બંધીઓ આવે છેઃ ચીન મામલે ટ્રમ્પનો જવાબ

વોશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારત પર પચીસ ટકા વધારાનો ટૅરિફ લાગુ કરીને મોટો ઝટકો આપ્યો છે. ભારત રશિયા પાસેથી પેટ્રોલિયમ ખરીદતું હોવાથી નારાજ ટ્રમ્પે ભારત પર વધુ ટૅરિફ લાદ્યો છે. અગાઉ ટ્રમ્પને જવાબ આપતા ભારતે કહ્યું હતું કે અન્ય ઘણા દેશો રશિયા પાસેથી પેટ્રોલિયમ ખરીદે છે અને અમેરિકા પણ રશિયા સાથે વેપાર કરે છે. ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે ભારતને જ કેમ નિશાન બનાવવામાં આવી રહ્યું છે?

વાઇટ હાઉસ ખાતે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ટ્રમ્પને ભારત પર ટેરિફ બમણો કરીને પચાસ ટકા કરવા અંગે સવાલ પૂછવામાં આવ્યા. જવાબમાં ટ્રમ્પે કહ્યું, ‘‘માત્ર આઠ કલાક થયા છે. આપણે જોઈએ શું થાય છે. તમને ઘણું બધું જોવા મળશે...ઘણા બધા દેશો પર વધારાના પ્રતિબંધો લાગવવામાં આવશે.’’ ટ્રમ્પને ખાસ કરીને ચીનના રશિયા સાથે વ્યાપાર અંગે પૂછવામાં આવ્યું. એક પત્રકારે સવાલ પૂછ્યો કે શું તેઓ ચીન પર પણ ટૅરિફ વધારવાનું વિચારી રહ્યા છે?

## આતંકવાદને ભંડોળ પૂરું પાડતા કાંડનો પર્દાફાશઃ દિલ્હીમાંથી બે જણની ધરપકડ

નવી દિલ્હીઃ જમ્મુ અને કાશ્મીરના પહલગામ આતંકવાદી હુમલા બાદ પોલીસ અને સેના સક્રિય થઈને કાર્યવાહી કરી રહી છે. દિલ્હીના લાજપતનગર વિસ્તાતમાં આતંકવાદી ભંડોળ નેટવર્કનો પર્દાફાશ થયો છે. અહીં કાશ્મીર પોલીસના કાઉન્ટર ઇન્ટેલિજન્સ યુનિટે ‘શાલીમાર ટેક્સટાઇલ’ નામની પેઢી પર દરોડા પાડવામાં આવ્યાં છે. આ પેઢી પર અત્યારે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

વિગતે વાત કરવામાં આવે તો, કાશ્મીરની કાઉન્ટર ઇન્ટેલિજન્સ યુનિટે યુએપીએ હેઠળ એક ફરિયાદ નોંધી હતી. જેમાં અત્યારે તપાસ કરવામાં આવી રહી છે. દિલ્હીમાં બેસીને આંતકવાદીઓને ફન્ડિંગ આપવામાં આવતું હોવાનું હોવાની જાણકારી જમ્મુ અને કાશ્મીર પોલીસને બાતમી મળી હતી. આ સ્લિપર નેટવર્કની બાતમી મળતી પોલીસે આ વિસ્તારમાં તપાસ શરૂ કરી હતી. જેમાં બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જમ્મુ અને કાશ્મીર પોલીસે દિલ્હીમાંથી બે આરોપીઓની ધરપકડ કરી છે. એકનું નામ મોહમ્મદ અયૂબ ભટ છે, જે બડગામનો રહેવાસી છે અને દિલ્હીમાં શાલીમાર ટેક્સટાઇલ નામથી કાપડનો વ્યવસાય ચલાવતો હતો. બીજો આરોપી મોહમ્મદ રફિક શાહ શ્રીનગરના બેમિના વિસ્તારનો રહેવાસી છે.



દાવાનળઃ દક્ષિણ ફ્રાન્સમાં બુધવારે સૅઈન્ટ-લૉરેન્ટ-ડિ-લા-કૅબ્રેરિસે નજીક જંગલમાં લાગેલી આગની ઉપરથી પસાર થઈ રહેલું વિમાન. (એજન્સી)

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અમેરિકા સામે લડવા નક્કર સ્ટ્રેટેજી, મજબૂત ટીમ જોઈએ

**અમેરિકાના** પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારતને વધુ એક ફટકો મારીને ભારતથી અમેરિકા જતા માલ પર પચીસ ટકા વધારાનો ટેરિફ લાદવાની જાહેરાત કરી નાખી. ટ્રમ્પે ભારત પર ૧ ઓગસ્ટે પચીસ ટકા ટેરિફ લાદ્યો હતો. ગુરુવાર ને ૭ ઓગસ્ટથી આ ટૅરિફ લાગુ થયો છે ને તેની શું અસર થશે તેનો ફફડાટ આખા દેશમાં છે ત્યારે જ ટ્રમ્પે વધારાનો ૨૫ ટકા ટૅરિફ લાદવાના એક્ઝિક્યુટિવ ઓર્ડર પર મતું મારી દેતાં ભારતના માલ પર કુલ ૫૦ ટકા ટૅરિફ થઈ ગયો છે. ટ્રમ્પનો નવો ફતવો ૨૧ દિવસ પછી એટલે કે ૨૭ ઓગસ્ટથી અમલમાં આવવાનો છે તેથી ૨૭ ઓગસ્ટથી ભારતના માલ પર ટૅરિફ વધીને ૫૦ ટકા થઈ જશે. ટ્રમ્પના એક્ઝિક્યુટિવ ઓર્ડરમાં દાવો કરાયો છે કે, ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદે છે તેના કારણે આ કાર્યવાહી કરવામાં આવી છે.

ટ્રમ્પનો નિર્ણય ભારત માટે આંચકાજનક છે કેમ કે તેના કારણે ભારતને આર્થિક રીતે મોટો ફટકો પડશે. સાથે સાથે આ નિર્ણય ભારતીયોની આંખ ઉઘાડનારો પણ છે. કેન્દ્રમાં ભાજપની સરકાર આવી પછી એવી ફિશિયારીઓ મરાય છે કે, દુનિયામાં ભારતનો દબદબો વધ્યો છે અને ભારત 'વિશ્વગુરૂ' બની ગયું છે. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ડોનલ્ડ ટ્રમ્પની કહેવાતી દોસ્તીની વાતોનો પણ એટલા જ જોરશોરથી મારો ચલાવાયેલો. આ વાતોનો સતત મારો ચાલ્યા કરે છે તેના કારણે લોકો એવા મિથ્યાભિમાનમાં રાચતા થઈ ગયેલા કે, ટ્રમ્પ ગમે તેટલા ફૂંફાડા મારે પણ ભારતને કંઈ નહીં કરી શકે.

મોદીના સમર્થકો તો એવા કેફમાં જ હતા કે, મોદી સાથેની ભાઈબંધીના કારણે ટ્રમ્પ દુનિયાના બીજા દેશોની મેથી ભલે મારે પણ ભારતને તો કંઈ જ નહીં કરે. ટ્રમ્પે આ બધી વાતોનો છેદ ઉડાવીને ભારતને ઉપરાછાપરી બે ફટકા મારીને બધો કેફ ઉતારી દીધો છે. ટ્રમ્પના ફતવા પછી કોઈ દેશ ભારતની તરફેણમાં બોલવા માટે મેદાનમાં નથી આવ્યો. તેના પરથી સ્પષ્ટ છે કે, ભારત એવો 'વિશ્વગુરુ' છે કે જેનો કોઈ શિષ્ય નથી.

મહત્ત્વની વાત પાછી એ છે કે, ટ્રમ્પ ચીનને કશું કરતા નથી ને ભારતની જ બજાવ્યા કરે છે. ચીન પણ રશિયા સાથે વ્યાપાર કરે જ છે ને અમેરિકાની ધમકીને ઘોળીને પી ગયું છે પણ ટ્રમ્પે ચીન સામે કમ સે કમ અત્યાર લગી કોઈ પગલાં લેવાની જાહેરાત કરી નથી ને ભારતને લપેટી લીધું છે. ટ્રમ્પે પહેલાં ચીન પર ટૅરિફના વાર કરીને દબાવવા માટે મથામણ કરી જોઈ પણ ચીન ગાંઠ્યું નહીં એટલે ટ્રમ્પ ચીન સામે હથિયાર હેઠાં મૂકીને ભારતની બજાવીને દુનિયા પર પોતાની દાદાગીરી હજુય ચાલે છે એ સાબિત કરવા નીકળી પડ્યા છે.

ટ્રમ્પને પાછો ભારત પર ૫૦ ટકા ટૅરિફથી ધરવ નથી એટલે હજુ બીજાં પગલાંની પણ ધમકી આપીને કહ્યું છે કે, રશિયા સાથે વેપાર સંબંધો રાખનારા ભારત સહિતના દેશો સામે હજુ 'સેકન્ડરી સેંક્શન' લાદવામાં આવશે. સેકન્ડરી સેંક્શનનો મતલબ એ થયો કે, અમેરિકા ભારત પર સીધા કોઈ પ્રતિબંધ નહીં લાદે પણ રશિયા સાથેના વ્યાપારમાં સામેલ અમેરિકાની કંપનીઓ અને બૅંકો સામે કડક કાર્યવાહી કરશે. તેના કારણે અમેરિકાની કંપનીઓ અને બૅંકો ભારતથી અંતર રાખતી થઈ જાય એટલે ભારતને ફટકો પડે. ટૂંકમાં ભારત પર સીધા પ્રતિબંધો નહીં લાદીને 'સેકન્ડરી સેંક્શન' લાદીને ટ્રમ્પ આપણું નાક દબાવવા માગે છે, આપણને આર્થિક ફટકો મારવા માગે છે.

ટ્રમ્પના ટૅરિફ વાર પછી આપણા ભારત સરકારે સત્તાવાર રીતે સાવચેતીભર્યો સૂર કાઢીને આ ટૅરિફને અન્યાયી, અયોગ્ય અને અતાર્કિક ગણાવ્યા છે. વિદેશ મંત્રાલયે ટ્રમ્પની એકને ગોળ ને એકને ખોળની નીતિની વાત કરીને રશિયા સાથે વ્યાપાર કરનારા બીજા દેશોને અમેરિકા કશું કહેતું નથી ને ભારત પર ટૅરિફ લાદે છે એ વાત પર ભાર મૂક્યો છે. આ વાત બરાબર છે પણ આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સાવ કોમિક વાત કરી નાખી છે.

મોદીનું કહેવું છે કે, ભારત પોતાના માછીમારો અને ખેડૂતોનાં હિતો મુદ્દે કોઈ સમાધાન નહીં કરે. મોદીના કહેવા પ્રમાણે, મને ખબર છે કે, મારે આ ટૅરિફના કારણે અંગત રીતે બહુ મોટી કિંમત ચૂકવવી પડશે પણ હું તૈયાર છું. મોદીની વાત હાસ્યાસ્પદ છે. ટ્રમ્પના ટૅરિફની કિંમત દેશ ચૂકવશે, મોદીએ અંગત રીતે શું કિંમત ચૂકવવાની છે કે જેના માટે મોદી તૈયાર છે? મોદી આડકતરી રીતે ટ્રમ્પ સાથેની દોસ્તીનું બલિદાન આપવા પોતે તૈયાર છે એવો ઈશારો કરી રહ્યા છે કે બીજું કંઈ કહી રહ્યા છે? ખબર નથી પડતી કેમ કે અમેરિકા સાથેના વ્યાપાર સંબંધોમાં અંગત રીતે મોદીનું શું દાવ પર લાગેલું છે એ આપણને ખબર નથી.

મોદી ટ્રમ્પ સાથેની દોસ્તીની દુહાઈ આપી રહ્યા હોય તો વાત સાવ હાસ્યાસ્પદ કહેવાય કેમ કે ટ્રમ્પે તો વારંવાર સાબિત કર્યું છે કે, પોતે કોઈના દોસ્ત નથી. જેના નાણાંથી ચૂંટણી લડ્યા ને પ્રમુખપદે બેઠા પછી જેને વાઈટ હાઉસમાં રાખેલો, જેનાં છોકરાંને ટ્રમ્પ રમાડતા એ એલન મસ્કને ટ્રમ્પે છ મહિના થતાં પહેલાં ખંખેરી નાખ્યો તો મોદી સાથે તો એવી ગાઢ મિત્રતા કદી હતી જ નહીં. મોદી સાથેના જે પણ સંબંધો હતા એ બે દેશના વડાના હતા. બાકી ટ્રમ્પ પ્રમુખપદની ચૂંટણી હાર્યા પછી ચાર વરસ લગી બેસી રહ્યા ત્યારે એ દોસ્તી કદી દેખાયેલી ખરી?

ખેર, ભારત માટે મહત્ત્વની વાત મોદીએ શું કહ્યું એ નથી પણ હવે પછી શું કરવું એ છે. ટ્રમ્પના ૫૦ ટકા ટૅરિફના કારણે ભારતને આર્થિક રીતે ફટકો પડશે તેમાં બેમત નથી. આ નુકસાન કઈ રીતે સરભર કરી શકાય એ હવે વિચારવું પડે. ભારત માટે નાકનો પણ સવાલ છે. આપણે અમેરિકાના ઓશિયાળા નથી, ટ્રમ્પની ખૈરાત પર નથી જીવતા એ સાબિત કરવું પણ ભારત માટે જરૂરી છે. તેના માટે નક્કર વ્યૂહરચના બનાવવી પડે, જોરદાર ટીમ ઊભી કરવી પડે કેમ કે કોઈ રેંજીપેંજી દેશ સામે નથી લડવાનું પણ અમેરિકા સામે લડવાનું છે. નાણાં મંત્રી નિર્મલા સીતારામન કે વિદેશ મંત્રી એસ. જયશંકર જેવા સૂંઠના ગાંગડે ગાંધી થયેલા ના ચાલે.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ, શુક્રવાર, તા. ૮–૮–૨૦૨૫, વ્રતની પૂનમ, નાળિયેરી પૂર્ણિમા,

- ભારતીય દ્દિનાંક ૧૭, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ સુદ–૧૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ સુદ–૧૪
- પારસી શહેનશાહી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૩મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૪મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરાષાઢા બપોરે ક. ૧૪–૨૭ સુધી, પછી શ્રવણ
- ચંદ્ર મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૪, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૯, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૧–૪૭, રાત્રે ક. ૨૩–૨૭
- ઓટઃ સાંજે ક. ૧૭–૫૫, મધ્યરાત્રિ પછી ક. ૦૫–૩૪ (તા. ૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, શ્રાવણ શુક્લ – ચતુર્દશી. જીવંતિકા પૂજન, વ્રતની પૂનમ, નાળિયેરી પૂર્ણિમા, હયગ્રીવ જયંતી, વરદ લક્ષ્મી વ્રત, બુધ પૂર્વમાં ઉદય થાય છે. ભદ્રા બપોરે ક. ૧૪–૧૨ થી ૨૫–૫૧.

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.

- મુહૂર્ત વિશેષઃ વિશ્વદેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, સમુદ્રદેવતાનું પૂજન, સૂર્યદેવતાનું પૂજન, મહાલક્ષ્મી માતાનું પૂજન, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, તુલસી પૂજન, વ્રતની પૂનમનો ઉપવાસ, બીલીનું વૃક્ષ વાવવું, સર્વશાંતિ, શાંતિપૌષ્ટિક પૂજા, મુંડન કરાવવું નહીં, મિત્રતા કરવી, નિત્ય થતા દુકાન–વેપાર નોકરી દસ્તાવેજના કામકાજ, બી વાવવું.
- આચમનઃ ચંદ્ર–મંગળ ત્રિકોણ પ્રવૃત્તિપ્રિય, ચંદ્ર–હર્ષલ ત્રિકોણ મૌલિક વિચારના, ચંદ્ર–બુધ પ્રતિયુતિ જુઠ્ઠુ બોલવાની આદત, મંગળ–હર્ષલ ત્રિકોણ અમાપ સુષુપ્ત શક્તિ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–મંગળ ત્રિકોણ, ચંદ્ર–હર્ષલ ત્રિકોણ, ચંદ્ર–બુધ પ્રતિયુતિ, મંગળ–હર્ષલ ત્રિકોણ (તા. ૯)
- ગ્રહગોચરઃ સૂર્ય–કર્ક, મંગળ–કન્યા, વક્રી બુધ–કર્ક, ગુરુ–મિથુન, શુક્ર–મિથુન, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર.

# મહિનામાં જ કપિલ શર્માના કૅનેડામાંના કૅફે પર બીજી વાર ગોળીબાર

ટૉરન્ટોઃ કોમેડિયન કપિલ શર્માની માલિકીના કૅપ્સ કૅફેમાં એક જ મહિનાના ટૂંકા સમયગાળામાં ગોળીબારની બે ઘટના બની હતી. ગોલ્ડી ઢિલ્લન નામના એક ગેંગસ્ટરે હુમલાની જવાબદારી લીધી છે.

આ ઘટનાએ આ વિસ્તારમાં વધી રહેલી હિંસા અને ખંડણીના જોખમની ચિંતામાં વધારો કર્યો હતો.

જોકે આ હુમલા પાછળનો આશય જાણી શકાયો નહોતો, એમ ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે કહ્યું હતું.

પોલીસના જણાવ્યાનુસાર ૮૫ ઍવેન્યુ અને સ્કૉટ રોડ પર આવેલા આ કૅફેમાં ગુરુવારે સવારે કરવામાં આવેલા ગોળીબારને કારણે વિવિધ જગ્યાએ ઓછામાં ઓછા છ કાણાં પડી ગયા હોવા ઉપરાંત કાચ તૂટી ગયા હતા અને બારીઓને પણ નુકસાન થયું હતું.

ગોળીબારનો અવાજ સાંભળીને આસપાસના વિસ્તારમાં રહેતા લોકો જાગી ગયા હતા અને ગભરાટ ફેલાઈ ગયો હતો.

અગાઉ જુલાઈમાં ઉદ્ઘાટનના થોડા જ દિવસ બાદ આ કૅફે પર ગોળીબાર કરવામાં આવ્યો હતો.

ગોળીબાર કરવામાં આવ્યો ત્યારે કર્મચારીઓ પણ કૅફેમાં જ હતા, પરંતુ સદ્નસીબે કોઈને ઈજા નહોતી થઈ.

ઘટનાને મામલે કોઈની ધરપકડ કરવામાં નહોતી આવી અને હુમલાખોરોની ઓળખ પણ નહોતી થઈ શકી. (એજન્સી)

# ઈડીએ ૨૩,૦૦૦ કરોડ રૂપિયાનું કાળું ધન વસૂલીને પીડિતોમાં વહેંચ્યું: કોર્ટને કહેવાયું

નવી દિલ્હીઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી) એ લગભગ ૨૩,૦૦૦ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગની રકમ વસૂલ કરી હતી અને આ રકમ નાણાકીય ગુનાઓના પીડિતોને પરત કરી હતી. આ માહિતી દેશના સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટને આપી હતી. આ નિવેદન સુપ્રીમ કોર્ટની ખાસ બેન્ચ સમક્ષ આપવામાં આવ્યું હતું, જેમાં ચીફ જસ્ટિસ બી. આર. ગવઈ અને જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માનો સમાવેશ થતો હતો. આ સુનાવણી બીજી મેના રોજ આપવામાં આવેલા વિવાદાસ્પદ નિર્ણયની સમીક્ષા અરજીઓ પર થઈ રહી હતી, જેમાં ભૂષણ પાવર એન્ડ સ્ટીલ લિમિટેડ (બીપીએસએલ) ની સંપત્તિને વેચવાનો આદેશ આપવામાં આવ્યો હતો અને જેએસડબલ્યૂ સ્ટીલના રિઝોલ્યુશન પ્લાનને નકારી કાઢવામાં આવ્યો હતો.

૩૧ જુલાઈના રોજ ચીફ જસ્ટિસના નેતૃત્વ હેઠળની ખંડપીઠે નિર્ણયને પરત લીધો હતો અને આ કેસમાં પુનઃવિચાર અરજીઓ પર નવેસરથી સુનાવણી કરવાનો નિર્ણય લીધો હતો. પુનઃવિચાર અરજીઓ પર સુનાવણી દરમિયાન એક વકીલે બીપીએસએલ કેસમાં ઈડીની તપાસનો પણ ઉલ્લેખ કર્યો હતો. દરમિયાન ચીફ જસ્ટિસે કટાક્ષ કર્યો હતો કે અહીં પણ ઈડી હાજર છે.

જવાબમાં સોલિસિટર જનરલે કહ્યું હતું કે, હું એક હકીકત જણાવવા માગુ છું કે જે કોઈ પણ કોર્ટમાં ક્યારેય પણ કહેવામાં આવ્યું નથી અને તે એ છે કે ઈડીએ ૨૩,૦૦૦ કરોડ રૂપિયા (લોન્ડરિંગ મની) વસૂલ કર્યા છે અને પીડિતોને આપ્યા છે.

કાયદા અધિકારીએ કહ્યું હતું કે વસૂલ કરાયેલા રૂપિયા સરકારી ખજાનામાં રહેતા નથી અને નાણાકીય ગુનાઓના પીડિતોને જાય છે. જેના પર ચીફ જસ્ટિસે પૂછ્યું હતુ કે સજાનો દર શું છે? જેના પર મહેતાએ કહ્યું હતું કે ફોજદારી ગુનાઓમાં સજાનો દર પણ ખૂબ ઓછો છે અને દેશની ફોજદારી ન્યાય પ્રણાલીમાં રહેલી ખામીઓ તેનું મુખ્ય કારણ છે. જેના પર ચીફ જસ્ટિસે કહ્યું હતું કે, જો તેઓ દોષિત ન હોય તો પણ તમે વર્ષો સુધી લગભગ ટ્રાયલ વિના તેમને સજા ફટકારવામાં સફળ રહ્યા છો. કાયદા અધિકારીએ કહ્યું હતું કે, ''કેટલાક કિસ્સાઓમાં જ્યાં રાજકારણીઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા, ત્યાં રોકડ મળી આવી હતી જેના કારણે અમારી (રૂપિયા ગણવાનું મશીન) મશીનો કામ કરતી બંધ થઈ ગઈ હતી. અમારે નવી મશીનો લાવવી પડી હતી. જ્યારે કેટલાક મોટા રાજકારણીઓ પકડાય છે ત્યારે યુટ્યુબ કાર્યક્રમો પર કેટલીક વાર્તાઓ બનાવવામાં આવે છે. ચીફ જસ્ટિસે કહ્યું હતું કે અમે વાર્તાઓ પર નિર્ણય લેતા નથી. હું ન્યૂઝ ચેનલો જોતો નથી. હું સવારે ૧૦-૧૫ મિનિટ માટે અખબારોમાં હેડલાઇન્સ જોઉં છું.''

# જસ્ટિસ યશવંત વર્માને ફટકોઃ સુપ્રીમ કોર્ટે તેમની અરજી ફગાવી

નવી દિલ્હીઃ રોકડ રકમના વિવાદને મામલે તેમને દોષી જાહેર કરતા ઈનહાઉસ ઈન્ક્વાયરીના રિપોર્ટને અમાન્ય રાખવાની માગણી કરતી અલાહાબાદ હાઈ કોર્ટના જજ જસ્ટિસ યશવંત વર્માની અરજી સુપ્રીમ કોર્ટે ગુરુવારે નકારી કાઢી હતી.

ઈનહાઉસ ઈન્ક્વાયરી કમિટીએ પ્રક્રિયાનું યોગ્ય રીતે પાલન ન થયું હોવાનું જણાવી કોર્ટે વર્માની અરજી નકારી કાઢી હતી.

ન્યાયાધીશ દીપાન્કર દત્તા અને એ.જી. મસિહે કહ્યું હતું કે જસ્ટિશ વર્માનું વર્તન વિશ્વાસપાત્ર ન હોવાને કારણે તેમની અરજી સુનાવણીને પાત્ર નથી.

વિવાદના કેન્દ્રસ્થાને રહેલા જસ્ટિસ વર્મા માટે સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય પીછેહઠ સમાન હતો.

માર્ચમાં દિલ્હીસ્થિત વર્માના નિવાસસ્થાને સ્ટોરરૂમમાં આગ લાગ્યા બાદ ત્યાંથી કરોડો રૂપિયાની અર્ધબળેલી ચલણીનોટો મળી આવી હતી અને ત્યારથી વર્મા વિવાદના કેન્દ્રમાં છે.

તત્કાલિન ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા (સીજેઆઈ)ના સંજીવ ખન્નાએ વર્મા વિરુદ્ધ મહાભિયોગની પ્રક્રિયાનો આરંભ કરવાની આઠમી મેએ કરેલી ભલામણને રદ કરવાની પણ જસ્ટિસ વર્માએ માગણી કરી હતી. (એજન્સી)

# કાશ્મીરમાં સીઆરપીએફનું વાહન ખીણમાં પડ્યુંઃ ત્રણ જવાન શહીદ

શ્રીનગરઃ જમ્મુ અને કાશ્મીરના ઉધમપુરમાં એક ગોઝારો માર્ગ અકસ્માત થયો છે. સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના જવાનોને લઈ જતું એક વાહન ખીણમાં ખાબકતા ત્રણ જવાનો શહીદ થયા છે અને ૧૬ ઘાયલ થયા છે.

અહેવાલ મુજબ અકસ્માતગ્રસ્ત વાહન સીઆરપીએફની ૧૮૭મી બટાલિયનનું છે. આ ઘટના ઉધમપુર જિલ્લાના કડવા વિસ્તારમાં સવારે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ બની હતી. બસંતગઢથી એક ઓપરેશન પતાવ્યા બાદ જવાનો પરત ફરી રહ્યા હતાં ત્યારે અક્સમાત નડ્યો હતો.

અહેવાલ મુજબ વાહનમાં ૨૩ જવાનો સવાર હતાં, ચાલકે કાબૂ ગુમાવતા વહાન ખીણમાં ખાબક્યું હતું. આ ઘટનામાં બે જવાનો ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા, જ્યારે ૧૬ ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્ત જવાનોને હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતાં, સારવાર દરમિયાન વધુ એક જવાનનું મોત નીપજ્યું હતું.

કેન્દ્રીય પ્રધાન જિતેન્દ્ર સિંહે આ ઘટનાની જાણકારી આપી છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં તેમણે જણાવ્યું કે, મેં હમણાં જ ડીસી સલોની રાય સાથે વાત કરી છે, જેઓ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે અને મને અપડેટ આપી રહ્યા છે.

# પાકિસ્તાની લશ્કરી વડા અસીમ મુનિર ફરી અમેરિકા જવા બૅગ પૅક કરી રહ્યા છે

ઇસ્લામાબાદઃ પાકિસ્તાનના સેના પ્રમુખ અસીમ મુનીર આ અઠવાડિયે ટોચના અમેરિકન અધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કરવા માટે અમેરિકાની મુલાકાત લઇ શકે છે. ભારત સાથે ચાર દિવસ સંઘર્ષ ચાલ્યા બાદ આ તેમની બીજી વોશિંગ્ટનની મુલાકાત હશે. આ જાણકારી એક મીડિયા રિપોર્ટમાં ગુરૂવારે આપવામાં આવી હતી.

મુનીરે જૂન મહિનામાં અમેરિકાની પાંચ દિવસની મુલાકાત લીધી હતી. જ્યાં તેમણે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે એક ખાનગી લંચમાં હાજરી આપી હતી. આ બેઠકના સમાપનમાં ટ્રમ્પે તેલ સોદા સહિત વિવિધ ક્ષેત્રોમાં અમેરિકા-પાકિસ્તાન સહયોગ વધારવાની જાહેરાત કરી હતી. ડૉન અખબારે સત્તાવાર સૂત્રોને ટાંકીને જણાવ્યું કે ફિલ્ડ માર્શલ મુનીર આ અઠવાડિયે તેમના અમેરિકન સમકક્ષો સાથે ચર્ચા-વિચારણા કરવા માટે અમેરિકાની મુલાકાત લઇ શકે છે.

સૂત્રોએ અખબારને જણાવ્યું કે જુલાઇના અંતમાં યુએસ સેન્ટ્રલ કમાન્ડ(સેન્ટકોમ)ના વડા જનરલ માઇકલ એરિક કુરિલ્લાની પાકિસ્તાન યાત્રા બાદ આ તેમની બીજી મુલાકાત હશે. ૪ ઓગસ્ટના રોજ જારી એક અખબારી નિવેદનમાં સેન્ટકોમે જનરલ કુરિલ્લાની પાકિસ્તાન અને પ્રદેશના અન્ય દેશોની તાજેતરની મુલાકાતને યાદ કરી હતી. આ મુલાકાત દરમિયાન જનરલ કુરિલ્લાને પાકિસ્તાન સરકાર દ્વારા નિશાન-એ-ઇમ્તિયાઝ (સૈન્ય)થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

વોશિંગ્ટન સ્થિત ઇન્ટર-સર્વિસિસ પબ્લિક રિલેશન્સ અથવા પાકિસ્તાન દૂતાવાસ તરફથી આ યાત્રા અંગે કોઇ સત્તાવાર નિવેદન આવ્યું નથી. પરંતુ તેમની છેલ્લી મુલાકાત દરમિયાન સેના પ્રમુખે સંકેત આપ્યો હતો કે તેઓ આ વર્ષના અંતમાં ફરીથી અમેરિકાની મુલાકાત લેવાની આશા સેવી રહ્યા છે. મુનીરે ૨૨ એપ્રિલના રોજ પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાર દિવસ સુધી ચાલેલા સંઘર્ષના કેટલાક અઠવાડિયા બાદ અમેરિકાની મુલાકાત લીધી હતી.

# ઉપરાષ્ટ્રપતિપદના ઉમેદવાર મોદી-નડ્ડા નક્કી કરેઃ એનડીએ દ્વારા અપાઈ સત્તા

નવી દિલ્હીઃ નેશનલ ડેમોક્રેટિક અલાયન્સ (એનડીએ)એ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ અધ્યક્ષ જે. પી. નડ્ડાને શાસક ગઠબંધનના ઉપરાષ્ટ્રપતિપદના ઉમેદવારની પસંદગી કરવા માટેની જવાબદારી સોંપી છે. આ માહિતી કેન્દ્રીય પ્રધાન કિરેન રિજિજુએ આપી હતી. સંસદીય બાબતોના પ્રધાને જણાવ્યું કે આ સર્વસંમતિથી લેવામાં આવેલો નિર્ણય હતો. સંસદ સંકુલમાં ભાજપના અગ્રણી નેતાઓ અને તેમના સહયોગીઓની એક બેઠક યોજાઇ હતી. જેમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બેઠકમાં નડ્ડા ઉપરાંત કેન્દ્રીય પ્રધાન રાજનાથ સિંહ અને અમિત શાહ, જેડી (યુ)ના લલન સિંહ, શિવસેનાના શ્રીકાંત શિંદે, ટીડીપીના લવુ શ્રીકૃષ્ણ દેવરાયલુ અને એલજેપી (રામ વિલાસ)ના ચિરાગ પાસવાને બેઠકમાં હાજરી આપી હતી. રાજનાથ સિંહે બેઠકની અધ્યક્ષતા કરી હતી.

# ઉત્તરાખડમાં ૪૦૦ના જીવ બચાવી લેવાયા

દહેરાદૂનઃ ઉત્તરાખંડના ધરાલી ગામમાં થોડા દિવસો પહેલા કુદરતનો કાળો કહેર વર્તાયો. ભારે વરસાદ અને વાદળ ફાટવાની ઘટનાએ જાણે અડધા ગામને જળમગ્ન કરી દીધું. ઘટના બાદ ગામમાં ૩૦થી ૫૦ ફૂટ સુધી માટી અને કાટમાળ એકઠો થયો છે. આ બદલાતા હવામાન વચ્ચે રાષ્ટ્રીય અને રાજ્ય આપદા બચાવ ટીમો હેલિકોપ્ટરની મદદથી બચાવ કાર્યમાં જોડાઈ છે. આ ઘટનાએ ગામની સ્થિતિ બદલી નાખી છે અને રાહત કાર્યોમાં ઘણી મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે.

ધરાલી ગામમાં આવેલા પૂરથી સમગ્ર વિસ્તારમાં કાટમાળનો ઢગલો બનાવી દીધો છે.

ગામના ઘણાં મકાનોની છતો જ દેખાય છે, જ્યારે મોટા પથ્થરો અને કાદવે ગામનો નજારો બદલી નાખ્યો છે. આ ઘટના બાદ બચાવ ટીમોએ અત્યાર સુધી ૪૦૦ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા છે, જેમાં સેનાના ૧૧ લાપતા જવાનોનો પણ સમાવેશ થાય છે. ખરાબ હવામાન કારણે બચાવ કાર્યમાં અડચણો આવી રહી છે.

બચાવ ટીમોને ધરાલીમાં બેવડી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. એક તરફ ખીર ગંગા નદીનું ઝડપી પ્રવાહવાળું પાણી અને બીજી તરફ કાટમાળથી બનેલો કીચડ રસ્તાઓને ખતરનાક બનાવે છે. એનડીઆરએફની ટીમોએ પહાડી રસ્તાઓ પર કિલોમીટરો સુધી પગપાળા ચાલીને ગામ સુધી પહોંચવું પડે છે. ભીની માટીમાં ચાલવું મુશ્કેલ હોવાથી ટીનની ચાદરો નાખીને રસ્તો બનાવવામાં આવી રહ્યો છે.

સૂત્રો પ્રમાણે આ બંને ગ્રુપ ઉત્તરકાશીથી ગંગોત્રી જવા નીકળ્યા હતા, પરંતુ ત્યારથી તેમનો સંપર્ક થયો નથી. ઉત્તરકાશીમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે રસ્તાઓ બંધ થઈ ગયો છે. ભટવાડી, લિન્ચીગઢ અને ગંગરાણીના માર્ગો બંધ છે, જ્યારે ગંગોત્રી રાષ્ટ્રીય રાજમાર્ગ પર એક પુલ ધોવાઈ ગયો છે, જેના કારણે બચાવ ટીમો અટવાઈ ગઈ છે.

# ચૂંટણી પંચ મારા રાજયના ચાર સરકારી અધિકારીને કઇ રીતે સસ્પેન્ડ કરી શકે?: મમતાનો સવાલ

કોલકાતાઃ પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનર્જીએ ગુરુવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની સરકાર તેના કર્મચારીઓ સાથે છે, ચૂંટણી પંચ દ્વારા બે રાજ્યના સિવિલ સેવકો સહિત ચાર અધિકારીને સસ્પેન્ડ કરવાના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા હતા.

ચૂંટણી પંચે મંગળવારે બે જિલ્લામાં મતદારયાદી તૈયાર કરતી વખતે તેમની ફરજો બજાવવામાં નિષ્ફળ જવા અને ભૂલો કરવા બદલ પશ્ચિમ બંગાળ સરકારના ચાર અધિકારી અને એક હંગામી કર્મચારીને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો હતો.

ચૂંટણી પંચે બે ચૂંટણી નોંધણી અધિકારી (ઇઆરઓ), બે સહાયક ચૂંટણી નોંધણી અધિકારી (એઇઆરઓ) અને એક ડેટા એન્ટ્રી ઓપરેટર – સહિત પાંચ સામે એફઆઈઆર દાખલ કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો.

ચૂંટણી પંચના નિર્દેશ પર સવાલ ઉઠાવતા, બેનર્જીએ કહ્યું કે, આપણે બધા જાણીએ છીએ કે ચૂંટણી પંચ ચૂંટણીની જાહેરાતની તારીખથી જ કાર્યવાહી કરી શકે છે.'' પશ્ચિમમ બંગાળમાં ૨૦૧૬ના મધ્યમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની હોવાથી, પડોશી રાજ્ય બિહારની જેમ રાજ્યમાં પણ મતદાર યાદીઓનું ખાસ સઘન સંશોધન (એસઆઇઆર) હાથ ધરવામાં આવશે કે કેમ તે અંગે રાજકીય ચર્ચા ચાલી રહી છે, જ્યાં તે સંશોધન થયું છે અને ડ્રાફ્ટ યાદીઓ જાહેર કરવામાં આવી છે.

# ટ્રમ્પ ભારતને બ્લેકમેલ કરે છેઃ રાહુલ ગાંધી

નવી દિલ્હીઃ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ભારત પર પચાસ ટકા ટૅરિફ લગાવ્યો છે. આ મુદ્દે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની પ્રતિક્રિયા આવી છે. રાહુલ ગાંધીએ પચાસ ટકા ટેરિફ મામલે મોટું નિવેદન આપ્યું છે. ટૅરિફ મુદ્દે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર અને વડા પ્રધાન પર આકરા પ્રહારો કર્યાં છે. ડોનલ્ડ ટ્રમ્પના પચીસ ટકા વધારાના ટૅરિફ બાદ કેન્દ્ર સરકારને ચારે બાજુથી વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. અમેરિકાએ તાજેતરમાં જ ભારત પર પચીસ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરી હતી. જેથી હવે ટૅરિફ પચાસ ટકા થઈ ગયો છે રાહુલ ગાંધીએ ટ્રમ્પને જવાબ આપતા કહ્યું કે, આ અમેરિકન પ્રમુખ દ્વારા ભારતને ઈકોનોમિક બ્લેકમેલ કરાયો છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, અમેરિકા ભારત સરકારને બ્લેકમેલ કરી રહ્યું છે. આ ટૅરિફ એ અમેરિકાની સરકાર દ્વારા ભારતને અન્યાયી વેપાર સોદામાં ધકેલી દેવાનો પ્રયાસ છે, જેનો વિપક્ષ સખત વિરોધ કરે છે. વડા પ્રધાન મોદીએ પોતાની નબળાઈને ભારતીય લોકોના હિતોથી ઉપર ન જવા દેવી જોઈએ.

# ટૅરિફથી ભારતની જીડીપી પર એક ટકા જેટલો ફટકો સંભવ છે

વૉશિંગ્ટનઃ ભારતીય ચીજવસ્તુઓ પર ટેરિફ બમણી કરીને ૫૦ ટકા કરવાનો અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પનો નિર્ણય ભારતના અર્થતંત્રને ફટકો પહોંચાડી શકે છે, વિશ્લેષકોએ ચેતવણી આપી છે કે દેશની જીડીપી પર એક ટકાનો સંભવિત ફટકો પડશે.

ગુરુવારે જાહેર કરાયેલા આ પગલાનો હેતુ ભારતને રશિયા પાસેથી તેલ ખરીદવાનું ચાલુ રાખવા બદલ દંડ કરવાનો છે. બ્લૂમબર્ગ ઇકોનોમિક્સના મતે, ૨૧ દિવસમાં અમલમાં આવનારા નવા ટૅરિફ, વિયેટનામ અને ચીન જેવા ભારતના નિકાસ સ્પર્ધકો પર લાદવામાં આવેલા ટૅરિફ કરતા વધારે છે, અને અમેરિકામાં આઉટબાઉન્ડ શિપમેન્ટમાં ૬૦ ટકા જેટલો ઘટાડો કરી શકે છે.

મધ્યમ ગાળામાં જીડીપી પર એકંદર અસર ૧.૧ ટકાથી પણ વધુ હોઈ શકે છે. ફાર્માસ્યુટિકલ્સ અને ઇલેક્ટ્રોનિક્સ જેવા ક્ષેત્રો પર વધુ ટૅરિફ લાદવાથી અસર વધુ ઘેરી બની શકે છે, એમ બ્લૂમબર્ગના વિશ્લેષકો ચેતના કુમાર અને એડમ ફરારએ લખ્યું હતું.

ભારતની રિઝર્વ બેંક ૨૦૨૫-૨૬ નાણાકીય વર્ષ માટે ૬.૫ ટકા જીડીપી વૃદ્ધિનો અંદાજ લગાવે છે અગાઉના સમયગાળામાં જોવા મળેલા સરેરાશ ૮ ટકા વૃદ્ધિ કરતાં આ આંક ઘણો ઓછો છે. સંપૂર્ણ ટકાવારી-પોઇન્ટ નુકસાન વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થામાંની એક માટે એક મોટો ફટકો હશે. કાપડ, ફૂટવેર અને રત્નો અને ઝવેરાત જેવા શ્રમ-સઘન ઉદ્યોગો ટૅરિફનો ભોગ બનવાની અપેક્ષા છે.

# ગુજરાત સરકારનો ઐતિહાસિક નિર્ણયઃ ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાઓને માળખાકીય સુવિધાઓ માટે ₹૧.૫૦ કરોડ સુધીની સહાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ ૨.૦ અંતર્ગત પસંદ થયેલી રાજ્યની ગ્રાન્ટ ઇન એઈડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને માળખાકીય સુવિધાઓ સંગીન બનાવવા રાજ્ય સરકાર સહાય આપશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ સંલગ્ન શિક્ષણ વિભાગ હેઠળની આવી ગ્રાન્ટ ઇન એઈડ સેકન્ડરી અને હાયર સેકન્ડરી શાળાઓને આ સહાય ૮૦:૨૦ના પ્રમાણમાં આપવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા શાળાકીય શિક્ષણમાં ગુણવત્તાયુક્ત પરિવર્તન અને ખાસ કરીને મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ અંતર્ગત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણમાં આમૂલ પરિવર્તન થઈ રહ્યું છે. રાજ્યમાં ગ્રાન્ટ ઇન એઈડ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલમાં ખૂબ મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. એટલું જ નહિ, શિક્ષણ વિભાગ તરફથી લેવામાં આવી રહેલા પરિણામલક્ષી પગલાંઓને પરિણામે આવી શાળાઓમાં આવનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ખૂબ વધારો થવાની પણ સંભાવનાઓ રહેલી છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આવનારા સમયની આવી જરૂરિયાતો અંગે વિઝનરી પ્લાનિંગ સાથે ગ્રાન્ટ ઇન એઈડ શાળાઓમાં પણ સરકારી શાળાઓની જેમ માળખાકીય સુવિધાઓને સુદ્રઢ કરવા માટે આર્થિક સહાય આપવાનો નિર્ણય કર્યો છે. તદઅનુસાર શિક્ષણ પ્રધાન ડો. કુબેરભાઈ ડીંડોરના દિશાદર્શનમાં રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬થી પાંચ વર્ષ માટે આ યોજના શરૂ કરવામાં આવી છે.

રાજ્ય સરકારે શિક્ષણ જગતના અને શાળાના વિદ્યાર્થીઓના વ્યાપક હિતમાં આ યોજના શરૂ કરીને શાળા સંચાલક મંડળ સંઘની માગણીનો હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે.મુખ્ય પ્રધાને મંજૂર કરેલી આ યોજના અન્વયે મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ ૨.૦ અંતર્ગતની આવી ગ્રાન્ટ ઇન એઈડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે ૧૦ લાખથી ૧.૫૦ કરોડ સુધીની આર્થિક સહાય શાળાઓમાં માળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે ફક્ત એક જ વાર મળી શકશે.

શાળાઓને જે માળખાકીય સુવિધાઓ માટે આ યોજના અંતર્ગત સહાય મળવાપાત્ર છે તેમાં ખૂટતા વર્ગખંડના બાંધકામ, પુસ્તકાલય, લેબોરેટરી, કમ્પ્યુટર લેબ, વોકેશનલ રૂમ, ગર્લ્સ રૂમ વગેરે વિશિષ્ટ ખંડોના બાંધકામ, વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓ અને દિવ્યાંગ છાત્રો માટેના નવા ટોયલેટ બ્લોક્સ તથા પીવાના પાણીની સુવિધા અને અન્ય મેજર રિપેરિંગ તેમ જ રંગરોગાન, કમ્પાઉન્ડ વોલ અને દિવ્યાંગ માટે જરૂરી સુગમ્ય માળખાકીય સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આવી સુવિધાઓ માટે થનારા ખર્ચના ૮૦ ટકા રાજ્ય સરકાર આપશે તથા બાકીના ૨૦ ટકા રકમ સંબંધિત શાળા મંડળ દ્વારા ભોગવવાની રહેશે.

મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ ૨.૦ અંતર્ગત આવતી અને આ સહાય માટે પાત્રતા ધરાવતી ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓએ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધીમાં નિયત નમૂનામાં દરખાસ્ત કરીને સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારીને મોકલી શકશે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે કરેલો આ શિક્ષણ હિતલક્ષી નિર્ણય ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારોની ગ્રાન્ટ ઇન એઈડ શાળાઓમાં વિદ્યાર્થીલક્ષી માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં મદદરૂપ બનશે અને સંચાલકો પરનું આર્થિક ભારણ પણ ઓછું થશે. આ અંગેના વિધિવત્ ઠરાવો શિક્ષણ વિભાગ દ્વારા જારી કરવામાં આવ્યા છે. ■

# ગુજરાત સરકારે ૨૦૨૩ના ગુજરાતી ફિલ્મ પુરસ્કારો જાહેર કર્યાઃ 'કર્મ' શ્રેષ્ઠ ફિલ્મ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા ગુજરાતી સિનેમાને પ્રોત્સાહન આપવા માટે 'ગુણવત્તા સમન્વિત પ્રોત્સાહન નીતિ-૨૦૧૯' અંતર્ગત વર્ષ ૨૦૨૩ માટેના ગુજરાતી ચલચિત્ર પારિતોષિકોની જાહેરાત કરવામાં આવી હતી. આ નીતિ હેઠળ ગુજરાતી ફિલ્મોના કલાકારો અને કસબીઓને વિવિધ શ્રેણીઓમાં રોકડ પુરસ્કાર અને પારિતોષિકો એનાયત કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૩ દરમિયાન સિનેમાગૃહોમાં પ્રદર્શિત થયેલી ફિલ્મો માટે કુલ ૪૬ કેટેગરીમાંથી ૪૦ કેટેગરીમાં વિજેતાઓની પસંદગી કરવામાં આવી હતી.

રાજ્ય સરકાર આગામી સમયમાં એક ભવ્ય સમારોહનું આયોજન કરી આ વિજેતા કલાકાર-કસબીઓને સન્માનિત કરશે અને રોકડ પુરસ્કાર તથા ટ્રોફી એનાયત કરશે. આ પારિતોષિકોનો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાતી ફિલ્મ ઉદ્યોગને વધુ ગુણવત્તાયુક્ત ફિલ્મો બનાવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે, જેથી ગુજરાતી સિનેમાનો વ્યાપ વધે અને તેને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ મળે. આ સન્માન સમારોહમાં કલાકારો, દિગ્દર્શકો અને ફિલ્મ ઉદ્યોગ સાથે જોડાયેલા અન્ય મહાનુભાવોની ઉપસ્થિત રહેશે.

૨૦૨૩ માટેના ગુજરાતી ચલચિત્ર પારિતોષિકોમાં શ્રેષ્ઠ ચલચિત્ર માટેનો એવોર્ડ ફિલ્મ 'કર્મ' માટે નિર્માતા ચિન્મય પુરોહિત, નીરજ નાઈક અને સુબ્રમણ્યમ ઐયરને જાહેર કરવામાં આવ્યો હતો. તેમજ દ્વિતીય શ્રેષ્ઠ ચલચિત્રનો એવોર્ડ ફિલ્મ 'માય બેસ્ટ ફ્રેન્ડ દાદુ' માટે નિર્માતા અને દિગ્દર્શક જશવંત ગાંગાણીને જાહેર કરવામાં આવ્યો હતો. શ્રેષ્ઠ લોકપ્રિય ચલચિત્ર માટેનો એવોર્ડ ફિલ્મ 'શુભયાત્રા' માટે નિર્માતા અને દિગ્દર્શક મનીષ સૈનીને જાહેર કરવામાં આવ્યો હતો.

મહિલા સશક્તીકરણ અંગેનું શ્રેષ્ઠ ચલચિત્ર માટેનો એવોર્ડ ફિલ્મ 'નિક્કી' માટે નિર્માતા અને દિગ્દર્શક રૂપાંગ આચાર્ય, તે ઉપરાંત શ્રેષ્ઠ બાળ ચલચિત્રનો એવોર્ડ પણ રૂપાંગ આચાર્યને 'નિક્કી' ફિલ્મ માટે જાહેર કરવામાં આવ્યો હતો. દ્વિતીય શ્રેષ્ઠ બાળ ચલચિત્રનો એવોર્ડ ફિલ્મ 'મસ્તીની પાઠશાળા' માટે નિર્માતા વિપુલ શાહ તેમજ દિગ્દર્શક સુનીલ વાઘેલાને જાહેર કરવામાં આવ્યો હતો.

શ્રેષ્ઠ દિગ્દર્શનનો એવોર્ડ ફિલ્મ 'સંબંધોમાં ખાલી જગ્યા' માટે જયેશ ત્રિવેદીને, શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ ફિલ્મ 'કર્મ' માટે ચેતનકુમાર ધાનાનીને, શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ ફિલ્મ 'કર્મ' માટે બ્રિન્દા ત્રિવેદીને, શ્રેષ્ઠ બાળ કલાકાર માટેનો એવોર્ડ ફિલ્મ 'માય બેસ્ટ ફ્રેન્ડ દાદુ' માટે વિશાલ ઠક્કર, શ્રેષ્ઠ પાર્શ્વ ગાયકનો એવોર્ડ ગીત 'આવજો આવજો' માટે ઉમેશ બારોટ તેમજ શ્રેષ્ઠ પાર્શ્વ ગાયિકાનો એવોર્ડ ગીત 'હું અને તું' માટે મધુબંતી બાગચીને જાહેર કરવામાં આવ્યો હતો. ■

# સુરત દુષ્કર્મ કેસમાં હાઇ કોર્ટે મેડિકલ ગ્રાઉન્ડ પર આસારામના જામીન લંબાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત દુષ્કર્મ કેસમાં ગુજરાત હાઇ કોર્ટે આસારામના હંગામી જામીન ૨૧ ઓગસ્ટ સુધી લંબાવ્યા હતા. આસારામે કોર્ટ સમક્ષ મેડિકલ ગ્રાઉન્ડ પર જામીન લંબાવવા માગ કરી હતી, તેમજ આ માટે તેણે હોસ્પિટલ અને ડોક્ટરનાં પ્રમાણપત્રો રજૂ કર્યાં હતાં. આ પ્રમાણપત્રોને ચકાસવા માટે સરકારી વકીલે સમય માગ્યો હતો અને આથી હવે આ અંગે વધુ સુનાવણી ૨૧ ઓગસ્ટે યોજાશે, એટલે ત્યાં સુધી હંગામી જામીન લંબાવ્યા હતા.

અત્રે નોંધનીય છે કે કોર્ટે ત્રીજી વખત આસારામના જામીનને લંબાવ્યા છે, આ પૂર્વે ૨૭ જૂને હાઇ કોર્ટે ૦૭ જુલાઈ સુધી જામીન લંબાવી આપ્યા હતા. ત્યાર બાદ ૦૩ જુલાઈએ હાઇ કોર્ટે આસારામના જામીન ૦૧ મહિનો સુધી વધાર્યા હતા. ત્યારે આ ત્રીજીવાર જામીન લંબાવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે સુરતની મહિલાએ આસારામ સામે બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. ૧૯૯૭થી ૨૦૦૬ દરમિયાન અમદાવાદના મોટેરા આશ્રમમાં આસારામ દ્વારા શારીરિક શોષણ થયાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૩માં આસારામ સામે બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. એ ફરિયાદ ગાંધીનગર ટ્રાન્સફર કરવામાં આવી હોવાથી આસારામ સામે ગાંધીનગરમાં કેસ ચાલ્યો હતો, જેમાં ગાંધીનગર કોર્ટ દ્વારા ૨૦૨૩માં આસારામને દોષિત ઠેરવવામાં આવ્યો હતો. ■

# ખાડાની મોકાણઃ સુરતમાં ત્રણ વર્ષમાં ૧૮,૦૦૦થી વધુ ખાડા પૂર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દર ચોમાસામાં સુરતના રસ્તાઓની ખરાબ હાલતથી લોકોમાં ભારે રોષ અને વિરોધ જોવા મળે છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાર આંકડાઓ મુજબ, શહેરમાં ખાડા રિપેરિંગનું કામકાજ મોટા પાયે થઈ રહ્યું છે, જે રસ્તાઓના નબળા બાંધકામની ગુણવત્તા દર્શાવે છે. છેલ્લા ત્રણ વર્ષમાં સૌથી વધુ હોટ મિક્સ મટીરિયલ્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

છેલ્લા ત્રણ વર્ષના આંકડાઓ મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશને ખાડા રિપેર કરવા માટે પ્રતિ ચોરસ મીટરે સરેરાશ ૨૮૦ કિલોગ્રામ હોટ મિક્સ મટીરિયલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ખાડાઓ માત્ર નાના નહોતા, પરંતુ એટલા ઊંડા હતા કે તેનાથી એસયુવી જેવા ઊંચા ગ્રાઉન્ડ ક્લિયરન્સ ધરાવતાં વાહનોને પણ ગંભીર નુકસાન થઈ શકે તેમ હતું.

સૂત્રોએ જણાવ્યું કે આ ચોરસ મીટરનો વિસ્તાર માત્ર ખાડા પૂરતો મર્યાદિત નથી, પરંતુ તેની આસપાસની સપાટીનો પણ સમાવેશ થાય છે. અધિકારીએ જણાવ્યું કે, મોટા ભાગના રિપેરિંગ કામમાં વાસ્તવિક ખાડાવાળા સ્થળ કરતાં વધુ મોટા વિસ્તારમાં મટીરિયલનો ઉપયોગ થાય છે. રિપેરિંગ લાંબા સમય સુધી ટકી રહી અને મજબૂત બને તે માટે અમે ખાડાઓની આસપાસનો વિસ્તાર પણ રિપેર કરીએ છીએ.

આંકડા દર્શાવે છે કે ૨૦૨૨ થી ૨૦૨૫ દરમિયાન, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને ૧,૩૬૪ રસ્તાઓ પર ૧૮,૬૬૨ ખાડા રિપેર કર્યા હતા. જેણે કુલ ૪.૭૦ લાખ ચોરસ મીટરનો વિસ્તાર આવરી લીધો હતો. આ રિપેરિંગ માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના પોતાના સ્ટાફ દ્વારા (કોન્ટ્રાક્ટરો દ્વારા નહીં) ૧.૩૨ લાખ મેટ્રિક ટન હોટ મિક્સ મટીરિયલનો ઉપયોગ કર્યો હતો.

ઉપલબ્ધ આંકડાઓ મુજબ ૨૦૨૨-૨૩માં ૨૪,૮૮૮ મેટ્રિક ટન, ૨૦૨૩-૨૪માં ૩૭,૮૩૪ મેટ્રિક ટન અને ૨૦૨૪-૨૫માં ૬૯,૯૩૧ મેટ્રિક ટન હોટ મિક્સ મટીરિયલનો ઉપયોગ થયો હતો. આંકડા પરથી દર વર્ષે નુકસાન અને રિપેરિંગ એમ બંને કામમાં સતત વધારો થઈ રહ્યો હોવાનું સામે આવ્યું હતું.

ખાડા રિપેરિંગ ઉપરાંત, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને સામાન્ય રસ્તાના રિપેરિંગ માટે પણ મટીરિયલની ખરીદી પર મોટા પાયે ખર્ચ કર્યો હતો. છેલ્લાં ત્રણ વર્ષમાં પ્રશાસને ૫.૨૪ લાખ મેટ્રિક ટન ગ્રેન્યુલર સબ-બેઝ (જીએસબી), કપચી, પથ્થરની ધૂળ, ડામર અને અન્ય બાંધકામ મટીરિયલની ખરીદી પાછળ ૬૬ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા. આ સમયગાળામાં રસ્તા રિપેરિંગ પ્રોજેક્ટ્સ માટે કોન્ટ્રાક્ટરોને વધારાના ૧૧ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા. ■

# ગુજરાત ભાજપમાં નવાજૂનીનાં એંધાણઃ તમામ ધારાસભ્યોને કમલમનું તેડું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીમાં કોઈ નવાજૂનીનાં એંધાણ છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા તમામ ધારાસભ્યોને કમલમમાં બોલાવવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ગુજરાત ભાજપમાં નવા પ્રદેશ પ્રમુખની વરણીનો ધમધમાટ શરૂ થઈ શકે છે. તમામ ધારાસભ્યોને ફરજિયાતપણે કમલમ ખાતે હાજર રહેવા માટે કહેવામાં આવ્યું છે. જો કે, બેઠક અંગે કોઈ જાહેરાત કરવામાં આવી નથી.

મળતી વિગત પ્રમાણે, શુક્રવારે પક્ષના તમામ ધારાસભ્યોને કમલમમાં બોલાવવામાં આવ્યા છે. આ દરમિયાન ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ પણ ઉપસ્થિત રહેશે. આગામી શનિ-રવિ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અમદાવાદમાં આવી રહ્યા છે. એટલું જ નહીં પરંતુ ૨૪મી ઓગસ્ટની આસપાસ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ મહિનામાં જે પાર્ટીના બે દિગ્ગજ નેતા ગુજરાતની મુલાકાત લઈ રહ્યા છે. આ મુલાકાતમાં કેટલાક મહત્ત્વના નિર્ણયો લેવાશે તેવું સૂત્રોએ જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા મુજબ, ગુજરાતમાં નવા પ્રદેશ પ્રમુખની ચૂંટણી થવાની છે. સીઆર પાટીલનો કાર્યકાળ પૂર્ણ થયો છે જેથી નવા પ્રમુખમાં કોનું નામ પસંદ કરવામાં આવશે તે પણ એક પ્રશ્ન છે તેવામાં સ્વાભાવિક છે કે, આ અંગે ચર્ચા થઈ શકે છે. નવા ગુજરાતમાં નવા પ્રદેશ પ્રમુખ બન્યા બાદ મુખ્ય પ્રધાન પોતાના પ્રધાન મંડળનું વિસ્તરણ પણ કરી શકે છે. જેથી આ તમામ મુદ્દાઓ અંગે આ બેઠકમાં ચર્ચા થઈ શકે છે. ■

# ઉત્તરાખંડમાં ગુજરાતના ૧૪૧ પ્રવાસીને પરત લાવવા સરકાર પ્રયત્નશીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લામાં મંગળવારે વરસેલા ભારે વરસાદ પછી ખીર ગંગા નદીમાં અચાનક આવેલા પૂરના કારણે ધારેલી શહેરમાં સર્જાયેલી પૂરની સ્થિતિ અંગે માહિતી આપતા પ્રવક્તા પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના પાટણ, બનાસકાંઠા, અમદાવાદ, ભાવનગર અને વડોદરાના પ્રવાસીઓ ત્યાં હોવાની માહિતી રાજ્ય સરકારને મળી હતી.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની સૂચનાને પગલે રાજ્ય સરકારના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના અધિકારીઓ ઉત્તરાખંડના એસ.સી.ઓ.સી.ના અધિકારીઓ સાથે સંપર્કમાં રહીને ગુજરાતના ૧૪૧ પ્રવાસીને પરત લાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

વધુમાં પ્રવક્તા પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું કે, હાલની ખરાબ વાતાવરણની પરિસ્થિતિને ધ્યાને રાખીને આ પ્રવાસીઓનો એરલિફ્ટ પોસિબલ ન હોવાનું ત્યાંની સરકારે જણાવ્યું છે. તમામ પ્રવાસીઓ સુરક્ષિત છે, જેમને મેડિકલ આસિસ્ટન્ટની જરૂર પડી છે તેમને તમામ પ્રકારની મેડિકલ સારવાર સહાય પૂરી પાડવામાં આવી રહી હોવાનું ઉત્તરાખંડ સરકારે જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું કે, રાજ્ય સરકાર ગુજરાતથી ઉતરાખંડના ઉત્તર કાશી જગ્યામાં ફસાયેલા પ્રત્યેક નાગરિકને બચાવવા માટે પ્રયત્નશીલ અને કટિબદ્ધ છે.

રાજ્ય સરકાર સતત ઉત્તરાખંડ સરકારના સતત સંપર્કમાં રહીને વહેલી તકે તમામ ગુજરાતના પ્રવાસીઓનો રેસ્ક્યૂ કરી લેવામાં આવશે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું. પાટણ (હારિજ)ના પ્રવાસીઓ માટે ટૂર ઓપરેટર સાથે વાત કરવામાં આવી હતી અને ટૂર ઓપરેટરે જણાવ્યું કે બધા યાત્રાળુઓ સુરક્ષિત છે.

અમદાવાદના ૯૯ યાત્રાળુઓ મંદાકિની ગેસ્ટ હાઉસમાં સુરક્ષિત છે તેમ જ ઉત્તરકાશીએ નજીકના તબીબી કેન્દ્રમાંથી તબીબી સહાય માટે ચાર યાત્રાળુનો સંપર્ક કરવામાં આવ્યો છે, જ્યારે બનાસકાંઠા જિલ્લાના ભાભર તાલુકાના ૧૦ યાત્રાળુ સુરક્ષિત હોવાનું ડીઈઓસી બનાસકાંઠાએ જણાવ્યું છે. ભાવનગર ૧૫ યાત્રાળુ ધારાલીથી ૩૦ કિમી દૂર અને વડોદરાના પાંચ યાત્રાળુ આર્મી કેમ્પ ગંગોત્રીમાં સુરક્ષિત છે. વહીવટીતંત્રે યાત્રાળુઓ અને ત્યાંના નાગરિકોને સહયોગ આપવા માટે અપીલ કરી હતી. ■

# ૧૧ ઓગસ્ટથી જ બોટ માટે ડીઝલ વિતરણ શરૂ કરાશે

## ગુજરાતના માછીમારોના હિતમાં વધુ એક મહત્ત્વપૂર્ણ નિર્ણય

અમદાવાદઃ માછીમાર સંગઠનો દ્વારા રાજ્ય સરકારને કરવામાં આવેલી રજૂઆતને હકારાત્મક વાચા આપતા મત્સ્યોદ્યોગ પ્રધાન રાઘવજી પટેલના માર્ગદર્શન હેઠળ વધુ એક માછીમાર હિતલક્ષી મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો હતો. ૧૬ ઓગસ્ટથી રાજ્યમાં શરૂ થઇ રહેલી નવી માછીમારી સિઝન માટે માછીમાર ભાઈઓને બોટ માટે ડીઝલ વિતરણ ૧૧ ઓગસ્ટથી જ શરૂ કરી દેવામાં આવશે.

આ સંદર્ભે મત્સ્યોદ્યોગ પ્રધાન રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા પરિપત્રિત કરાયા મુજબ આગામી તા. ૧૬ ઓગસ્ટથી નવી માછીમારી સિઝન શરૂ થવા જઈ રહી છે. માછીમારી માટે જતા માછીમાર ભાઈઓની બોટ માટે સિઝન શરૂ થાય ત્યારથી રાજ્ય સરકાર દ્વારા ડીઝલ વિતરણ કરવામાં આવે છે. સિઝન શરૂ થવાના દિવસે જ ડીઝલ વિતરણ થતા બંદરો પર બોટનો ટ્રાફિક સર્જાય છે અને માછીમારોને વિવિધ અગવડતાઓ થાય છે. જેથી સિઝન શરૂ થાય તે આગાઉ જ ડીઝલ વિતરણ માટેની પરવાનગી આપવા ગુજરાતના જુદા-જુદા વિસ્તારોમાંથી અનેક માછીમાર આગેવાનો અને સંગઠનો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

માછીમાર આગેવાનો અને સંગઠનોની આ રજૂઆત રાજ્ય સરકારને યોગ્ય જણાઈ આવતા, તાત્કાલિક ધોરણે આ મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. ■

# બનાસકાંઠામાં ઓનર કિલિંગઃ પ્રેમસંબંધથી નારાજ પિતા અને કાકાએ જ દીકરીની હત્યા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લામાં ઓનર કિલિંગની ચોંકાવનારી ઘટના સામે આવી હતી, જ્યાં પુત્રીના પ્રેમસંબંધથી નારાજ થયેલા પિતાએ તેના દીકરાઓ સાથે મળીને પુત્રીની હત્યા કરી હતી. વળી પુરાવાઓ હાથ લાગે નહીં તેના માટે બન્ને આરોપીએ દીકરીની હત્યા કર્યા બાદ રાતના અંધારામાં જ અંતિમસંસ્કાર કરી દીધા હતા. જો કે આ યુવતીના પ્રેમીએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસ પ્રશાસન પણ હરકતમાં આવ્યું હતું.

આ હત્યા અંગે થરાદ પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવેલી ફરિયાદ અનુસાર થરાદના દાંતિયા ગામના સેંધાભાઈ ચૌધરીની દીકરી ચંદ્રિકા પાલનપુરની એક હોસ્ટેલમાં રહેતી હતી અને નીટની પરીક્ષાની તૈયારી કરતી હતી. આ દરમિયાન તે હરેશ ચૌધરી નામના યુવક સાથે સંપર્કમાં આવી હતી. બન્ને વચ્ચેની મિત્રતા પ્રેમસંબંધમાં પરિણમી હતી અને બન્નેએ લગ્ન કરવાનું નક્કી કર્યું હતું.

જો કે આ દરમિયાન ૪ મેના રોજ યુવતીના પરિવારમાં લગ્નપ્રસંગ હોવાથી તે પાલનપુરથી ગામડે આવી હતી. જો કે પ્રસંગ બાદ પરિવારે યુવતીને પાલનપુર જવાની તેમજ ભણવાની ચોખ્ખી મનાઈ કરી હતી. આ વાત અંગેની જાણ યુવતીએ સોશિયલ મીડિયાના માધ્યમથી તેના પ્રેમી હરેશ ચૌધરીને કરી હતી.

યુવતીએ તેના પ્રેમીને કહ્યું હતું કે મારા પરિવારના લોકો મને ભણવાની ના પાડે છે અને આપણા પ્રેમસંબંધની વાતની જો પરિવારજનોને ખ્યાલ આવશે તો બળજબરીથી મારા લગ્ન કરાવી દેશે અને મારો મોબાઇલ પણ જપ્ત કરી લેશે, જેથી તું મને અહીંથી લઇ જા.

ત્યાર બાદ ૪ જૂનના રોજ હરેશ તેની પ્રેમિકા ચંદ્રિકાને લઇને અમદાવાદ ગયો હતો અને જ્યાં બંનેએ મૈત્રીકરાર કર્યા હતા. બાદમાં બંને ફરવા માટે મધ્ય પ્રદેશ અને બાદમાં રાજસ્થાન ગયા હતા. ચંદ્રિકાના પરિવાર દ્વારા થરાદ પોલીસ સ્ટેશનમાં તેના ગુમ થયાની અરજી કરવામાં આવી હતી. આથી થરાદ પોલીસ બંનેની શોધખોળ કરી રહી હતી. આ દરમિયાન પોલીસે બંનેને રાજસ્થાનથી શોધી તેના પરિવારને સોંપી હતી. જ્યારે યુવક હરેશની તેના અગાઉ નોંધાયેલા મારામારી અને પ્રોહિબિશનના ગુનામાં ધરપકડ કરી હતી.

જામીન મંજૂર થયા બાદ હરેશ જ્યારે જેલ બહાર આવ્યો ત્યારે તેના સોશ્યલ મીડિયા અકાઉન્ટ લોગઇન કરતા પ્રેમિકા ચંદ્રિકાના કોલ્સ અને મેસેજ આવેલા હતા. જેમાં તેણે લખ્યું હતું કે- આ પોલીસવાળાઓએ મારી સાથે દગો કર્યો છે. તું આવીને મને લઇ જા નહીં તો મારો પરિવાર મારા બળજબરીથી લગ્ન કરાવી દેશે, જો હું લગ્નની વાત નહીં માનું તો મારા પરિવારવાળા મને મારી નાંખશે, તું મને બચાવી લે...પ્લીઝ

ત્યાર બાદ યુવકે વકીલની સલાહ લઈને ગુજરાત હાઇ કોર્ટમાં હેબિયર્સ કોપર્સ દાખલ કરી હતી, જેથી હાઇ કોર્ટે ચંદ્રિકાને તારીખ ૨૭મી જૂને કોર્ટમાં હાજર કરવા થરાદ પોલીસને જાણ કરી હતી. જોકે, ચંદ્રિકા હાઇ કોર્ટમાં હાજર થાય એ પહેલાં જ તારીખ ૨૪મી જૂનના રાત્રે ચંદ્રિકાના પિતા સેંધાભાઇ ચૌધરી અને તેના કાકા શિવરામ ચૌધરીએ ચંદ્રિકાની હત્યા કરી દીધી હતી.

દીકરીની હત્યા બાદ બંને આરોપીએ મળીને કોઇને જાણ કરી નહોતી કે પોસ્ટમોર્ટમ પણ કરાવ્યું નહોતું. અને કોઈને જાણ થાય તે પહેલા જ રાતોરાત અંતિમસંસ્કાર કરી દેવામાં આવ્યા હતા. વળી બીજી તરફ ચંદ્રિકાએ આત્મહત્યા કરી હોવાની વાતને ઉડાડી હતી. જો કે બીજી તરફ ચંદ્રિકાના પ્રેમી હરેશને આ બનાવ પાછળ શંકા હોવાથી તેણે આ અંગે નિષ્પક્ષ તપાસ થાય તે માટે બનાસકાંઠા એસ. પી.થી લઇને ઉચ્ચકક્ષાના અધિકારીઓ સુધી અરજી કરી હતી.

જેને લઈને થરાદ ડીવાયએસપીની તપાસમાં તેમ જ બાદમાં દાંતા ડિવિઝનના ડીવાયએસપીએ કરેલી તપાસમાં ચંદ્રિકાનું મોત કુદરતી કે આત્મહત્યા નહીં પણ તેના પિતા અને સગા કાકાએ જ તેની હત્યા કરી હોવાનું સામે આવ્યું હતું. તેમજ આ અંગે હરેશે નોંધાવેલી ફરિયાદના આધારે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# ટ્રાફિક નિયમોના પાલન કરવા મુદ્દે તંત્રની ઉદાસીનતા, હાઈ કોર્ટે ફટકાર લગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઇ કોર્ટે ટ્રાફિકના નિયમોનો અમલ કરવામાં નરમાઈ દાખવવા બદલ શહેરના સત્તાવાળાઓની આકરી ટીકા કરી હતી. કોર્ટે અવલોકન કર્યું હતું કે, જ્યારે મામલો કોર્ટ સમક્ષ આવે છે ત્યારે જ અધિકારીઓ ઊંઘમાંથી ત્યારે જ જાગે છે અને રોંગ સાઇડ ડ્રાઇવિંગ, ગેરકાયદે પાર્કિંગ અને રોડ પરના અતિક્રમણોને અટકાવવાના અગાઉના આદેશોનો અમલ કરવા માટે માત્ર ન્યાયતંત્રના દબાણ હેઠળ જ પગલાં લે છે.

ખંડપીઠે ભારપૂર્વક જણાવ્યું હતું કે કોર્ટના નિર્દેશોનું પાલન સુનિશ્ચિત કરવા માટે ટ્રાફિક ઉલ્લંઘન સામેની વર્તમાન કાર્યવાહી નિયમિત રીતે-છૂટાછવાયા નહીં પણ સતત ચાલુ રાખવી જોઈએ. આ ટિપ્પણીઓ એડવોકેટ અમિત પંચાલ દ્વારા દાખલ કરવામાં આવેલી અવમાનના અરજીની સુનાવણી દરમિયાન કરવામાં આવી હતી. આ અરજીમાં ટ્રાફિક જામ, ગેરકાયદે પાર્કિંગ, રોંગ સાઇડ ડ્રાઇવિંગ અને રખડતા ઢોરના ત્રાસ જેવા સતત ચાલુ રહેલા મુદ્દાઓ પર ધ્યાન દોરવામાં આવ્યું હતું.

સરકારી વકીલે કોર્ટમાં જણાવ્યું કે, સત્તાવાળાઓએ અમદાવાદના સાત ઝોનમાં મુખ્ય રસ્તાઓની ઓળખ કરી છે અને ગેરકાયદે પાર્ક કરેલા વાહનો સામે કાર્યવાહી શરૂ કરી છે. દબાણ હટાવવાની ઝુંબેશ ચાલી રહી છે. તેમણે કોર્ટને ખાતરી આપી કે રોંગ સાઇડમાં વાહન ચલાવનારા ગુનેગારોને દંડ મળે તે સુનિશ્ચિત કરવા માટે આ પ્રયાસો વધુ સઘન રીતે ચાલુ રહેશે.

ખંડપીઠે એમ પણ કહ્યું હતું કે અમને જાણવા મળ્યું છે કે સિત્તેર આદેશો પહેલેથી જ પસાર થઈ ચૂક્યા છે, અને આ આદેશ માત્ર તે વધતી જતી ફાઇલમાં ઉમેરો કરે છે. ■

# 'ભારતમાલા' પ્રોજેક્ટ સામે બનાસકાંઠાના ખેડૂતોનો ઉગ્ર વિરોધઃ ઓછું વળતર મળતાં આંદોલનની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લામાં કેન્દ્ર સરકારના ડ્રીમ પ્રોજેક્ટ ભારત માલા એક્સપ્રેસ હાઈવે સામે ખેડૂતોએ વિરોધ શરૂ કર્યો હતો. કાંકરેજ, દિયોદર, લાખણી અને થરાદ તાલુકાના ખેડૂતોએ જમીન સંપાદનમાં ઓછું વળતર મળવાના આક્ષેપ સાથે સરકાર સામે મોરચો માંડ્યો હતો. પાલનપુરમાં ચારેય તાલુકાના ખેડૂતો એકઠા થયા હતા. ચડોતર ગામ નજીકથી રેલી સ્વરૂપે કલેક્ટર કચેરી સુધી પહોંચી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી પૂરતું વળતર આપવાની માગ કરી હતી. ખેડૂતોએ ચેતવણી આપી છે કે જો ટૂંક સમયમાં પૂરતું વળતર નહીં મળે તો ગાંધીનગર સુધી કૂચ કરી આંદોલન કરશે.

થરાદથી અમદાવાદ વચ્ચે ભારત માલા હાઇવેની કામગીરી શરૂ થઈ છે. ખેડૂતોનો આક્ષેપ છે કે તેમને પ્રતિ ચોરસ મીટરે માત્ર ૨૦થી ૨૨ રૂપિયાનો ભાવ મળી રહ્યો છે, જ્યારે તેમની નજીકની એનએ કરેલી જમીન માટે બિલ્ડરો અને વેપારીઓને પ્રતિ ચોરસ મીટરે ૪૦૦૦થી ૪૫૦૦ રૂપિયા મળી રહ્યા છે. આ ભેદભાવથી ખેડૂતોમાં રોષ ભભૂકી ઊઠ્યો હતો.

આ હાઈવે માટે ખેડૂતોની કુલ ૧૫૦૦ વીઘા જમીન સંપાદન થાય છે, જેમાં તેમને વિઘા દીઠ માત્ર ૨થી ૫ લાખ સુધીનું વળતર આપવાની વાત છે. બીજી તરફ, વેપારીઓ અને બિલ્ડરોની ૭૦ વીઘા એનએ કરેલી જમીન માટે વિઘા દીઠ ચાર કરોડ જેટલું વળતર આપવાની ચર્ચા છે. આમ, ખેડૂતોની ૧૫૦૦ વીઘા જમીનનો ભાવ ૫૦ કરોડ થાય છે, જ્યારે માત્ર ૭૦ વીઘા વેપારી-બિલ્ડરોની જમીન માટે ૩૫૦ કરોડ ચૂકવવાની વાત છે. ખેડૂતોનું કહેવું છે કે, સરકાર ખેડૂતોની અને એન.એ. કરેલી જમીનના ભાવમાં મોટો તફાવત રાખ્યો છે.

બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોરે કેન્દ્રીય પ્રધાન નિતિન ગડકરીને પત્ર લખીને ખેડૂતોને પૂરતું વળતર આપવાની માગ કરી હતી અને સાથે ભારતીય જનતા પાર્ટીને ભ્રષ્ટચારની પાર્ટી ગણાવીને જણાવ્યું કે, આ ચારેય તાલુકાની જમીન જાહેરનામા પહેલાં મોટા-મોટા બિલ્ડરો અને ભાજપના નેતાઓએ ખેડૂતો સાથે છેતરપિંડી કરી છે. અમારી પાસે તમામ પ્રકારના લિસ્ટ છે, જો સરકાર આમાં ધ્યાન નહીં આપે તો અમે આનો વિરોધ કરીશું અને ઉગ્ર આંદોલન કરીશું. ■

## સંસ્થા સમાચાર

### શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ વરિષ્ઠ નાગરિક કેન્દ્રના ઉપક્રમે મંગળવાર, તા. ૨૨-૭-૨૦૨૫ના રોજ મુંબઈ પોલીસ સાઈબર સેલના સહયોગથી હાલમાં વધી રહેલા સાઈબર ક્રાઈમ કેવી રીતે થાય છે અને એનાથી બચવા શું કરવું જોઈએ તે વિશે માર્ગદર્શક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વર્તમાન સમયમાં મોબાઈલ દ્વારા ઓનલાઈન બૅન્કિંગ અને અન્ય સોશ્યલ મીડિયા થકી થતા સાઈબર ક્રાઈમના કારણે લોકો ખૂબ ફસાતા હોય છે. આનાથી બચવા માટે મુંબઈ પોલીસ સાઈબર ક્રાઈમ, સાઈબર સેલના પોલીસ અધિકારી બાવસ્કર સાહેબે ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમથી શ્રોતાઓને ખૂબ જ ઉપયોગી માહિતી આપી હતી, જેનો અનેક શ્રોતાઓએ લાભ લીધો હતો. કાર્યક્રમના અંતે પ્રશ્નોતરી પણ રાખવામાં આવેલ હતી. કાર્યક્રમનું આયોજન સમાજના પ્રમુખ જ્યોતિન્દ્રભાઈ દવેએ કર્યું હતું. ■

# ગોવંડીમાં બાળક વેચવાનો પ્રયાસ: માતા-પિતા સહિત ચારની ધરપકડ

મુંબઈ: બાળક વેચવાના રૅકેટનો પર્દાફાશ કરી ગોવંડીની શિવાજી નગર પોલીસે છ દિવસના બાળકને છોડાવ્યો હતો. પોલીસે બાળકનાં માતા-પિતા સહિત ચારની ધરપકડ કરી હતી.

ગોવંડીમાં વડીલો દ્વારા જ બાળક વેચવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાની માહિતી પોલીસને મળી હતી. માહિતીને આધારે શિવાજી નગર પોલીસે બુધવારની રાતે છટકું ગોઠવ્યું હતું. બાળકના બદલામાં ૪.૫૦ લાખ રૂપિયા સ્વીકારનારી બે મહિલાને પોલીસે રંગેહાથ પકડી પાડી હતી. ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ નાઝીમા શેખ ઉર્ફે નસરીન, ફાતિમા મહેબૂબઅલી અને બાળકના વડીલો ઈરફાન ખાન અને સુમૈયા ખાન તરીકે થઈ હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઈરફાન અને સુમૈયાએ તેમના છ દિવસના બાળકને વેચવાનો પ્રયાસ કર્યો હતો. આ માટે એક લાખ રૂપિયા એડ્વાન્સમાં લેવામાં આવ્યા હતા, એવું પ્રાથમિક તપાસમાં જણાયું હતું. આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૪૩(૩) હેઠળ ચાર જણ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. ■

# ડોમ્બિવલીમાં રાજકારણીના પુત્રની હત્યાના કેસમાં ત્રણ આરોપીને જનમટીપ: ૧૦ નિર્દોષ

થાણે: ડોમ્બિવલીમાં ગ્રામપંચાયતની કચેરીમાં ઘૂસીને ગોળીબાર કરી અને તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી એનસીપી (એસપી)ના સ્થાનિક પદાધિકારી વંડાર પાટીલના પુત્ર વિજય પાટીલની હત્યાના કેસમાં ૧૮ વર્ષે સેશન્સ કોર્ટે ત્રણ આરોપીને આજીવન કારાવાસની સજા ફટકારી હતી. જોકે આ કેસમાં પુરાવાને અભાવે શિવસેનાના ભૂતપૂર્વ નગરસેવક મહેશ પાટીલ સહિત ૧૦ને નિર્દોષ છોડવામાં આવ્યા હતા.

કલ્યાણના એડિશનલ સેશન્સ જજ પી. આર. અષ્ટુરકરે આરોપી વિજય બાબુરાવ બાકાડે (૪૨), સુનીલ રામચંદ્ર ભોઈર (૫૪) અને સાજિદ હમીન શેખ (૪૦)ને કસૂરવાર ઠેરવ્યા હતા. તપાસકર્તા પક્ષ ત્રણેય વિરુદ્ધના આરોપ પુરવાર કરવામાં સફળ રહ્યો હોવાની નોંધ કરી કોર્ટે તેમને જનમટીપની સજા સંભળાવી હતી.

કોર્ટે આદેશમાં નોંધ્યું હતું કે શિવસેનાના નેતા મહેશ પાટીલ સહિત ૧૦ જણ સામેના આરોપ પુરવાર થતા નથી. પરિણામે શંકાનો લાભ આપી તેમને નિર્દોષ જાહેર કરાયા હતા.

એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટરે આરોપીઓને કડક સજા આપવાની વિનંતી કોર્ટમાં કરી હતી. ખટલા દરમિયાન માનપાડા પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ એ. આર. ગોગરકરે કોર્ટમાં તપાસકર્તા પક્ષને સહાય કરી હતી. આરોપ પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષના ૨૪ જેટલા સાક્ષી તપાસવામાં આવ્યા હતા.

તપાસકર્તા પક્ષે કોર્ટમાં જણાવ્યું હતું કે ઘટના ૧૦ એપ્રિલ, ૨૦૦૭ના રોજ ડોમ્બિવલીના ગોળવલી ગામમાં બની હતી. ગ્રામપંચાયતની ઑફિસમાં ઘૂસીને આરોપીઓએ વિજય પાટીલ પર ગોળીબાર કર્યો હતો. એ સિવાય ચોપર અને તલવારથી પણ હુમલો કરાયો હતો. આ ઘટનામાં પાટીલનું મૃત્યુ થયું હતું, જ્યારે મધ્યસ્થી કરવાના પ્રયાસમાં સુબોધ જગતાપ જખમી થયો હતો. આ પ્રકરણે માનપાડા પોલીસે ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો અને આર્મ્સ ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

કહેવાય છે કે ૨૦૦૬માં ગોળવલી ગામમાં જ બાળુ ભોઈરની થયેલી હત્યાનું વેર વાળવાને ઇરાદે પાટીલ પર હુમલો થયો હતો. ભોઈરની હત્યામાં પાટીલ અને તેના સાથીઓનાં નામ ઊછળ્યાં હતાં. ■

## શિંદેના વધુ એક પ્રધાન વિવાદમાં

# રેપિડો સામે સ્ટંટ કરીને સ્પોન્સરશિપ મેળવી: વિપક્ષનો આરોપ

મુંબઈ: નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને મળીને મહાયુતિમાં તણાવ ઓછો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, ત્યારે શિંદે સેનાના વધુ એક પ્રધાન મુશ્કેલીમાં મુકાતા જોવા મળી રહ્યા છે. એવું કહેવાય છે કે શિંદે સેનાના એક પછી એક પ્રધાનો વિવાદમાં સપડાતા હોવાથી મહાયુતિમાં તણાવ ઉભો થયો છે. આ કારણે, એકનાથ શિંદે વારંવાર દિલ્હીના ચક્કર કાપી રહ્યા છે. આ બધા વચ્ચે તેમના પ્રધાનનો 'પ્રતાપ' ફરી સામે આવ્યો છે. પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈક પર સ્ટંટ કરીને રેપિડોની સ્પોન્સરશિપ મેળવવાનો આરોપ લાગી રહ્યો છે. બીજી તરફ પરિવહન પ્રધાનની કચેરી દ્વારા એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે વાસ્તવમાં જે સ્પર્ધા માટે સ્પોન્સરશીપ મેળવવાનો આરોપ કરવામાં આવ્યો છે તે સ્પર્ધા સાથે રેપિડો સામેની કાર્યવાહી પહેલેથી જ સંકળાયેલી છે અને તે સંકળાયેલી હોવા છતાં તેમના ખોટા કામ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે.

કોંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવારે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ કરી હતી કે, પરિવહન પ્રધાને મહારાષ્ટ્ર સરકારને તેમના કાર્યક્રમ માટે પૈસા કેવી રીતે એકત્ર કરવા તેનો ડેમો બતાવવા બદલ અભિનંદન આપવા જોઈએ. પહેલા તેમણે ખાનગી એપ પરથી બાઇક બુક કરાવી, પછી તેમણે ગરીબ બાઇકરને પકડવો પડ્યો, સ્ટંટ કરવો પડ્યો કે એપ પરથી બાઇક ચલાવવી ગેરકાયદે છે, તેનો વીડિયો બનાવવો પડ્યો અને પરિવહન પ્રધાન કેટલા સ્માર્ટ અને સતર્ક છે તે બતાવવા માટે પીઆર કરવું પડ્યું, પોતાની છબી બનાવવી પડી અને પછી તેમણે મુશ્કેલીમાં મુકાયેલી આ ખાનગી એપ માલિકો પાસેથી પુત્રની ઇવેન્ટ માટે ભંડોળ મેળવી લીધું, કેવો સરસ વિચાર, પ્રતાપી પ્રધાને આદર્શ સ્થાપિત કર્યો કે મહારાષ્ટ્રની તિજોરી મુશ્કેલીમાં હોય ત્યારે ભંડોળ કેવી રીતે એકઠું કરવું.

કાર્યક્રમ માટે નાણાં એકઠાં કરવા માટે પ્રધાનોએ શું કરવું પડશે? રાજ્યની નાણાકીય પરિસ્થિતિને જોતાં, એવું લાગે છે કે વિવિધ વિભાગોના પ્રધાનોએ પણ આગામી દિવસોમાં આવા જ સ્ટંટ કરવા પડશે, એમ વડેટ્ટીવારે જણાવ્યું હતું.

આના પર પરિવહન ખાતા દ્વારા એવી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે કોઈપણ રમતમાં રાજકારણ લાવવું યોગ્ય નથી. પૂર્વેશ પ્રતાપ સરનાઈક ત્રણ વર્ષથી પ્રો-ગોવિંદા લીગનું આયોજન કરી રહ્યા છે, જે એક સાહસિક રમત સ્પર્ધા છે જે મહારાષ્ટ્રીયન સંસ્કૃતિનું ગૌરવ છે. આ વર્ષે, જ્યારે આ સ્પર્ધા ૨૬ મેથી શરૂ થઈ, ત્યારે આ સ્પર્ધાની ૨૦-૨૫ પ્રાયોજક સંસ્થાઓમાંથી, એક રેપિડો પણ પ્રાયોજક છે, આ હકીકતને નકારી શકાય નહીં.

જોકે, ચોમાસુ સત્રમાં જનપ્રતિનિધિએ તેમના પુત્રના એક કાર્યક્રમને સ્પોન્સર કરતી રેપિડોની અનધિકૃત એપ સેવા અંગે શંકા વ્યક્ત કર્યા પછી, કર્તવ્યનિષ્ઠ પ્રધાન પ્રતાપ સરનાઈકે તાત્કાલિક આ સંસ્થા સામે કાર્યવાહી કરી.

આ કાર્યવાહી ફક્ત એક ડ્રાઇવર સામે નહીં પરંતુ તે સંસ્થાના ઉચ્ચ અધિકારીઓ સામે કરવામાં આવી હતી. તેથી, સંબંધિત સંસ્થા કોને પ્રાયોજિત કરે છે તે અંગે કોઈ ખચકાટ વિના, પ્રતાપ સરનાઈકે પ્રધાન તરીકે નિષ્પક્ષ રીતે તે સંસ્થાના ખોટા કાર્યો સામે કાર્યવાહી કરવાની હિંમત બતાવી હતી. ઉલ્લેખનીય છે કે, પ્રતાપ સરનાઈક પહેલા એવા પરિવહન પ્રધાન છે જેમણે આટલી મોટી સંસ્થા સામે આટલી કડક કાર્યવાહી કરી છે. આ બાબતની ખરેખર પ્રશંસા થાય તેવી અપેક્ષા છે. પરંતુ વિરોધ કરવા ખાતર કેટલાક લોકોએ હકીકતો જોયા-ચકાસ્યા વિના પ્રતાપ સરનાઈકને ખોટી રીતે બદનામ કરવાનો બેશરમ પ્રયાસ કર્યો છે. તે ખૂબ જ ઘૃણાસ્પદ છે.

૨૬ મે, ૨૦૨૫ના રોજ સ્પર્ધા શરૂ થઈ ત્યારથી, રેપિડો સત્તાવાર રીતે પ્રો-ગોવિંદા લીગ સાથે જોડાયેલું હતું. તે પછી, બીજી જુલાઈ, ૨૦૨૫ના રોજ પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે સંબંધિત મામલે જરૂરી કાનૂની કાર્યવાહી કરી. તેથી, કૃપા કરીને રમત પ્રો-ગોવિંદાને રાજકારણ સાથે ન જોડો. એવી અપીલ પરિવહન પ્રધાન સરનાઈકે કરી છે. (પીટીઆઈ) ■

# વીકએન્ડમાં મુંબઈ, થાણેમાં હળવા વરસાદની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: છેલ્લા અનેક દિવસોથી વરસાદ ગાયબ થઈ ગયો છે. વરસાદની ગેરહાજરીમાં મુંબઈગરા ગરમી અને ઉકળાટનો અનુભવ કરી રહ્યા છે ત્યારે વીકએન્ડમાં ગરમીમાં થોડી રાહત મળવાની શક્યતા છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા મુજબ શનિવાર સુધી મુંબઈ સહિત રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદના ઝાપટાં પડવાની શક્યતા છે.

ગુરુવારે સવારના મુંબઈના અનેક વિસ્તારમાં આકાશ કાળુ ડિબાંગ થઈ ગયું હતું અને જોરદાર વરસાદ પડવાનો હોય તેવો માહોલ સર્જાયો હતો. જોકે વરસાદનું હળવું ઝાપટું પડયા બાદ વાતાવરણ ચોખ્ખુ થઈ ગયું હતું. છેલ્લાં અનેક દિવસોથી મુંબઈમાં વાદળિયું વાતાવરણ જોવા મળી રહ્યું છે પણ એકાદ-બે ઝાપટાં પડીને વરસાદ ગાયબ થઈ જતો હોવાથી ગરમીની સાથે જ ભયંકર ઉકળાટનો અનુભવ મુંબઈગરા કરી રહ્યા છે, ત્યારે વીકએન્ડમાં વાતાવરણમાં થોડી ઠંડકનો અનુભવ થવાની શક્યતા છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે આગામી બે-ત્રણ દિવસ શહેરમાં ગાજવીજ સાથે હળવો વરસાદ પડવાની શક્યતા છે. તો મહારાષ્ટ્રના અનેક જિલ્લામાં ભારે વરસાદ ફરી શરૂ થવાની શક્યતા છે. જોકે બુધવારથી ગુરુવાર સવારના ૨૪ કલાક દરમ્યાન સાંતાક્રુઝમાં શૂન્ય મી.મી. તો કોલાબામાં ૧.૨ મી.મી. વરસાદ નોંધાયો હતો.

મુંબઈમાં સામાન્ય રીતે જુલાઈ મહિનો એકદમ ભીનો રહેતો હોય છે. મોસમનો મોટાભાગનો વરસાદ લગભગ જુલાઈમાં પડી જતો હોય છે પણ આ વર્ષે ચોમાસાનું આગમન જલદી એટલે કે મે મહિનામાં જ થઈ ગયું હતું અને બાદમાં જૂન તથા જુલાઈ મહિનામાં ઓછી માત્રામાં વરસાદ પડયો હતો. મોસમનો અત્યાર સુધીમાં કોલાબામાં ૪૨૫ મી.મી. વરસાદની ખાધ રહી હતી તો સાંતાક્રુઝમાં ૨૧૯ મિ.મી. વરસાદની ખાધ રહી છે.

વરસાદ ગાયબ થઈ જવાથી ગરમી વધી ગઈ છે ત્યારે ગુરુવારે સવારના મુંબઈ, થાણે સહિત મુંબઈ મેટ્રોપોલિટન રિજન વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદ પડ્યો હતો. મુંબઈ, થાણેમાં વીકએન્ડમાં હળવા વરસાદની શક્યતા વચ્ચે રાજ્યના મરાઠવાડા, મધ્ય મહારાષ્ટ્ર અને કોંકણ સહિતના અનેક વિસ્તારમાં શનિવાર નવ ઑગસ્ટ સુધી મધ્યમથી ભારે વરસાદ પડવાની શક્યતા છે. હવામાન વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ આ વિસ્તારમાં બે સિસ્ટમ સક્રિય થઈ છે. રાયલસીમા વિસ્તારમાં અપર ઍર સાયક્લોનિક સર્ક્યુલેશન તેમ જ અરબી સમુદ્રના દક્ષિણ ભાગથી દક્ષિણ બંગાળની ખાડીના મધ્ય ભાગ સુધી પૂર્વ-પશ્ચિમ ટર્ફ ફેલાયેલો છે, તેને કારણે ભારે વરસાદ પડવાની શક્યતા છે. જોકે મુંબઈ, થાણે અને પાલઘરને તેની અસર વર્તાવાની નથી, તેથી અહીં છૂટાછવાયા એકાદ-બે ઝાપટાં પડી શકે છે. ■

પાંચમાં પાનાનું ચાલુ

### કામ કરો

સુધી ખાનગી ચર્ચા કરી હતી. એકનાથ શિંદેએ શિવસેના શિંદે જૂથના સાંસદો સાથે અમિત શાહ સાથે પણ ચર્ચા કરી હતી. ત્યારબાદ એકનાથ શિંદેએ કામ શરૂ કરી દીધું છે. જે રીતે પાછા આવતાં વેંત શિંદે કામ પર લાગી ગયા છે તેને જોતાં દિલ્હીમાં અમિત શાહે તેમને ખાસ્સા ખખડાવ્યા હોય એવી શક્યતા જોવાઈ રહી છે. ચોમાસું સત્ર દરમિયાન એકનાથ શિંદેના શિવસેનાના કેટલાક પ્રધાનો વિવાદમાં મુકાયા હતા. આ કારણે વિપક્ષ તરફથી ટીકા થઈ હતી. ખાસ કરીને સંજય શિરસાટ, યોગેશ કદમ, સંજય રાઠોડના અને વિધાનસભ્ય સંજય ગાયકવાડ દ્વારા કરવામાં આવેલી મારપીટને કારણે વાતાવરણ ખૂબ ગરમાયું હતું. આ બધી બાબતોએ આ પ્રધાનોની મુશ્કેલીઓ વધારી દીધી હતી. ત્યારબાદ નાયબ મુખ્ય પ્રધાન શિંદેએ આ બધાને ઠપકો આપ્યો છે. આમ કરતી વખતે, તેઓ અઢી વર્ષ પછી દરેક પ્રધાનના પ્રદર્શનની નોંધ લેશે. તેમણે જે પ્રધાનોનું પ્રદર્શન સારું નથી તેમને ચેતવણી આપી છે.

કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટે ગૃહમાં રમી રમવા અને વિવાદાસ્પદ નિવેદનો આપવા ટેવાયેલા છે. તેમનો કૃષિ વિભાગ દત્તાત્રય ભરણેને સોંપી દેવામાં આવ્યો છે. તેથી જ શિંદેએ શિવસેનાના પ્રધાનોને ઓછું બોલવાની સૂચના આપી છે. આ ઘટના પછી, તેમણે મીડિયામાં ઓછું બોલવાની અને વધુ કામ કરવાની સલાહ આપી છે. એકનાથ શિંદેએ વાક્ચાતુર્ય ધરાવતા પ્રધાનોને એવી સલાહ આપી છે કે તેમણે વિપક્ષના દરેક આરોપનો જવાબ ન આપવો જોઈએ, પરંતુ કામ દ્વારા જવાબ આપવો જોઈએ. આ સાથે, એકનાથ શિંદેએ સ્પષ્ટ ચેતવણી પણ આપી છે કે જે જિલ્લાઓમાં પ્રધાનોને જવાબદારી સોંપવામાં આવી છે ત્યાંની ચૂંટણીમાં અપેક્ષિત પરિણામો જોવા મળવા આવશ્યક છે. આથી પૂરી તાકાત સાથે મેદાનમાં ઉતરીને કામે લાગો. ■

### ગઢચિરોલી

માટે નીકળ્યા હતા. છોકરાઓ એક બ્રિજ નજીક ઊભા હતા ત્યારે બેકાબૂ ટ્રક તેમના પર ધસી ગઈ હતી. ટ્રકે કચડતાં બે સગીરનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં.

જખમીઓને ગઢચિરોલી જિલ્લા સામાન્ય હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં સારવાર દરમિયાન વધુ બે સગીરનાં નિધન થયાં હતાં. અકસ્માતમાં જખમી બે સગીર ક્ષિતિજ મેશ્રામ (૧૬) અને આદિત્ય ખોપરે (૧૬)ની હાલત ગંભીર હોવાથી તેમને વધુ સારવાર માટે હેલિકૉપ્ટરમાં નાગપુરની હૉસ્પિટલમાં ખસેડાયા હતા.

રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ ઘટનાને અત્યંત દુ:ખદ ગણાવી હતી. તેમણે એક્સ પર પોસ્ટ કરી જણાવ્યું હતું કે મૃતકોના પરિવાર માટે હું શોક વ્યક્ત કરું છું. જખમીઓને નાગપુર લઈ જવા માટે ચોપરની વ્યવસ્થા કરવામાં આવી છે. મૃતકોના પરિવારજનોને ચાર લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાય કરાઈ હતી, જ્યારે જખમીઓની સારવારનો પૂરો ખર્ચ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે, એમ પણ તેમણે જણાવ્યું હતું. ■

### ગણેશ ઉત્સવ

નિયમન માટે સ્વયંસેવકોની મદદ લેવા માટે એક ખાસ યોજના તૈયાર કરવામાં આવી રહી છે. આ વખતે પોલીસ અને ગણેશ મંડળો એક ટીમ તરીકે સાથે મળીને ગણેશ ઉત્સવને સલામત શાંતિપૂર્ણ અને વ્યવસ્થિત રીતે ઉજવશે. સમિતિઓએ પણ તમામ સૂચનાઓનું પાલન કરીને પોલીસને સંપૂર્ણ સહયોગ કરવાનું વચન આપ્યું છે. ■

### કબૂતરખાના

ધરાવતા વ્યક્તિઓના જ નહીં, દરેક નાગરિકના બંધારણીય અધિકારોનું રક્ષણ થાય. 'બધા તબીબી અહેવાલો કબૂતરોથી થતા અફર નુકસાન તરફ નિર્દેશ કરે છે. માનવ જીવન ખૂબ જ મહત્વપૂર્ણ છે,' એમ પણ હાઈકોર્ટે કહ્યું હતું.

કોર્ટ આ મુદ્દા પર નિર્ણય લેવા માટે નિષ્ણાત નથી અને તેથી કોઈપણ નિર્ણય લેતા પહેલા વૈજ્ઞાનિક અભ્યાસ કરવાની જરૂર છે, એમ તેમણે જણાવ્યું હતું.

આ મામલાની વધુ સુનાવણી ૧૩ ઓગસ્ટે મુલતવી રાખતા, હાઈકોર્ટે મહારાષ્ટ્રના એડવોકેટ જનરલને હાજર રહેવા કહ્યું, જેથી નિષ્ણાત સમિતિની રચના કરવાનો આદેશ પસાર કરી શકાય.

તેમાં કહેવામાં આવ્યું છે કે તબીબી સામગ્રીનો ભંડાર છે, જેની તપાસ કરવાની જરૂર છે અને કોર્ટ તેની તપાસ કરવા માટે નિષ્ણાત નથી, તેમણે ઉમેર્યું હતું કે નિષ્ણાત સમિતિ નક્કી કરી શકે છે કે બીએમસીનો નિર્ણય સાચો હતો કે નહીં.

'તેથી અમારા મતે, રાજ્ય એક સમિતિની નિમણૂક કરવાનું વિચારી શકે છે કારણ કે તે જાહેર આરોગ્ય અને નાગરિકોના રક્ષક છે,' એમ હાઈકોર્ટે ઉમેર્યું હતું. જો સમિતિનો મત એવો આવે કે બીએમસીનો નિર્ણય સાચો હતો, તો પક્ષીઓ માટે યોગ્ય વિકલ્પ પર વિચાર કરી શકાય છે, એમ પણ તેમણે વધુમાં જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

## પારસી મરણ

બેબી (નામ નથી) તે સનાયા અને પોરસ દીનશા ગોલવાલાની પુત્રી. તે ઝીનોબીયા અને મરહુમ દીનશા દારબશાહ ગોલવાલા તથા ફરીદા અને આદિલ તેહમુલજી અડાજનિયાના ગ્રાન્ડડોટર. તે મરહુમ ખોરશેદ નાદરશાહ સોરાબજી ગઝદર તથા ફેની સાવક સોરાબજી મેસાણિયાની ગ્રેટ ગ્રાન્ડડોટર તે પર્સી દીનશા ગોલવાલાની ભત્રીજી. ઉં. ૧ દિવસ ૨ ઠે. ૧૭/એ, રૂસ્તમબાગ, ત્રીજે માળે, ફ્લેટ નં. ૮, ભાયખલ્લા, મુંબઈ-૨૭.

મેહરંગીઝ શેરીયાર કૈખશરુઝાદે તે મરહુમ શેરીયારના ધણિયાણી. તે મરહુમો ગુલેસતાન જહાંગીર શીશબરાદરન. તે પરીનાઝ ને શેરમીનના માતાજી. તે ઝુબીન ને કૈઝાદના સાસુજી. તે દિનયાર, રોહિનટન, રુહેનગીઝ, ને હોમાયના બહેન. તે વહીસતા, ફીઓના ને ફરદાનના મમઈજી. (ઉં.વ. ૭૫) ર. ઠે. દીનશા બિલ્ડિંગ, ફ્લેટ નં. ૧૧, બીજે માળે, દાદાભાઈ રોડ, વિલેપાર્લે (વે.), મુંબઈ-૪૦૦૦૫૬. ઉઠમણાંની ક્રિયા તા. ૮-૮-૨૦૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગ્યે સાલસેથ અગિયારીમાં છેજી.

મરહુમ બોમી ધનજીશાહ પારડીવાલા (ઉં. વ. ૮૦) રહેવાનું ઠેકાણું શીરીન એપાર્ટમેન્ટ, ૧લે માળે, ફ્લેટ નં. ૧૨, શંકરશેઠ લેન, ભાજીગલી, ગ્રાન્ટરોડ રેલવે સ્ટેશનની સામે, ગ્રાન્ટ રોડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૦૭ જેઓ રાતે ૦૮.૪૧ કલાકે તા. ૨૫-૭-૨૦૨૫ના રોજ ગુજર પામ્યા છે. તેમનું રવાન તા. ૭-૮-૨૦૨૫ના રોજ મુંબઈ ડુંગરવાડી પર લાવવામાં આવ્યું છે અને તેમનું કોઈપણ સગાં-સંબંધી નથી.

જો તેમના કોઈ પણ સગા-સંબંધી કે મિત્ર તેમના રવાનને ઓળખતા હોય તેઓ મુંબઈ ડુંગરવાડી પર +૯૧૮૫૯૧૨ ૪૪૫૨૬ અથવા +૯૧૮૩૬૯૪ ૬૦૩૩૬ પર સંપર્ક કરશો. તો તેમના રવાનને ૪૮ કલાક પછી પારસી રીત રિવાજ મુજબ દોખ્મેનશીન કરવામાં આવશે.

જો કોઈપણ સગાં-સંબંધી કે મિત્ર હોય તો તેઓ મુંબઈ ડુંગરવાડી પર તેમનો આધાર કાર્ડ અને ૨ પાસપોર્ટ સાઈઝના ફોટા લઈ આવશો.

જો તેમના કોઈપણ સગાં-સંબંધી કે મિત્ર નહીં મળશે તો તેમના રવાનને મુંબઈ પારસી પંચાયત હસ્તક લઈ તેમના રવાનને દોખ્મેનશીલ કરવામાં આવશે.

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

સમાઘોઘાના અ.સૌ. અલકા શૈલેષ સાવલા (ઉં. વ. ૫૮) તા. ૪-૮-૨૫ના અવસાન પામેલ છે. પુરબાઇ (પ્રભાબેન) નાનજીના પુત્રવહુ. શૈલેષના ધર્મપત્ની. દિયાના માતુશ્રી. વલસાડના શાંતાબેન વિઠ્ઠલભાઈ બાલુભાઈના પુત્રી. નગીનભાઈ, રતીલાલભાઈ, ઠાકોરભાઈ, લાલજીભાઈ, સવિતાબેન, કુસુમબેન, ભારતીબેનના બેન. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન તથા ત્વચાદાન કરેલ છે. નિ. શૈલેષ નાનજી સાવલા, બી-૯૦૩, પ્રેમ જેફાયર, વી.પી.રોડ, મુલુંડ (વે), મું.૮૦.

રતાડીયા ગ.ના માતુશ્રી શાંતાબેન શામજી વિશનજી છેડાના જમાઈ. ગામ અસલદેના શરદ લક્ષ્મણરાવ અસલદેકર (ઉં. વ. ૭૧) તા. ૫-૮-૨૫ના અવસાન પામેલ છે. સુશીલા લક્ષ્મણરાવના સુપુત્ર. કુસુમના પતિ. સન્ન, કુશલના પિતા. પ્રાર્થના રાખેલ નથી. નિ. કુસુમ અસલદેકર, એ૬૫, કલ્પતરૂ રેડીયન્સ, સિદ્ધાર્થ નગર, ગોરેગાંવ વેસ્ટ, મું ૧૦૪.

શેરડી (હાલે-આકોલા)ના શ્રી કેશવજીભાઈ હરીયા (ઉં. વ. ૮૨) તા. ૨-૮-૨૫ના અવસાન પામેલ છે. સુંદરબેન જેઠાભાઈ હરીયાના સુપુત્ર. કાંતાબેનના પતિ. દિના, દિત્તમ, રવીના પિતા. નાના રતડીયા ગંગાબાઈ રતનશી, મોટા રતડીયા પુષ્પાબેન ભવાનજીના ભાઈ. મોટા રતડીયા ખેતબાઈ જેઠાભાઈના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. રવિ કેશવજી હરીયા, કેશવકાંત, મરાઠા નગર, અકોલા-૪૪૪૦૦૧.

રામાણીઆના ઝવેરચંદ હીરજી રાંભીઆ (ઉં. વ. ૮૩) તા. ૬-૮-૨૫ના અવસાન પામ્યા છે. કેસરબેન હીરજીના પુત્ર. નીલમબેનના પતિ. મોનિલ, પ્રીતિ, ક્રીના, કુંજનના પિતા. એડ.લખમશી, દેવચંદ, વિજય, પત્રી કુસુમ ઠાકરશી, બિદડા તારા શાંતિલાલ, કોડાય નિર્મળા પ્રવીણચંદ્ર, કપાયા ભારતી નવીનચંદ્ર,બિદડા મુક્તા સુરેશના ભાઈ. કુંવરબેન લાલજીના જમાઈ. પ્રા.શ્રી માટુંગા ક.મૂ.શ્વે.જૈન સંઘની નારાણજી શામજી વાડી. ટા.૪થી ૫.૩૦. નિ : ઝવેરચંદ રાંભીયા. ૪૦૨, એસ્પાયર રેસીડન્સી, સ્વામી રાઘવેન્દ્ર રોડ, મુલુંડ (વે), મું - ૮૦.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ સામખીયારીના સ્વ. ભમીબેન હેમરાજ રામજી છાડવાના પુત્રવધૂ. સ્વ. વાઘજીના ધર્મપત્ની સ્વ. ગૌરીબેન (ઉં. વ. ૮૨) મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. વેલજી, નિતીન, મનોજ, શૈલેષ, ભારતી, પુષ્પાના માતુશ્રી. કોમલ, કલ્પના, સંગીતા, રીના, નાનજી દામજી, નવીન જખુના સાસુ. ઉર્મિલ, જેકીન, હેમી, મૈત્રી, વિધી, લબ્ધિ, પ્રિત, ફ્રેયા, ધ્વની, આર્વીના દાદી. હેતલ, રૂચીત, ક્રિશના દાદીજી સાસુ. વાયુના પર દાદી. રિતેશ, નિતેશ, રોનક, ધનવંતીના નાની. ગામ થોરીયારીના મોંઘીબેન દેવજી વિરમ ગડાના સુપુત્રી. પ્રાર્થના સભા: યોગી સભાગૃહ, દાદર (ઈસ્ટ), મુંબઈ. સમય : બપોરે ૩ થી ૪.૩૦.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડીયા હાલે સામખીયારીના ઉગમશી ખેરાજ પુંજા નંદુ (ઉં. વ. ૬૫) તા. ૫.૮.૨૫ મંગળવારના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. માતુશ્રી રમાબેન ખેરાજના સુપુત્ર, મણીબેનના પતિ. મહેશ, શૈલેષ, પારૂલ, જીગ્ના, જીનલ, શીતલના પિતાશ્રી. સ્વ. ક્રિષ્ના, વિનોદ, પ્રેમજી, મનિષાના સસરા. સ્વરાના દાદા. દિપ, તનિષ્ક, મહેક,આર્ચીના નાના. સામખીયારીના સ્વ. લાડુબેન મેકણ સુરા ગડાના જમાઈ. પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૮.૮.૨૦૨૫ના સમય બપોરે ૨.૦૦ થી ૩.૩૦ સ્થળ. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ સંચાલિત શ્રી કરશન લધુભાઈ નિસર હોલ, દાદર-વેસ્ટ.

**દશા શ્રીમાળી જૈન**

કાટકોલા નિવાસી હાલ મુંબઈ ઈન્દિરાબેન અમીભાઈ શાહ (ઉં. વ. ૮૯) બુધવાર, તા. ૬-૮-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. અમીલાલ કેશવલાલ શાહના ધર્મપત્ની. અમિત-સોનલ, ફાલ્ગુની-અતુલભાઈ, હેતલ-જૈનેશભાઈના માતુશ્રી. પ્રિયલ-જીનય, પ્રિયંકા-રાહિલ, કરિશ્મા-દીપ, યશ, નિવાન, ઈવાન, અરિહાના દાદીનાની. સ્વ. કેશવલાલ દયાળજી શાહના પુત્રવધૂ. પિયરપક્ષ: સ્વ. ચુનીલાલ તારાચંદ શેઠના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી ઝાલાવાડી જૈન**

ચોટીલા નિવાસી હાલ વસઈ વિમળાબેન નગીનભાઈ દુર્લભજીભાઈ દોઢીવાળા (શાહ)ના સુપુત્ર અતુલભાઈ (ઉં. વ. ૬૧) તે તા. ૬-૮-૨૫, બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે નયનાબેનના પતિ. ભૂમિ વિરલ શાહ, માનસી રાજેશકુમાર સીરગાવકરના પિતાશ્રી તથા નિલેશભાઈ, દિનાબેન ભાવેશકુમાર જસાણીના મોટાભાઈ. ઝાલીડા (બોટાદ) નિવાસી સ્વ. મંજુલાબેન અંબાલાલ વૃજલાલ મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. વિરલ શાહ, સી-૫૦૧, બ્લુમાઉન્ટ એડીફાઈસ, સન સીટી, વસઈ (વે.)

**કાઠિયાવાડી સ્થાનકવાસી જૈન**

ગોંડલ નિવાસી હાલ ઘાટકોપર ભરતભાઈ ચીમનલાલ મહેતા (ઉં. વ. ૭૧) બુધવાર, તા. ૬-૮-૨૫ના અરિહંતશરણ થયેલ છે. તે દિવ્યાબેનના પતિ. રીમા તથા કૃપાના પિતા. મિલિનભાઈ તથા નિલિનભાઈના સસરા. સ્વ. હંસાબેન, ભારતીબેન, કોકીબેન, સ્વ. રેણુકાબેન, સ્વ. નીતાબેન, હેમાબેનના ભાઈ. સ્વ. શારદાબેન, સ્વ. ચીમનલાલ દીપચંદ શાહના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સ્થાનકવાસી જૈન**

ખાંભા નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. વ્રજકુંવરબેન માધવલાલ બરવાળીયાના પુત્ર સ્વ. હસમુખરાયના ધર્મપત્ની રેખાબેન (ઉં. વ. ૭૩) ૬-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મેહુલ, વૈશાલી પારસ કોઠારી, મિત્તલ સુધીર મહેતાના માતુશ્રી. જીયાના, પાર્શ્વ, અરહમ, હીરના દાદી-નાની. તે સ્વ. શારદાબેન મગનલાલ કોઠારીના પુત્રી. સ્વ. રમેશભાઈ, અશ્વિનભાઈ, સરોજબેન કનૈયાલાલ પારેખ, ભાવનાબેન વિરેશ દેસાઈના બેન. (લૌકિક વ્યવહાર બંધ છે).

**સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

માયાપાદર નિવાસી હાલ દહીંસર સ્વ. કમળાબેન મનસુખલાલ શેઠના પુત્ર પ્રફુલ્લભાઈ (ઉં. વ. ૭૦) ૬-૮-૨૫, બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે હર્ષિદાબેનના પતિ. પારસ, ધર્મીલના પિતા. મિત્તલના સસરા. અનિલભાઈ, ડોલરભાઈ, અશોકભાઈ, શરદભાઈ, સ્વ. સુશીલભાઈ, ગં. સ્વ. ઇલાબેન રમાકાંત ખંઢેરીયા, નિધિબેન નિલેશભાઈ દેસાઈના ભાઈ. જેતપુર નિવાસી સ્વ. રમણીકભાઈ હીરાચંદભાઈ ચિતલીયાના જમાઈ. તેમની પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઘોઘા નિવાસી હાલ ઘાટકોપર પુષ્પાબેન ભુપતરાય રતિલાલ પારેખના પુત્ર અજીતભાઈના ધર્મપત્ની અ. સૌ. ચંદ્રિકાબેન (ઉં. વ. ૭૪) ગુરુવાર, તા. ૭-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે હરેશભાઈ, રાજુલબેન સતિષભાઈ શાહ, ભરતભાઈ, શૈલેષભાઈના ભાભી. તે પ્રવિણાબેન, દિવ્યાબેન, પારૂલબેનના જેઠાણી. પિન્કીબેન રીતેશકુમાર, પાયલબેન નીતિનકુમાર, એકતાબેન રસેશકુમારના માતુશ્રી. તે બાબુલાલ હરજીવનદાસ પારેખ (કુંભણવાળા)ના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## હિન્દુ મરણ

ખોખરીવાળા હાલ કાંદીવલી સ્વ. સોની વિઠ્ઠલદાસ વિશ્રામભાઈ ધકાણના દીકરા પ્રવિણભાઈ (સુખાભાઈ) (ઉં. વ. ૭૯) તે સ્વ. ભાવનાબેનના પતિ. તે અંજુબેન પરેશકુમાર સુરુ તથા સ્વ. અમીબેન જતિનકુમાર થડેશ્વર તથા કોલમબેન ભાવેશકુમાર થડેશ્વરના પિતાશ્રી. સ્વ. શારદાબેન હિંમતલાલ સલ્લાના નાનાભાઈ. નયનાબેન વસંતકુમાર સુરુ, નવનીતભાઈ (મકાભાઈ)ના મોટાભાઈ. સ્વ. પરમાણંદભાઈ તુલસીદાસ સતીકુંવર ડેડાણવાલાના જમાઈ ગુરુવાર, ૭ ઑગસ્ટ ૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૮-૮-૨૫, શુક્રવારે ૫ થી ૬.૩૦. ઠે. સોની વાડી, સિમ્પોલી રોડ, બોરીવલી (વે).

**હાલાઇ લોહાણા**

મુંબઈ નિવાસી, ગં. સ્વ. વિજયાબેન જયંતિલાલ વિઠ્ઠલાણી (ઉં. વ. ૭૮) ૬/૮/૨૫ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. દુર્લભજી જીવાભાઈ ભીમજીયાણી (મલકાપુર)ની દીકરી. રૂપા, સંજય, મુકેશના માતુશ્રી. જયશ્રી, સોનલના સાસુ. મનીષ, ફાલ્ગુની, સાહિલ, ચિરાગના દાદી. પ્રાર્થનાસભા ૮/૮/૨૫ શુક્રવારના ૪ થી ૫:૩૦. કાશી વિશ્વનાથ મંદિર, ૬૬ દાદીશેઠ અગ્યારી લેન, મુંબઈ -૦૨. લૌકીક વ્યવહાર બંધ છે. પિયર પક્ષની પ્રાર્થનાસભા સાથે રાખેલ છે.

**દેવગઢ બારીઆ ભરૂચી દશા નિમા વણિક**

હાલ દહીસર, પ્રવીણચંદ્ર રમણલાલ કડકીઆ (ઉં. વ. ૯૩) તા. ૨.૮.૨૫ શનિવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ.માણેકબેનના પુત્ર. વિલાસબેનના પતિ. સંદીપ, સમીર, તુષાર, સુકેતુ અને રીટા શાહના પિતાશ્રી. અમીતા, રશ્મિ, રૂપલ, રીના, મનોજકુમાર શાહના સસરા. પ્રેક્ષા, સુમિત, કૈરવ, તેજસ, ચિરેન, રૂચિત, અદિતિ, રિતિકના દાદા. રૂચી, સચીના નાના. પ્રાર્થનાસભા તા. ૮.૮.૨૫ શુક્રવારના ૪ થી ૬. વર્ધમાન જૈન સંઘ હોલ,એલ.ટી.રોડ,ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી પશ્ચિમ.

**સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળા બ્રાહ્મણ**

હાલરિયા નિવાસી હાલ બોરીવલી, ગં. સ્વ. મંગળાબેન દવે (ઉં. વ. ૮૯) બુધવાર તા.૬/૮/૨૫ના કૈલાશવાસી થયેલ છે. તે સ્વ.નરભેરામ બી. દવેના ધર્મપત્ની, દિનેશ, ગિરીશના માતુશ્રી. કલ્પનાબેન, સગુણાબેનના સાસુ. પન્નાબેન નવનીતભાઈ મેહતાના મોટામમ્મી. ઝલક, હર્ષલ, સનાફ, સ્નેહા હર્ષ ગાલાના દાદી. પિયરપક્ષે સ્વ. મોરારજી વ્યાસના દીકરી. પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૮/૮/૨૫ના ૫ થી ૭. યુનિક સેરેનીટી પાર્કિંગ નં. ૪, સતરા પાર્કની સામે, કસ્તુર પાર્ક, શિમ્પોલી બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

ગીરગઢડા નિવાસી, ભરતભાઈ રવજીભાઈ પોપટના ધર્મપત્ની ભાવનાબેન (ઉં. વ. ૬૮) તે અલ્પાબેન અમરીશકુમાર, રક્ષાબેન (શીલ્પા) રાજનકુમાર, આરતીબેન અમીતકુમાર, પૂર્વિબેન ચિરાગકુમાર, અંકીતાબેન કીશનકુમાર, હીરલબેન વિવેકકુમાર, રાધુબેન(કુંજલ)ના માતૃશ્રી. શારદાબેન ધિરજલાલ, કમળાબેન કેશવલાલ, ભારતીબેન જમનાદાસ, હંસાબેન નટવરલાલ, કંચનબેન કીરીટકુમાર, અરવિંદભાઈ, યોગેશભાઈ, મનદીપભાઈ, તુષારભાઈ, હીતેશભાઈ, મેહુલભાઈના ભાભી. સ્વ. હરીદાસ મોહનલાલ ઉનડકટ (ભોજદેગીર)ના પુત્રી. તા. ૫/૮/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા પિયરપક્ષની સાદડી તા. ૮/૮/૨૦૨૫ને શુક્રવારે ૪ થી ૬. જલારામ મંદિર, લોહાણા મહાજન વાડી, ગીરગઢડા.

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

ગામ મોટા ધાવડાના હાલે નખત્રાણા, રંજનબેન (ઉં. વ. ૬૨) તે મનોહર ગોપાલજી છાટબારના ધર્મપત્ની તા. ૦૭.૦૮.૨૫ને ગુરૂવાર નખત્રાણા મુકામે રામશરણ પામ્યા છે. તે સ્વ.પુષ્પાબેન પોપટલાલ મચ્છર (ગામ માંડવી વાળા)ના પુત્રી. હર્ષ અને ખુશ્બ હાર્દિક સોઢાગરના માતુશ્રી. મધુકાન્ત અને સરોજ અરવિંદ નિર્મળના ભાભી. પ્રાર્થનાસભા તા. ૮.૮.૨૫ શુક્રવારે ૪.૦૦ થી ૫.૦૦. પાંજીવાડી, કાંજુર વીલેજ રોડ, કાંજુરમાર્ગ પૂર્વ.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ રવાપર હાલ ડોમ્બિવલી દીપકભાઈ (ઉં.વ. ૫૯) તે અ.નિ. ભાગીરથી મોરારજી ચંદનના પુત્ર. દિવ્યાબેનના પતિ. અ.નિ. સાગર, કિન્નરીના પિતા. ગં.સ્વ. પ્રેમિલાબેન રમેશભાઈ ઠક્કરના જમાઈ (પનવેલ) અ.નિ. કમળાબેન, અ.નિ. શારદાબેન, મહાલક્ષ્મીબેન, સીતાબેન, ગં.સ્વ. સંતોષબેન, સાવિત્રીબેન, શીતલબેન, અ.નિ. અરવિંદ, જયેશના ભાઈ. ગં.સ્વ. લક્ષ્મીબેન, જ્યોતિબેનના દિયર. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૮-૮-૨૫ના ૪.૩૦થી ૬.૦૦. શ્રી સ્વામિનારાયણ મંદિર, રાજાજી રોડ, ડોમ્બિવલી (ઈસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**નવગામ વિસા નાગર વણિક**

માણસા નિવાસી હાલ કાંદિવલી સ્વ. મહેન્દ્રભાઈ મોહનલાલ શાહના ધર્મપત્ની ગં. સ્વ. ગીતાબેન (ઉં. વ. ૭૯) તે સ્વ. વિમળાબેન જીવનલાલ મહેતાની પુત્રી. અમિત અને પરાગના માતુશ્રી. ઝુલી અને ભૈરવીના સાસુમા. મિતી. પુરવ, રાહિલ, માહી, નિશાંત અને સમીક્ષાના દાદીમા બુધવાર, તા. ૬-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**વીસા સોરઠિયા વણિક**

ઉપલેટાવાળા હાલ વિરાર સ્વ. રતિલાલ ગુલાબચંદ શાહના ધર્મપત્ની રમાબેન (જમનાબેન) (ઉં. વ. ૮૩) તા. ૫-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે રેખા, રાકેશ, રીટાના માતુશ્રી. હરેન્દ્ર, ઈલા, ભાવેશના સાસુ. પ્રિયાંકના દાદી. મધુર, માનસી, શ્રુતિના નાની. સ્વ. શાંતિલાલ, સ્વ. સોભાગચંદ, મહેન્દ્રભાઈ, સ્વ. કંચનબેન, સ્વ. જયાબેનના ભાભી. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી રાજગોર**

ગામ મસ્કા-કચ્છ હાલે ઘાટકોપર જયેશ મહેતા (શંકરવાલા) (ઉં. વ. ૫૯) તા. ૭-૮-૨૫ના અક્ષરનિવાસી થયેલ છે. તે ગં. સ્વ. રમાબેન કાંતિલાલ દેવજી શંકરવાલાના સુપુત્ર. અ. સૌ. પ્રતિમા જયંતીલાલ વિનોદના નાનાભાઈ. અ. સૌ. જયશ્રી વિનોદના દિયર. હિમાંશુ અને માનસીના કાકા. તે વિપુલ, શીતલ, આશા અને રાહુલના મામા. સ્વ. નાનજી દેવજી, સ્વ. ચંચળબેન જટાશંકરના ભત્રીજા. તે સ્વ. દયારામ પ્રાગજી રંગુનવાળા (કોટડી મહાદેવપુરી)ના દોહિત્ર. તેમની પ્રાર્થનાસભા તા. ૮-૮-૨૫ના ૪ થી ૬. સ્થળ: બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફૂટ રોડ, નેક્સ્ટ ટુ લવંડર બો, ઘાટકોપર (ઈ.).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# કબૂતરખાના બંધ કરવાનો આદેશ અમે આપ્યો જ નથીઃ હાઈ કોર્ટ

**ફક્ત પાલિકાના આદેશ પર સ્ટે મૂકવાનો ઈનકાર કર્યો. લોકોનું આરોગ્ય એટલું જ મહત્ત્વપૂર્ણ.**

મુંબઈઃ બોમ્બે હાઈકોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે તેણે શહેરમાં 'કબૂતરખાના' (કબૂતર ચણ ખવડાવવાના સ્થળો) બંધ કરવાનો કોઈ આદેશ આપ્યો જ નથી, પરંતુ ફક્ત મ્યુનિસિપલ કોર્પોરેશનના કબૂતરખાના બંધ કરવાના આદેશ પર સ્ટે આપવાનો ઇનકાર કર્યો છે.

નિષ્ણાતોની એક સમિતિ અભ્યાસ કરી શકે છે કે શહેરમાં જૂના કબૂતરખાના ચાલુ રાખવા જોઈએ કે નહીં, પરંતુ 'માનવ જીવન સર્વોચ્ચ મહત્વનું છે,' એમ કોર્ટે કહ્યું હતું.

'જો કોઈ વાસ્તુ સિનિયર સિટિઝન્સ અને બાળકોના વ્યાપક આરોગ્યને અસર કરતી હોય, તો તેની તપાસ કરવી જોઈએ. સંતુલન રાખવું જોઈએ,' એમ કોર્ટે કહ્યું હતું.

આ અઠવાડિયાના પ્રારંભે શહેરમાં કબૂતરખાનાઓને ઢાંકતી તાડપત્રી નાખવામાં આવી હતી, જેના કારણે વિરોધ પ્રદર્શનો થયા હતા. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ત્યારે દાવો કર્યો હતો કે હાઈકોર્ટના આદેશને અનુસરીને કબૂતરખાના બંધ કરવામાં આવ્યા હતા.

જસ્ટિસ જી એસ કુલકર્ણી અને આરિફ ડોક્ટરની ખંડપીઠે ગુરુવારે એવી સ્પષ્ટતા કરી કે તેમણે આવો કોઈ આદેશ પસાર કર્યો નથી.

'કબૂતરખાના બંધ કરવાના બીએમસી (બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન)ના નિર્ણયને અમારી સમક્ષ પડકારવામાં આવ્યો હતો. અમે કોઈ આદેશ આપ્યો નથી. અમે ફક્ત કોઈ વચગાળાની રાહત આપી નથી,' એમ હાઈકોર્ટે જણાવ્યું હતું.

ન્યાયાધીશોએ જોકે એ બાબતની પણ નોંધ કરી હતી કે માનવ સ્વાસ્થ્ય ખૂબ જ મહત્વપૂર્ણ અને ચિંતાનો વિષય છે અને તે આ મુદ્દાનો અભ્યાસ કરવા અને સરકારને ભલામણો સુપરત કરવા માટે નિષ્ણાતોની એક સમિતિની નિમણૂક કરવાનું વિચારશે.

'અમે ફક્ત જાહેર આરોગ્યની ચિંતા કરીએ છીએ. આ એવી જાહેર જગ્યાઓ છે જ્યાં હજારો લોકો રહે છે.... ત્યાં સંતુલન હોવું જોઈએ. (કબૂતરોને) ચણ ખવડાવવા માગતા થોડા લોકો છે. હવે સરકારે નિર્ણય લેવાનો છે. આમાં કશું વિરોધાભાસી નથી,' એમ બેન્ચે કહ્યું હતું.

સરકાર અને બીએમસીએ જાણકાર સમિતિ દ્વારા નિર્ણય લેવાનો હતો જેથી ખાતરી કરી શકાય કે ફક્ત થોડા રસ

(જુઓ પાનું ૪) ▶▶

# કામ કરો નહીં તો ઘરે બેસો

## દિલ્હીથી પાછા ફર્યા બાદ એકનાથ શિંદે 'ઍક્શન મોડ'માંઃ

**નાયબ મુખ્ય પ્રધાન દિલ્હીમાં પીએમ નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને મળ્યા હતા. ત્યારબાદ હવે એકનાથ શિંદે એક્શન મોડ પર આવી ગયા છે**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ટૂંક સમયમાં યોજાવાની હોવાથી, તમામ પક્ષો હાલમાં વ્યસ્ત છે. વધુમાં, મહાયુતિ આગામી ચૂંટણીઓ સાથે મળીને લડશે, તેથી તૈયારીઓ હવે વેગ પકડી છે. વધુમાં, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે દિલ્હીમાં પીએમ નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને મળ્યા. ત્યારબાદ હવે એકનાથ શિંદે એક્શન મોડ પર આવી ગયા છે. તેની સાથે, તેમણે શિવસેનાના પ્રધાનોને કામે લાગી જવા સૂચના આપી છે. કોકાટેના કેસ પછી, તેમણે પ્રધાનોને મીડિયા સાથે ઓછી વાત કરવાની અને વધુ કામ કરવાની સલાહ આપી છે. તેની સાથે, તેમણે પોતાની ઉર્જા ભરી દીધી છે કે જે જિલ્લાઓમાં પ્રધાનોને જવાબદારી સોંપવામાં આવી છે ત્યાંની ચૂંટણીઓમાં અપેક્ષિત પરિણામો જોવા મળવા આવશ્યક છે.

એકનાથ શિંદેની બે અઠવાડિયામાં દિલ્હીની બે મુલાકાત ચર્ચામાં આવી છે. તેમની મુલાકાત દરમિયાન એકનાથ શિંદે પહેલા કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. અમિત શાહ અને એકનાથ શિંદેએ લગભગ ૨૫ મિનિટ

(જુઓ પાનું ૪) ▶▶

## પડોશી નહીં, પિશાચ

# ઝઘડાનો બદલો લેવા બહેન સાથે દુષ્કર્મ કરવા સગા ભાઈને ઉશ્કેર્યો

**માતા સાથે વેર વાળવાની પડોશીની વાતમાં ઘણસોલીનો માનસિક રીતે અક્ષમ છોકરો આવી પણ ગયોઃ કુકર્મ કર્યું, વીડિયો ઉતાર્યો અને વાયરલ કર્યો**

થાણેઃ નવી મુંબઈના ઘણસોલી વિસ્તારમાં બનેલી આંચકાજનક ઘટનામાં વેર વાળવાની વૃત્તિથી મહિલાએ પડોશમાં રહેતા ૧૦ વર્ષના છોકરાને તેની છ વર્ષની સગી બહેન સાથે શરમજનક કૃત્ય કરવા ઉશ્કેર્યો હતો. છોકરો માનસિક રીતે અક્ષમ હોવાથી આરોપી મહિલાની સૂચનાને અનુસરી બહેન સાથે કુકર્મ કરી બેઠો હતો અને આ શરમજનક કૃત્યનો વીડિયો ઉતારી મહિલાએ સોશ્યલ મીડિયા પર વાયરલ પણ કર્યો હતો.

ઘણસોલીમાં રહેતી મહિલાની ફરિયાદને આધારે રબાળે પોલીસે મંગળવારે ૪૦ વર્ષની મહિલા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૯, ૩૫૬(૨), ૩૫૨ અને ૩૫૧ (૨) હેઠળ ગુનો નોંધ્યો હતો. મહિલા વિરુદ્ધ પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ અને આઈટી ઍક્ટ પણ લગાવવામાં આવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

રબાળે પોલીસે પ્રાથમિક તપાસ બાદ આરોપી મહિલાની ધરપકડ કરી હતી. પોલીસ કસ્ટડીમાં રહેલી મહિલાની પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે.

પોલીસ ફરિયાદ અનુસાર ફરિયાદી મહિલા ઘણસોલીમાં આરોપી મહિલાના પડોશમાં જ રહે છે. ફરિયાદીએ આરોપી મહિલાના પતિને બે હજાર રૂપિયા ઉછીના આપ્યા હતા, જેની જાણ આરોપીને થઈ હતી. આ વાતને લઈ દંપતી વચ્ચે વારંવાર ઝઘડા થવા લાગ્યા હતા. ઝઘડા માટે પડોશમાં રહેતી ફરિયાદી મહિલા જવાબદાર હોવાનું માની આરોપીના મનમાં રોષભાવ જાગ્યો હતો.

ફરિયાદી સામે વેર વાળવાને ઇરાદે આરોપીએ ફરિયાદીનાં સંતાનોને ટાર્ગેટ કર્યાં હતાં. કહેવાય છે કે સોમવારે ફરિયાદીનાં બન્ને સંતાન ઘરબહાર રમતાં હતાં. આરોપીએ ફરિયાદીના માનસિક રીતે અક્ષમ છોકરાને તેની સગી બહેન સાથે શરમજનક કૃત્ય કરવા ઉશ્કેર્યો હતો. નબળી માનસિક સ્થિતિને કારણે છોકરાએ અજાણતામાં આરોપીની સૂચનાને અનુસરી બહેન સાથે કુકર્મ કર્યું હતું.

ફરિયાદમાં જણાવાયું હતું કે બાળકોનો અશ્લીલ વીડિયો બનાવી આરોપીએ ઈન્સ્ટાગ્રામ પર અપલૉડ કર્યો હતો. વીડિયો સાથે આરોપીએ ફરિયાદી માટે અશ્લીલ અને અપમાનજનક ટિપ્પણી પણ લખી હતી. સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોની જાણ ફરિયાદીને મંગળવારે થતાં જ તેણે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. ■

# ગઢચિરોલી હાઈવે પર બેકાબૂ ટ્રકે છ સગીરને કચડ્યાંઃ ચારનાં મોત

**ગંભીર રીતે ઘવાયેલા બે સગીરને સારવાર માટે ઍરલિફ્ટ કરી નાગપુરની હૉસ્પિટલ લઈ જવાયા**

ગઢચિરોલીઃ ગઢચિરોલીમાં હાઈવે પર બનેલી કરુણ ઘટનામાં મોર્નિંગ વૉક માટે નીકળેલા છ સગીરને પૂરપાટ વેગે આવેલી ટ્રકે અડફેટે લીધા હતા. અકસ્માતમાં ચાર સગીરે જીવ ગુમાવ્યા હતા, જ્યારે ગંભીર રીતે ઘવાયેલા બે સગીરને વધુ સારવાર માટે ઍરલિફ્ટ કરી નાગપુરની હૉસ્પિટલમાં લઈ જવાયા હતા.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના અરમોરી-ગઢચિરોલી હાઈવે પર મંગળવારની સવારે પાંચ વાગ્યાની આસપાસ બની હતી. મૃતકોની ઓળખ ટિનુ નામદેવ ભોઈર (૧૪), તન્મય બાલાજી માનકર (૧૬), દુશાન દુર્યોધન મેશ્રામ (૧૪) અને તુષાર રાજેન્દ્ર મરભાટે (૧૪) તરીકે થઈ હતી.

એક અહેવાલ અનુસાર ગઢચિરોલીના કાતલી ગામમાં રહેતા છ છોકરા મોર્નિંગ વૉક

(જુઓ પાનું ૪) ▶▶

# ગણેશ ઉત્સવ માટે મુંબઈ પોલીસ સજ્જ

મુંબઈઃ ગણેશઉત્સવ મહારાષ્ટ્રનો મુખ્ય તહેવાર છે. આ સાથે જ મુંબઈ પોલીસે પણ શહેરની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. પોલીસ મુખ્યાલય ખાતે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં ગણેશ મંડળોના પ્રતિનિધિઓ સાથે સુરક્ષા ઉપાયો અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

દરેક ગણેશ મંડળમાં સીસીટીવી કેમેરા ફરજિયાત લગાવવા, સુરક્ષા ગાર્ડની નિમણૂક કરવી, મહિલાઓની સુરક્ષા પર ખાસ ધ્યાન આપવું, વિસર્જનનો માર્ગ પૂર્વનિર્ધારિત રહેશે અને તેનું કડક પાલન સુનિશ્ચિત કરવામાં આવશે, એમ પોલીસે સૂચનો કર્યા છે.

પોલીસે એ પણ સ્પષ્ટ કર્યું કે વિસર્જન દરમિયાન કોઈપણ પ્રકારની દુર્ઘટના ટાળવા માટે સલામતીના પગલાં અગાઉથી લેવામાં આવશે. આ વર્ષે વિસર્જનના દિવસે દરિયાની સપાટી લગભગ ૪.૫ મીટર વધવાની ધારણા છે, જેના કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં વધુ સાવધાની રાખવામાં આવશે. ગણેશ મંડળોને ભીડ અને કટોકટીનો સામનો કરવા માટે તબીબી સહાય કેન્દ્રો સ્થાપવાની સલાહ આપવામાં આવી છે. ભીડ નિયંત્રણ અને ટ્રાફિક

(જુઓ પાનું ૪) ▶▶

# જેએનપીએ-મુંબઈ ઈ-બોટ સેવા ૧૫ ઓગસ્ટે શરૂ થશે?

ઉરણઃ કેન્દ્રીય જળ પરિવહન પ્રધાન દ્વારા ઉદ્ઘાટન કરાયેલી બહુચર્ચિત જેએનપીએ-મુંબઈ ઈ-બોટ સેવા છ મહિનાથી વિલંબિત છે. હવે, આ દરિયાઈ માર્ગ પરની અદ્યતન ઈ-સ્પીડ બોટ સેવાને શરૂ કરવાનું મૂર્હુત હવે ૧૫ ઓગસ્ટનું નીકળ્યું છે, પરંતુ શું આ તારીખે પણ આ સેવા શરૂ થશે? એ અંગે શંકા છે, કારણ કે જો સેવા ૧૫ ઓગસ્ટે શરૂ નહીં થાય, તો તે પહેલી સપ્ટેમ્બરથી શરૂ થશે, એમ મઝગાવ ડોક બિલ્ડર્સ લિમિટેડનું કહેવુ છે.

મુંબઈમાં જેએનપીએ પોર્ટ અને ગેટવે ઓફ ઈન્ડિયા વચ્ચે જળસેવા માટે ઈ-લોન્ચ શરૂ થવા જઈ રહી છે. જોકે, કેટલાક ટેકનિકલ કારણોસર આ સેવામાં વિલંબ થયો છે. આ કારણે, આ રૂટ પરના મુસાફરોએ રાહ જોવી પડશે. આ લોન્ચ સાથે કલાકની મુસાફરી એસી ઈ-સ્પીડ બોટમાં માત્ર ૨૫ મિનિટમાં કરી શકાશે. આ ઝડપી મુસાફરી માટે વધારાના ભાડા વસૂલવામાં આવશે.

આ દરિયાઈ માર્ગનો ઉપયોગ જેએનપીએ કામદારો, સંબંધીઓ, સ્થાનિક પ્રોજેક્ટ અસરગ્રસ્ત કામદારો, કસ્ટમ્સ, વાયુસેના, સીઆઇએસએફ, બંદર વપરાશકર્તાઓ વગેરે કરી શકશે. હાલમાં આ રૂટ પર બોટ સવારે સાતથી રાતે ૧૦ વાગ્યા સુધી ચાલે છે. પ્રદૂષણમુક્ત સલામત અને ઓછો સમય લેતી સ્પીડબોટનો વિકલ્પ અપનાવવાનો ખ્યાલ એક વર્ષ પહેલા જેએનપીએના પ્રમુખે સૂચવ્યો હતો. જોકે ટેકનિકલ કારણોસર આ સેવામાં વિલંબ થયો છે. આગામી અઠવાડિયામાં આ સેવા શરૂ કરવામાં આવશે તેવો સંકેત આપવામાં આવ્યો છે. ૩૮ કરોડ રૂપિયાની જોગવાઈ સાથે ૧૦ વર્ષના સમયગાળા માટે બે અત્યાધુનિક ટેકનોલોજી ધરાવતી ફાઇબર લાઇટ ઇ-સ્પીડ બોટ સપ્લાય કરવાનું કામ મઝગાંવ ડોક બિલ્ડર્સ લિમિટેડ કંપનીને આપવામાં આવ્યું છે. આ માટે જેએનપીએ એ ૩૭ કરોડ ૮૨ લાખ ૯૪ હજાર ૧૯૦ રૂપિયાની જોગવાઈ પણ કરી છે. ■

# પાલિકાના સફાઈ કર્મચારીઓની વેતન વધારો અને ઘર આપવા માગણી

મુંબઈઃ મુંબઈ મહાનગર પાલિકાના સફાઈ અને પરિવહન વિભાગના કર્મચારીઓએ તેમને કોન્ટ્રેક્ટ પર રાખવા સંદર્ભે સફળતાપૂર્વક લડત આપી હતી. જોકે તો પણ સફાઈ કર્મચારીઓના કેટલાક પ્રશ્નોનો ઉકેલ આવ્યો નથી.

મહાપાલિકાના સેક્યુલર મૂવમેન્ટ એસોસિએશનના અધિકારીઓ મ્યુનિસિપલ કમિશનર અને એડમિનિસ્ટ્રેટર ભૂષણ ગગરાણીને મળ્યા હતા અને પાલિકાના સફાઈ કર્મચારીઓના બાકી રહેલા મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. તેમણે સફાઇ કર્મચારીઓના સ્વાસ્થ્યમાં સુધારો કરવા અને તેમના જીવનની ગુણવત્તા સુધારવા માટે વિવિધ માંગણીઓનું આવેદનપત્ર કમિશનરને સુપરત કર્યું હતું. એમાં વેતન વધારવા, તેમના સંતાનો માટે રોજગાર, રહેવા માટે ઘર વગેરે માંગણીઓ કરવામાં આવી હતી.

મુંબઈ મહાનગરપાલિકાના સફાઇ કર્મચારીઓ સ્વાસ્થ્યને જોખમમાં મૂકીને શહેરની સફાઇ કરે છે. અસ્વચ્છતા અને ગંદકીને કારણે થતા ગંભીર રોગોને ફેલાતા અટકાવવાનો પ્રયાસ કરે છે. જો કે તેમના પગાર અને સુવિધાઓ ખૂબ જ ઓછી હોવાથી તેમને નિમ્ન કક્ષાનું જીવન જીવવાની ફરજ પડે છે. આર્થિક અસ્થિરતાની અસર તેમના પરિવારોના રહેવાની સ્થિતિ તેમજ તેમના બાળકોના શિક્ષણ પર પડી રહી હોવાથી સફાઈ કર્મચારીઓમાં રોષ ફેલાયો છે. ■

# અબુ સાલેમને ૨૫ વર્ષની જેલની સજા ભોગવવી જ પડશેઃ રાજ્ય સરકારે હાઈ કોર્ટને કહ્યું

મુંબઇઃ રાજ્ય સરકારે બોમ્બે હાઇ કોર્ટને જણાવ્યું છે કે માર્ચ ૧૯૯૩માં મુંબઈ સિરિયલ બોમ્બ ધડાકા કેસમાં દોષિતોમાંના એક ગેંગસ્ટર અબુ સાલેમ અબ્દુલ કૈયુમ અંસારી માફી મેળવવા માટે હકદાર નથી. લાંબી સજા ભોગવતા કેદીની સજામાં ઘટાડો કરવામાં આવતો હોય છે. નાશિક સેન્ટ્રલ જેલના સુપરિન્ટેન્ડેન્ટ અરુણા મુગુતરાવે ૩૧ જુલાઈએ દાખલ કરેલા સોગંદનામામાં જણાવ્યું હતું કે ૧૪ જુલાઈએ ગૃહ વિભાગે એક આદેશ પસાર કર્યો હતો જેમાં જણાવાયું હતું કે સાલેમ માફી માટે હકદાર નથી અને ૨૫ વર્ષની જેલની સજા ભોગવ્યા પછી જ તેને જેલમાંથી છોડવો જોઈએ.

સાલેમની ૧૮ સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ પોર્ટુગલના લિસ્બન શહેરમાં ધરપકડ કરવામાં આવી હતી અને તેને ૧૦ નવેમ્બર, ૨૦૦૫ના રોજ ભારતને સોંપાયા બાદ બીજા દિવસે તેને ભારત લાવવામાં આવ્યો હતો. ૧૯૯૩માં મુંબઈમાં થયેલા સિરિયલ બોમ્બ બ્લાસ્ટમાં તે સામેલ હોવાથી સપ્ટેમ્બર ૨૦૧૭માં સ્થાનિક કોર્ટે તેને આજીવન કેદની સજા સંભળાવી હતી. તેની અપીલનો નિર્ણય લેતી વખતે સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે ૨૫ વર્ષની જેલની સજા પૂર્ણ કર્યા બાદ સાલેમને કારાવાસમાંથી મુક્ત કરવામાં આવશે.

મુગુતરાવ દ્વારા દાખલ કરવામાં આવેલા સોગંદનામામાં જણાવાયું હતું કે ગૃહ વિભાગના ૧૪ જુલાઈના આદેશમાં જણાવવામાં આવ્યું હતું કે સાલેમને માફીની અવધિ સહિત ૬૦ વર્ષની જેલની સજા થવી જોઈએ. જોકે ભારતે પોર્ટુગલને આપેલી ખાતરીને ધ્યાનમાં રાખીને માફીને બાદ કરતાં, ૨૫ વર્ષની કેદની સજા પૂરી કર્યા પછી તેને જેલમાંથી છોડી મુકવો જોઈએ. મુગુતરાવે સ્પષ્ટતા કરી હતી કે ૧૪ જુલાઈ, ૨૦૨૫ ના દિવસે લેવામાં આવેલો સરકારનો નિર્ણય ભારત સરકાર અને પોર્ટુગલ સરકાર વચ્ચે કરવામાં આવેલા આંતરરાષ્ટ્રીય કરાર અનુસાર પસાર કરવામાં આવ્યો હતો. ■

# ઇડીએ ટાંચ મારી હોવા છતાં થિયેટર તોડી જગ્યા વેચવાનો પ્રયાસઃ ઇકબાલ મિરચીના સાગરીતની ધરપકડ

મુંબઈઃ મની લોન્ડરિંગના કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી) દ્વારા ટાંચ મારવામાં આવી હોવા છતાં ફિલ્મ થિયેટર તોડીને જગ્યા પંદર કરોડ રૂપિયામાં વેચવાનો પ્રયાસ કરવા બદલ ડ્રગ સ્મગલર ઇકબાર મિરચીના સાગરીતની ધરપકડ કરવામાં આવી હતી.

આરોપીની ઓળખ અબ્દુલ કાદિરઅલી મોહંમદ (૭૫) તરીકે થઇ હોઇ દક્ષિણ મુંબઇના વી.પી. રોડ પોલીસે બુધવારે તેની ધરપકડ કરી હતી.

ઇડીના અધિકારીએ તાજેતરમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગિરગામ વિસ્તારમાં ન્યૂ રોશન ટોકીઝને તેમના દ્વારા મની લોન્ડરિંગ સંબંધમાં ટાંચ મારવામાં આવી હતી. આમ છતાં આરોપીએ થિયેટર તોડી પાડ્યું હતું અને એ જગ્યા વેચવાનો પ્રયાસ કર્યો હતો.

આ ફરિયાદને આધારે આરોપી અબ્દુલ સામે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત જોગવાઇઓ હેઠળ છેતરપિંડી, ઘૂસણખોરી અને ખોટી હરકતો કરવા બદલ ગુનો દાખલ કરાયો હતો.

આ થિયેટરની કડી સ્વર્ગસ્થ ઇકબાલ મિરચી સાથે જોડાયેલી છે, જેના પર ૨૦૨૦માં ઇડી દ્વારા ટાંચ મારવામાં આવી હતી. આમ છતાં ગયા વર્ષે આરોપી અબ્દુલે થિયેટર તોડી નાખ્યું હતું અને એ જગ્યા પર માલિકી દાવો કર્યો હતો.

તેણે આ જગ્યા વેચવા માટે મધ્ય પ્રદેશના ગ્વાલિયરના વેપારી સાથે પંદર કરોડ રૂપિયાનો સોદો કર્યો હતો અને ટોકન મની લીધા હતા.

ઇડીના જણાવ્યા અનુસાર આરોપીએ મિલકતના રેકોર્ડ સાથે ચેડાં કર્યાં હતાં અને જગ્યા પોતાના નામે કરી લીધી હતી.

ઇકબાલ મિરચી અને અબ્દુલ એક દાયકાથી એકબીજાને ઓળખતા હતા. ૧૯૮૨માં તેમણે સંયુક્ત રીતે છ લાખ રૂપિયામાં આ થિયેટર ખરીદ્યું હતું, જેમાં અબ્દુલના ખાતામાંથી વધુ રકમ અપાઇ હતી. દરમિયાન અબ્દુલની ધરપકડ કરાયા બાદ તેને સ્થાનિક અદાલતમાં હાજર કરાયો હતો, જ્યાં તેને શુક્રવાર સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી. (પીટીઆઇ)■

# નાગપુર-પુણે વંદે ભારતમાં સ્લીપર કોચને બદલે ચેરકાર

નાગપુરઃ અજનીથી પુણે વંદે ભારત એક્સપ્રેસ ૧૦ ઓગસ્ટથી શરૂ થવા જઇ રહી છે. આ ટ્રેનનું ઉદ્ઘાટન નાગપુર સેન્ટ્રલ રેલવે સ્ટેશન પર સવારે ૧૦ વાગ્યે થશે અને આ ટ્રેન અઠવાડિયા દરમિયાન સોમવારે નાગપુરથી અને મંગળવારે પુણે સુધી દોડશે.

૧૨ કલાકનો સમય લેતી આ ટ્રેનમાં 'ચેરકાર'ની સુવિધા છે. જોકે આ ટ્રેનમાં સ્લીપર કોચ હોવાની અપેક્ષા હતી. પરંતુ આ મુસાફરી એક દિવસની હોવાથી ટ્રેનમાં સ્લીપર કોચને બદલે 'ચેરકાર' હશે.

આ ટ્રેન વર્ધા, બડનેરા, અકોલા, ભુસાવળ, જળગાંવ, મનમાડ, દાઉદ, અહિલ્યાનગર, કોપરગાંવ સ્ટેશન પર થોભશે. આ ટ્રેનના ઉદ્ઘાટન સમારોહની તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. ટ્રેન શરૂ થવાના બે દિવસ પહેલા જાહેર કરાશે, એમ મધ્ય રેલવેના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરે જણાવ્યું હતું.

હાલમાં નાગપુરથી પુણે પહોંચવા માટે દુરંતોમાં ૧૨ કલાક ૫૫ મિનિટ લાગે છે. વંદે ભારત એક્સપ્રેસ તેનાથી એક કલાક ઓછો સમય લેશે. ■

# મરાઠા આરક્ષણઃ જરાંગે ૨૯ ઓગસ્ટથી ફરી આંદોલન શરૂ કરશે

છત્રપતિ સંભાજીનગરઃ મરાઠા સમુદાય માટે અનામતની માંગણી માટે મરાઠા કાર્યકર્તા મનોજ જરાંગે ૨૯ ઓગસ્ટે મુંબઈમાં નવેસરથી આંદોલન શરૂ કરશે.

અમે ૨૭ ઓગસ્ટના રોજ સવારે ૧૦ વાગ્યે અંતરવલી સરટીથી મુંબઈ જવા રવાના થઈશું. પુણેના જુન્નર વિસ્તારમાં શિવનેરી કિલ્લા પાસે અમારો પહેલો રોકાણ હશે. અંતરવલીથી શેવગાંવ, અહિલ્યાનગર અને અલેફાટા થઈને શિવનેરી જઈશું અને ચોમાસાને કારણે માલશેજ ઘાટ ટાળીશું, એમ જરાંગેએ જણાવ્યું હતું.

બીજા દિવસે તેઓ ચાકણ જશે. ત્યાંથી આંદોલનકારીઓ તળેગાંવ, લોનાવાલા, વાશી અને ચેમ્બુર થઈને દક્ષિણ મુંબઈ જશે, એમ કાર્યકર્તાએ જણાવ્યું હતું. આ આંદોલન ૨૯ ઓગસ્ટે મુંબઈના આઝાદ મેદાનથી શરૂ થશે,'' એમ તેમણે ઉમેર્યું હતું. જરાંગેએ મરાઠા સમુદાયના લોકોને મુંબઈમાં તેમના આંદોલનમાં જોડાવા અપીલ કરી છે. ■

# બેંગકોકથી આવેલો પ્રવાસી મુંબઈ એરપોર્ટ પર ૧૪.૫ કરોડના ગાંજા સાથે પકડાયો

મુંબઈઃ કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ મુંબઈ એરપોર્ટ પર ૧૪.૫ કરોડ રૂપિયાનો હાઇડ્રોપોનિક ગાંજો પકડી પાડી પ્રવાસીની ધરપકડ કરી હતી.

બેંગકોકથી ફ્લાઇટમાં બુધવારે વહેલી સવારે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવી પહોંચેલા પ્રવાસીને કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ શંકાને આધારે આંતર્યો હતો. અધિકારીઓએ પ્રવાસીના સામાનની તલાશી લેતાં તેની ટ્રોલી બેગમાં કપડાંની નીચે છુપાવવામાં આવેલો ઉચ્ચ ગુણવત્તાનો ૧૪.૫ કરોડ રૂપિયાની કિંમતનો ૧૪.૫૪૮ કિલો ગાંજો મળી આવ્યો હતો.

આથી પ્રવાસી વિરુદ્ધ નાર્કોટિક્સ એન્ડ સાઇકોટ્રોપિક સબસ્ટેન્સીસ (એનડીપીએસ) એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી. પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે પ્રવાસીને ગાંજાની તસ્કરી માટે કમિશન મળવાનું હતું. પ્રવાસીએ બેંગકોકમાં હાઇડ્રોપોનિક ગાંજો કોની પાસેથી મેળવ્યો હતો અને તે મુંબઈમાં કઇ વ્યક્તિ સુધી પહોંચાડવાનો હતો તેની તપાસ કરવામાં આવી રહી છે. ■

# નાગપુરમાં ઝેર પીધા બાદ વૃદ્ધ ડોક્ટરનું મૃત્યુઃ પત્નીની હાલત નાજુક

નાગપુરઃ નાગપુરમાં સ્વાસ્થ્યની સમસ્યાઓથી પીડાતા ૮૦ વર્ષના ડૉક્ટર અને તેમની ૭૦ વર્ષની પત્નીએ ઝેર પીધું હતું, જેમાં ડૉક્ટરનું મૃત્યુ થયું હતું, જ્યારે તેની પત્નીની હાલત નાજુક હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. ડૉ. ગંગાધરરાવ હર્ને અને તેમની પત્ની નિર્મલા સોનેગાંવ પોલીસ સ્ટેશનની હદમાં સમર્થ નગરીમાં રહેતાં હતાં. દંપતી લાંબા સમયથી પેટનું અલ્સર અને દાંતની સમસ્યાઓથી પીડાતું હતું. બુધવારે સવારે ૭.૩૦ વાગ્યે ડૉક્ટર તેમના ઘરની બહાર ખુલ્લી જગ્યામાં અને તેમની પત્ની ઘરમાં બેભાન અવસ્થામાં પડેલા મળી આવતાં પડોશીએ ડૉક્ટરની પુત્રવધૂ શિલ્પા હર્નેને કૉલ કરી આની જાણ કરી હતી, જે ભિલાઇ ખાતે રહે છે.

દરમિયાન બનાવની જાણ થતાં સોનેગાંવ પોલીસ સ્ટેશનના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ડૉક્ટર અને તેમની પત્નીને બાદમાં હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યાં હતાં, જ્યાં ડોક્ટરને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

પોલીસને ઘટનાસ્થળેથી જંતુનાશક દવાની બે બોટલ તેમ જ ત્રણ સૂસાઇડ નોટ મળી આવી હતી. બે સૂસાઇટ નોટ પુત્ર અને પરિણીત પુત્રી માટે હતી, જ્યારે ત્રીજી સૂસાઇટ નોટમાં ડોક્ટરે તેમના દુખાવા અને એકલતા વિશે ઉલ્લેખ કર્યો હતો. ઉપરાંત પોતાના અંતિમ પગલા માટે કોઇને પણ જવાબદાર ન ઠેરવવાનું પણ તેમાં જણાવ્યું હતું. ■

# ઉત્તરકાશીમાંથી ૭૦ને બચાવાયા, ૫૦ હજી ગુમ

દહેરાદૂનઃ ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લાના ધરાલી ગામમાં મંગળવારે વાદળ ફાટ્યા બાદ અચાનક પૂર આવ્યું હતું. આ આફતમાં મોટી સંખ્યામાં ઘરો અને હોટલો નષ્ટ થઈ હતી. અચાનક આવેલા પૂર પછી ધરાલીમાં ચારે તરફ વિનાશ વેરાયેલો જોઈ શકાય છે. ગુરુવારે પણ સેના, એનડીઆરએફ ધરાલીમાં રાહત અને બચાવ કામગીરી કરી રહ્યા છે. ધરાલીમાં થયેલા અકસ્માત બાદ અત્યાર સુધીમાં ૭૦ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

ઉત્તરકાશીના ધરાલી ગામમાં બચાવ કામગીરીના ત્રીજા દિવસે ગુરુવારે સેનાએ મહત્ત્વપૂર્ણ માહિતી આપી હતી. ધરાલીમાં આવેલા વિનાશ બાદ અત્યાર સુધીમાં ૭૦ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. જ્યારે ૫૦થી વધુ લોકો હજુ પણ ગુમ થયાના અહેવાલ છે. આ ઉપરાંત ચાર લોકોનાં મોત થયાના અહેવાલ છે.

ઉત્તરાખંડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સચિવ વિનોદ કુમાર સુમને જાણકારી આપી હતી કે ગંગોત્રી અને તેની આસપાસના વિસ્તારોમાં ફસાયેલા લગભગ ૩૦૦ લોકોને હર્ષિલ લાવવામાં આવ્યા છે. આ બધા લોકો સુરક્ષિત છે. તેમણે જણાવ્યું છે કે આ મુસાફરોમાં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, દિલ્હી, રાજસ્થાન, આસામ, કર્ણાટક, તેલંગણા અને પંજાબ જેવા વિવિધ રાજ્યોના યાત્રાળુઓ સામેલ છે. આ ઉપરાંત, આ કુદરતી આફત પછી એક અધિકારી અને આઠ સૈનિક ગુમ થયાના અહેવાલ છે. નવ સૈનિક કર્મચારીઓ અને ત્રણ નાગરિકોને હેલિકોપ્ટરની મદદથી દહેરાદૂન લાવવામાં આવ્યા છે.

ધરાલીમાં આધુનિક સાધનો લાવવાના પ્રયાસો ઝડપી કરવામાં આવ્યા છે. કાટમાળ નીચે દટાયેલા લોકોની શોધ ઝડપી બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ધરાલી અને નજીકના હર્ષિલમાં સહાય અને આપત્તી રાહત કામગીરી ઝડપી કરવામાં આવી છે. ઘણી જગ્યાએ ભૂસ્ખલન અને રસ્તા તૂટી પડવાના કારણે આ વિસ્તાર હજુ પણ અન્ય વિસ્તારોથી સંપર્કવિહોણો છે. એન્જિનિયરો, તબીબી ટીમો સહિત ૨૨૫થી પણ વધુ બચાવ કાર્યકરો ઘટનાસ્થળે હાજર છે અને રાહત કામગીરી કરી રહ્યા છે. ■

# કર્ણાટક ચૂંટણીઓમાં મોટાપાયે ઘાલમેલઃ રાહુલનો ફરી આક્ષેપ

## રાજ્યના મહાદેવપુરાની ચૂંટણીના આંકડાઓને પુરાવા તરીકે રજૂ કર્યાઃ ચૂંટણી પંચે સોગંદનામું આપવા કહ્યુ તો રાહુલે કહ્યુ મારું નિવેદન જ સોગંદનામું

નવી દિલ્હીઃ વર્ષ ૨૦૧૪ના કર્ણાટક લોકસભા મતદારક્ષેત્રના સર્વેક્ષણના આંકડાઓ ટાંકીને ભાજપે ચૂંટણી પંચ મારફતે મોટાપાયે છેતરપિંડી કરી હોવાનો કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે વિસ્ફોટક દાવો કર્યો હતો અને ભારપૂર્વક કહ્યું હતું કે આ બંધારણ વિરુદ્ધનો ગુનો છે.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે આપણે જે લોકશાહીને પ્રેમ કરીએ છીએ તે અસ્તિત્વ જ ન ધરાવતી હોવાને કારણે ન્યાયતંત્રએ આ મામલે દખલગીરી કરવી જોઈએ.

અમારો પક્ષ આવા ગુનાઈત પુરાવા એકઠાં કરી રહ્યો હતો એમ જણાવી રાહુલ ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી પંચ દેશભરમાં આ પુરાવાઓ નષ્ટ કરવામાં વ્યસ્ત હતું.

અહીંના ઈંદિરા ભવન વડામથકે એઆઈસીસીની બેઠકને સંબોધન કરતાં રાહુલ ગાંધીએ તેમણે કરેલા દાવાને સમર્થન આપતો સહી કરેલો પત્ર અથવા સોગંદનામું રજૂ કરવાની કરેલી માગણી બદલ ચૂંટણી પંચ પર આકરા પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે મેં આ દાવો જાહેરમાં કર્યો છે અને તેને જ સોગંદનામું ગણી લેવામાં આવવું જોઈએ.

હું રાજકારણી છું અને જાહેરમાં હું જે કંઈ પણ બોલું છું તેને સોગંદનામું ગણી લેવું જોઈએ એમ જણાવતાં રાહુલે કહ્યું હતું કે રસપ્રદ વાત તો એ છે કે ચૂંટણી પંચે આ માહિતીને નકારી નથી.

મેં જે મતદાર યાદી આપી છે તે ખોટી છે એમ ચૂંટણી પંચે નથી કહ્યું એમ જણાવતાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે ચૂંટણી પંચ દેશભરમાં પુરાવાઓ નષ્ટ કરવામાં વ્યસ્ત હોવાનું સત્ય અમે જાણીએ છીએ એવું તમારે સોગંદનામા હેઠળ જાહેર કરવું જોઈએ એવું ચૂંટણી પંચનું કહેવું છે.

### ચૂંટણી પંચનો રાહુલને પડકાર

કર્ણાટકના મુખ્ય ચૂંટણી અધિકારીએ ગુરુવારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને સહી કરેલ ઘોષણાપત્ર સાથે રાજ્યની મતદારોની યાદીમાંથી ખોટી રીતે સમાવિષ્ટ અથવા બાકાત કરાયેલા મતદારોના નામ મોકલવા કહ્યું છે જેથી આ મામલે જરૂરી કાર્યવાહી શરૂ કરી શકાય.

મતમાં છેતરપિંડીના આરોપો લગાવ્યા પછી તરત જ ગાંધીને લખેલા પત્રમાં, રાજ્ય ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય રાજધાનીમાં એક પત્રકાર પરિષદ દરમિયાન, તમે અયોગ્ય મતદારોના સમાવેશ અને મતદાર યાદીમાં લાયક મતદારોના બાકાત રાખવાનો ઉલ્લેખ કર્યો હતો..''

''તમને વિનંતી છે કે તમે મતદારો નોંધણી નિયમો, ૧૯૬૦ના નિયમ ૨૦(૩)(બી) હેઠળ જોડાયેલા ઘોષણાપત્ર/શપથ પર સહી કરીને પરત કરો, જેથી જરૂરી કાર્યવાહી શરૂ કરી શકાય.'' અહીં ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું હતું કે કર્ણાટકના સીઈઓ આજે સાંજ સુધીમાં ગાંધી પાસેથી સહી કરેલી ઘોષણાપત્રની અપેક્ષા રાખી રહ્યા છે. (એજન્સી) ■

### ૧,૦૦,૨૫૦ મતની ચોરીના પુરાવા આપ્યા

નવી દિલ્હી : કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે કર્ણાટકના એક લોકસભા મતવિસ્તારના ડેટાના વિશ્લેષણનો ઉલ્લેખ કરીને આરોપ લગાવ્યો હતો કે ચૂંટણી પંચ ભાજપ સાથે ચૂંટણી ચોરી'' માટે સાઠગાંઠ કરી રહ્યું છે અને તેને બંધારણ વિરુદ્ધ ''ગુનો'' ગણાવ્યો હતો.

અહીં એઆઈસીસી મુખ્યાલય ખાતે એક પત્રકાર પરિષદને સંબોધતા, લોકસભામાં વિરોધ પક્ષના નેતાએ કહ્યુ કે કોંગ્રેસે એક ટીમ બનાવીને છ મહિનામાં વોટ ચોરીના નક્કર પુરાવા એકત્રિત કર્યા છે.

જો ચૂંટણી પંચ અમને છેલ્લા ૧૦-૧૫ વર્ષોનો મશીન-રીડેબલ ડેટા અને સીસીટીવી ફૂટેજ ન આપે, તો તેઓ ગુનામાં ભાગ લઈ રહ્યા છે, એમ ગાંધીએ કહ્યું.

ન્યાયતંત્રને આમાં સામેલ થવાની જરૂર છે કારણ કે આપણે જે લોકશાહીને ખૂબ પ્રેમ કરીએ છીએ તે અસ્તિત્વમાં નથી, એમ ગાંધીએ કહ્યું હતું.

ઓનલાઈન પ્રેઝન્ટેશન દ્વારા મીડિયા સાથે વાત કરતા ગાંધીએ જણાવ્યું હતું કે તેઓએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાંથી બેંગ્લોર સેન્ટ્રલ લોકસભા મતવિસ્તાર અને તેમાં રહેલા મહાદેવપુરા વિધાનસભા મતવિસ્તારના મતદારોના ડેટાનું વિશ્લેષણ કર્યું છે.

તેમણે કહ્યું કે સમગ્ર લોકસભા બેઠકમાં કોંગ્રેસને ૬,૨૬,૨૦૮ મત મળ્યા જ્યારે ભાજપને ૬,૫૮,૯૧૫ મત મળ્યા, જે ૩૨,૭૦૭ના માર્જિનથી છે.

ગાંધીએ નિર્દેશ કર્યો કે કોંગ્રેસે સાતમાંથી છ જગ્યાએ જીત્યા હતા, પરંતુ મહાદેવપુરા વિધાનસભા મતવિસ્તારમાં તેનો પરાજય થયો હતો જેમાં તેનો ૧,૧૪,૦૦૦થી વધુ મતથી પરાજય થયો હતો.

તેમણે દાવો કર્યો હતો કે આ મતવિસ્તારમાં ૧,૦૦,૨૫૦ મતની વોટ ચોરી હતી જેમાં એક વિધાનસભા મતવિસ્તારમાં ૧૧,૯૬૫ ડુપ્લિકેટ મતદાર, ખોટા અને અમાન્ય સરનામાંવાળા ૪૦,૦૦૯ મતદાર, ૧૦,૪૫૨ જથ્થાબંધ મતદાર અથવા સિંગલ સરનામાંવાળા મતદાર, અમાન્ય ફોટાવાળા ૪,૧૩૨ મતદાર અને નવા મતદારોના ફોર્મ ૬નો દુરુપયોગ કરતા ૩૩,૬૯૨ મતદાર હતા. ■

# અમેરિકી ટૅરિફઃ ચીન ભારતની પડખે

## આ તો આંગળી આપો તો પ્હોંચો પકડવા જેવી વાત

નવી દિલ્હીઃ રશિયા સાથેનો ભારતનો ક્રૂડ તેલના વેપાર ચાલુ રહેતા રોષે ભરાયેલા અમેરિકાએ ભારતીય સામાન પર વધુ પચીસ ટકા ટૅરિફ લાદવાની કરેલી જાહેરાતના એક દિવસ બાદ દિલ્હીસ્થિત ચીનના રાજદૂત શૂ ફેહૉન્ગે ગુરુવારે અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની આકરી ટીકા કરી હતી.

અમેરિકાએ ભારતીય સામાન પર વધુ પચીસ ટકા ટૅરિફ લાદતા ટૅરિફનો આંક વધીને પચાસ ટકા પર પહોંચ્યો હતો.

કોઈના પણ નામનો ઉલ્લેખ કર્યા વિના તેમણે કહ્યું હતું કે આ તો આંગળી આપો તો પ્હોંચો પકડવા જેવી વાત છે.

તેમણે કહ્યું હતું કે ટૅરિફના નામે અન્ય રાષ્ટ્ર પર દબાણ ઊભું કરવું એ સંયુક્ત રાષ્ટ્રસંઘના નિયમોનો ભંગ હોવાની સાથે સાથે વર્લ્ડ ટ્રેડ ઑર્ગેનાઈઝેશન (ડબ્લ્યુટીઓ)ના નિયમોને નબળા પાડવા બરાબર છે. એક અહેવાલ મુજબ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઑગસ્ટના અંતમાં ચીનની મુલાકાત લે તેવી શક્યતા છે.

ચીનના પ્રમુખ શી જિનપિંગ અને નરેન્દ્ર મોદી છેલ્લે ઑક્ટોબર ૨૦૨૪માં રશિયામાં મળ્યા હતા. (એજન્સી) ■

# ભારત પર હજી બીજા આકરા પ્રતિબંધો લગાવવાની તૈયારીમાં છે ડૉનલ્ડ ટ્રમ્પ

વૉશિંગ્ટનઃ અમેરિકાએ ભારત પર વધુ સૅન્કશન્સ લાગુ કરવા માટે સંકેતો આપ્યા છે. જે ભારતના નિકાસકારો માટે ચિંતાનો વિષય છે. આ નિવેદન તેમણે ભારત પર પચીસ ટકા વધારાનો ટૅરિફ જાહેર કર્યાના આઠ કલાક બાદ આપ્યું હતું. આ નિર્ણયનો હેતુ ભારત દ્વારા રશિયન તેલની ખરીદી બંધ કરાવવાનો છે, જેને અમેરિકા રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો ગણાવે છે. આ નિર્ણયથી ભારત-અમેરિકા વેપાર સંબંધો પર અસર પડી શકે છે, અને તેની ચર્ચા આંતરરાષ્ટ્રીય સ્તરે થઈ રહી છે.

ડોનલ્ડ ટ્રમ્પે ભારત પર ૩૦ જુલાઈએ પચીસ ટકા ટૅરિફ લગાવવાની જાહેરાત કરી હતી, અને જ્યારે છઠ્ઠી ઓગસ્ટે વધુ પચીસ ટકા ટૅરિફ ઉમેરવાનો નિર્ણય જાહેર કર્યો. આનાથી ભારત પર કુલ ૫૦ ટકા બેઝલાઇન ટૅરિફ લાગુ થવાની જાહેરાત ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે પ્રથમ પચીસ ટકા ટૅરિફ ૭ ઓગસ્ટથી અમલમાં આવી ગયા છે. જ્યારે વધારાનો પચીસ ટકા ટૅરિફ ૨૭ ઓગસ્ટથી લાગુ થશે. ટ્રમ્પે જણાવ્યું કે ભારત રશિયન તેલ ખરીદી ચાલુ રાખીને યુક્રેન યુદ્ધને 'ઇંધણ' પૂરું પાડે છે. તેમણે ચીન સહિત અન્ય દેશો પર પણ આવા પ્રતિબંધો લાગુ કરવાના સંકેત આપ્યા છે.

સૂત્રોની જાણકારી પ્રમાણે ટ્રમ્પ વહીવટનું કહેવું છે કે ભારતે રશિયન તેલની ખરીદી બંધ કરવાનો ઇનકાર કર્યો છે, જે અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા માટે ચિંતાનો વિષય છે.

વાઇટ હાઉસના વેપાર સલાહકાર પીટર નવારોએ જણાવ્યું કે આ ટૅરિફ રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલો મુદ્દો છે. ટ્રંપે ભારત પર આરોપ લગાવ્યો કે તે રશિયન તેલ ખરીદી દ્વારા યુદ્ધને આર્થિક રીતે ટેકો આપે છે. જોકે, ચીન પણ રશિયન તેલનું મોટું આયાતકાર છે, પરંતુ તેના પર હાલ ૯૦ દિવસની રોક સાથે ટૅરિફ લગાવવામાં આવ્યા છે. ■

# ૫૦% અમેરિકી ટૅરિફ નાના ઉદ્યોગો માટે મૃત્યુઘંટઃ એઈપીસી

નવી દિલ્હીઃ ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા ભારતીય માલ પર ટૅરિફ બમણો કરીને ૫૦ ટકા કરવાનો નિર્ણય અમેરિકન બજાર પર વધુ નિર્ભર નાના અને મધ્યમ ઉદ્યોગો માટે મૃત્યુઘંટ સમાન સાબિત થશે એમ વસ્ત્ર નિકાસકારોના સંગઠન એઇપીસીએ સરકાર પાસેથી તાત્કાલિક આર્થિક સહાયની માગ કરતાં ગુરુવારે જણાવ્યું હતું.

અપૅરલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ(એઈપીસી)ના ચેરમેન સુધીર સેક્રીના જણાવ્યા અનુસાર આ જાહેરાત શ્રમ-પ્રધાન નિકાસ ઉદ્યોગ માટે મોટો ફટકો છે. ઉદ્યોગ જગત માટે આ સ્વીકારવું શક્ય નથી. મને ખાતરી છે કે સરકાર પણ જાણે છે કે ટૅરિફમાં આ ગેરવાજબી વધારો નાના અને મધ્યમ વસ્ત્ર ઉદ્યોગ માટે મૃત્યુઘંટ સમાન હશે, ખાસ કરીને એ લોકો માટે જે મુખ્યત્વે અમેરિકન બજારમાં વેચાણ કરે છે. જ્યાં સુધી સરકાર ઉદ્યોગને સીધી આર્થિક સહાય પૂરી નહીં પાડે ત્યાં સુધી મૃત્યુઘંટ સાબિત થશે.

અમેરિકા ભારતીય રેડીમેડ ગાર્મેન્ટ નિકાસનું એક મુખ્ય બજાર છે. વર્ષ ૨૦૨૪માં ભારતની કુલ ગાર્મેન્ટ નિકાસમાં અમેરિકાની ભાગીદારી ૩૩ ટકા હતી. ૨૦૨૪-૨૫માં આ ક્ષેત્રમાંથી ભારતની અમેરિકામાં નિકાસમાં અપૅરલ-નિટેડ (૨.૭ અબજ અમેરિકન ડોલર), અપૅરલ-વૂવન (૨.૭ અબજ અમેરિકન ડોલર) અને તૈયાર કપડાં (ત્રણ અબજ અમેરિકન ડોલર)નો સમાવેશ થાય છે.

સેક્રીએ જણાવ્યું કે અમેરિકન વસ્ત્ર આયાત બજારમાં ભારતની હાજરી વધી છે. તેની ભાગીદારી ૨૦૨૦માં ૪.૫ ટકાથી વધીને ૨૦૨૪માં ૫.૮ ટકા થઇ હતી. જે અમેરિકાના ટોચના આરએમજી નિકાસકારોમાં ચોથા ક્રમ પર છે. ઉલ્લેખનીય છે કે ૬ ઓગસ્ટના રોજ વોશિંગ્ટને ભારતીય આયાત પર હાલના પચીસ ટકાથી બમણો ટૅરિફ કરવાની જાહેરાત કરી હતી. જેથી ૨૭ ઓગસ્ટથી કુલ ડ્યુટી ૫૦ ટકા થઇ જશે. આ પગલું ભારત દ્વારા રશિયન તેલની સતત ખરીદીના જવાબમાં લેવામાં આવ્યું હોવાનું વાઈટ હાઉસે જણાવ્યું હતું. ■

# લખનઉમાં ઇન્વેસ્ટ યુપીના ભૂતપૂર્વ સીઇઓ અને અન્યોને ત્યાં ઈડીના દરોડા

લખનઉઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટે ગુરુવારે સસ્પેન્ડ કરાયેલા આઇએએસ અધિકારી અને ઇન્વેસ્ટ ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ સીઇઓ અભિષેક પ્રકાશ, દલાલ નિકાંત જૈન અને કેટલાક અન્ય લોકો સામે મની લોન્ડરિંગ તપાસના ભાગરૂપે લખનઉમાં દરોડા પાડ્યા હતા. આ જાણકારી સત્તાવાર સૂત્રોએ આપી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર જૈન સાથે જોડાયેલા ચાર સ્થળોની મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ(પીએમએલએ) હેઠળ શહેરમાં તપાસ કરવામાં આવી રહી છે. જેમણે કથિત રીતે પ્રકાશ વતી લાંચ માંગી હતી. ગોમતી નગરના વિરામ ખંડ સ્થિત જૈનના ઘર ઉપરાંત તેના અને તેમના પરિવારના સભ્યો સાથે સંબંધિત કંપનીઓના કાર્યાલય તરીકે નોંધાયેલા બે પરિસરોની પણ તપાસ કરવામાં આવી રહી છે. સૂત્રોએ જણાવ્યું કે ચોથું પરિસર એક હોટલ છે જ્યાં તેમના પરિવારના સભ્યો સંયુક્ત ડિરેક્ટર છે. આ કેસની તપાસના સંદર્ભમાં ઉત્તર પ્રદેશ પોલીસે જૈનની પહેલાથી જ ધરપકડ કરી હતી.■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| जँभाई | આવેશ |
| जंतरी | ગમવું |
| जचना | બગાસું |
| जज्बा | અટપટું |
| जटिल | જાદુગર |

### ઓળખાણ પડી?

પતિએ હત્યાનો પ્રયાસ કર્યા બાદ પ્લાસ્ટિક સર્જરી કરાવી બદલો લેતી સ્ત્રીનો રોલ કર્યો હતો એ રેખાની ફિલ્મની ઓળખાણ પડી?

અ) એક બેચારા
બ) અનોખી અદા
ક) આક્રમણ
ડ) ખૂન ભરી માંગ



### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ | ડ | ૨ છા | યો | ■ | ૩ ખ | ટ | ૪ લો | ■ | ૫ અ |
| ર | ■ | ક | ■ | ૬ પા | ટ | ■ | ટો | ■ | ષ્ટાં |
| ૭ મે | રા | મ | ણ | ■ | ૮ પ | ૯ ઠ | ■ | ૧૦ મ | ગ |
| શ્વ | ■ | છો | ■ | ૧૧ ખા | ટ | સ | વા | દિ | યો |
| ૧૨ ર | ૧૩ ઝ | ળ | ૧૪ પા | ટ | ■ | સ | ■ | ૧૫ રા | ગ |
| ■ | બ | ■ | ૧૬ પ | લો | ૧૭ ટ | વું | ■ | લ | ■ |
| ૧૮ અ | કા | ૧૯ લ | ■ | ■ | કો | ■ | ૨૦ દા | ય | ૨૧ જો |
| ૨૨ પ | ર | ત | ■ | ૨૩ ચા | મું | ૨૪ ડા | ■ | ■ | રા |
| કા | ■ | ■ | ૨૫ ધો | ■ | ૨૬ ડો | ગ | રા | ■ | વ |
| ૨૭ ર | હ | સ્ય | મ | ય | ■ | ળી | ■ | ૨૮ ઢો | ર |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | | ૭ |
| | ■ | ૮ | | | | ■ | | ■ | |
| ૯ | ૧૦ | | ■ | | ■ | ૧૧ | | ■ | |
| ૧૨ | | ■ | ૧૩ | | ૧૪ | | ■ | ૧૫ | ■ |
| ■ | ૧૬ | ૧૭ | | ■ | ૧૮ | | ૧૯ | | |
| ૨૦ | | | ■ | ૨૧ | | ■ | | ■ | ■ |
| ૨૨ | | | | ■ | ૨૩ | ૨૪ | ■ | ૨૫ | |
| | ■ | | ■ | ૨૬ | | | | | ■ |
| ૨૭ | | ■ | ૨૮ | | | | ■ | ૨૯ | ૩૦ |
| | ■ | ૩૧ | | | ■ | ૩૨ | | | |

**આડી ચાવી**

૧. લેણાદેણી (૫)
૫. ગીચ, ઘનઘોર (જંગલ) (૪)
૮. ગોટાળો, ઘોંઘાટ (૪)
૯. ઓરડા (૩)
૧૧. કેરીના --- માંથી છૂંદો બને (૨) જો.છૂ.
૧૨. કૃતાર્થ (૨)
૧૩. માલગાડી (૪)
૧૬. માળ, મેડો (૩)
૧૮. આતુરતાથી ઝંખવું (૫)
૨૦. ચાયની લારી (૩)
૨૧. વિશિષ્ટ (૨)
૨૨. નોકર, ચાકર (ઓફિસનો) (૪)
૨૩. રહેઠાણ (૨)
૨૫. હંમેશાં (૩)
૨૬. માનવજીવનની શરૂઆતનો માણસ (૫)
૨૭. કાબૂમાં, તાબામાં (૨)
૨૮. વપરાશ, ખપ, જરૂરિયાત (૪)
૨૯. લેખક છો? તો --- (૨)
૩૧. શૅરબજારમાં નવું --- આવે તો લોકો તૂટી પડે (૩)
૩૨. મુદત (૪)

**ઊભી ચાવી**

૧. ઋષિની દીકરી (૪)
૨. નગુણા, ગુરુ વિનાના (૩)
૩. બળવો (૨)
૪. હૃદય ક્યારેક --- ચૂકી જાય (૪)
૬. એક જાતની ભૂતડી (૩)
૭. એક ચર્મવાદ્ય (૩)
૧૦. ઘા ઉપર કરવા પડે (૫)
૧૧. ચરિત્ર્યહીન સ્ત્રી (૩)
૧૩. એક શસ્ત્ર (૨)
૧૪. પંચાતિયો (૬)
૧૫. ઉંમર વધતાં --- વિદાય લે (૨)
૧૭. સંજીવકુમાર (અભિનેતા)ની અટક (૪)
૧૯. છાતી (૨)
૨૦. નોંધી લેવું (૫)
૨૪. સંવનન (૪)
૨૫. સગવડ, સોઈ (૪)
૨૬. બોલીએ ના કંઈ, --- હૃદય ખોલીએ ના કૈં (૩)
૨૮. હૃદય (૨)
૩૦. 'ખોલવું'નું આજ્ઞાર્થ (૨)

### ગુજરાત મોરી મોરી રે

હિતેનકુમાર - જાનકી બોડીવાલાની કઈ ફિલ્મને નેશનલ એવૉર્ડ મળ્યો એ જણાવો. હિન્દી ફિલ્મ 'શૈતાન' એની રિમેક છે.

અ) કોન્ગ્રેચ્યુલેશન્સ બ) આગંતુક ક) વશ ડ) ચૂપ

### જાણવા જેવું

વિજય ભટ્ટ દિગ્દર્શિત 'બૈજુ બાવરા' ફિલ્મમાં સંગીતકાર નૌશાદ એ સમયે ખ્યાતિ ધરાવતા તલત મેહમૂદ પાસે ગીતો ગવડાવવા માંગતા હતા. જોકે, તલતજીની સિગારેટ પીવાની આદત ગમતી ન હોવાથી મોહમ્મદ રફીને પસંદ કર્યા અને રફીની લોકપ્રિયતાનો ગુણાકાર થયો.

### સુડોકુ-૯૦૬૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | | | | | | ૫ | ૨ |
| | | | | | | | | |
| ૩ | ૮ | ૨ | | | | ૯ | ૭ | ૧ |
| | ૨ | ૭ | ૬ | ૫ | ૩ | ૪ | ૧ | |
| | | | ૭ | | ૧ | | | |
| | ૧ | ૬ | ૯ | ૮ | ૪ | ૩ | ૨ | |
| ૯ | ૫ | ૩ | | | | ૨ | ૮ | ૪ |
| | | | | | | | | |
| ૨ | ૪ | | | | | | ૩ | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૦૫૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૪ | ૯ | ૩ | ૮ | ૨ | ૬ | ૫ | ૭ |
| ૫ | ૬ | ૩ | ૪ | ૭ | ૧ | ૨ | ૯ | ૮ |
| ૭ | ૨ | ૮ | ૯ | ૬ | ૫ | ૧ | ૩ | ૪ |
| ૮ | ૯ | ૪ | ૫ | ૨ | ૭ | ૩ | ૬ | ૧ |
| ૨ | ૫ | ૬ | ૮ | ૧ | ૩ | ૪ | ૭ | ૯ |
| ૩ | ૧ | ૭ | ૬ | ૯ | ૪ | ૫ | ૮ | ૨ |
| ૬ | ૩ | ૧ | ૭ | ૪ | ૯ | ૮ | ૨ | ૫ |
| ૯ | ૮ | ૨ | ૧ | ૫ | ૬ | ૭ | ૪ | ૩ |
| ૪ | ૭ | ૫ | ૨ | ૩ | ૮ | ૯ | ૧ | ૬ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

બાળ કલાકાર તરીકે અભિનયની શરૂઆત કરનારી સારિકાની હિરોઈન તરીકે પ્રથમ જાણીતી ફિલ્મ કઈ હતી એ કહી શકશો?

અ) દેવતા બ) કોલેજ ગર્લ ક) ગીત ગાતા ચલ ડ) ચિત્તચોર

### નોંધી રાખો

સમય સારો હતો ત્યારે ભૂલને મજાક તરીકે ખપાવતા હતા અને હવે જ્યારે સમય ખરાબ છે, ત્યારે અમારી મજાકને પણ ભૂલ સમજે છે.

### માઈન્ડ ગેમ

હિન્દી ફિલ્મ ઈતિહાસના બે દિગ્ગજ એક્ટર સંજીવ કુમાર અને નસિરુદ્દીન શાહે કઈ ફિલ્મમાં સાથે કામ કર્યું હતું?

અ) ટક્કર બ) મનચલી
ક) સુનયના ડ) હમ પાંચ

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| ऐतबार | ભરોસો |
| एहसान | ઉપકાર |
| एकलौता | એકમાત્ર |
| ऐनक | ચશ્માં |
| ऐरावत | હાથી |

ગુજરાત મોરી મોરી રે: ગાડાનો બેલ

ઓળખાણ પડી?: સંગીતા બિજલાની

માઈન્ડ ગેમ: ઝખ્મ

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: હે રામ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) નીતા દેસાઈ (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પુષ્પા પટેલ (૧૨) પ્રવીણ વોરા (૧૩) જ્યોત્સના ગાંધી (૧૪) રમેશ દલાલ (૧૫) હિના દલાલ (૧૬) ઈનાક્ષી દલાલ (૧૭) લજિતા ખોના (૧૮) મીનળ કાપડિયા (૧૯) હર્ષા મહેતા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) નૂતન વિપીન શાહ (૨૫) અલકા વાણી (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) અંબરીષ ઓઝા (૨૮) વિણા સંપટ (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) મહેશ દોશી (૩૨) જયવંત પદમશી ચિકલ (૩૩) ભાવના કર્વે (૩૪) અંજુ ટોલિયા (૩૫) કિશોર સંઘરાજકા (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) ડાયના સંતોકે (૩૮) પુષ્પા ખોના (૩૯) નિતિન જયંતિલાલ બજરિયા (૪૦) અરવિંદ કામદાર (૪૧) રસીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) ડો. પ્રકાશ કટકિયા (૪૫) ધીરેન્દ્ર મુલરાજ (૪૬) ગીતા ઉદેશી (૪૭) પ્રતિમા પમાણી (૪૮) કમાલ માતલિયા (૪૯) મહેશ સંઘવી (૫૦) વિપીન શાહ (૫૧) હરીહર ભટ્ટ

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) હીરો છે ઋષિ કપૂર... ફિલ્મ છે : ૧) સિંદૂર, ૨) હમ કિસીસે કમ નહીં, ૩) અમર અકબર એન્થોની, ૪) કર્ઝ, ૫) દીવાના, ૬) ખેલ ખેલ મેં, ૭) સરગમ

ક્વિઝ (બ) ફિલ્મના ત્રણ હીરો... ૧) આમિર ખાન- શરમન જોશી- આર. માધવન, ૨) હૃતિક રોશન-ફરહાન અખ્તર- અભય દેઓલ, ૩) સુશાંતસિંહ રાજપૂત -રાજકુમાર રાવ-અમિત સાધ, ૪) કાર્તિક આર્યન- દિવ્યેન્દુ શર્મા-રાયો એસ બખીરા, ૫) સૈફ અલી ખાન- કુણાલ ખેમું- આનંદ તિવારી, ૬) મિથુન ચક્રવર્તી-સંજય દત્ત- ગોવિંદા, ૭) અક્ષય કુમાર- રિતેશ દેશમુખ- ફરદીન ખાન

# મેટિની

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

# ‘ભાઈ’એ એક્શનને કહ્યું: આવજો!

## આ ડિસેમ્બરમાં ૬૦ વર્ષ પૂરા કરશે સલમાન... એણે કબૂલ્યું છે કે ફાઈટ -બાઈટ, કૂદકા- ભૂસકા, છલાંગ- બલાંગ હવે ભારે પડે છે!



૧૯૯૦ના દાયકામાં હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ખાન ત્રિપુટીનો દબદબો હતો. ત્રણ દાયકા શાસન કર્યા પછી હવે ઘડપણ બોલે છે, કમ સે કમ ઉંમરની બાબતમાં. માર્ચમાં આમિરે ૬૦ પૂરા કર્યા, સપ્ટેમ્બરમાં શાહરુખ અને ડિસેમ્બરમાં સલમાન ખાન આયુષ્યના ૬૦ વર્ષ પૂરા કરશે. આ ત્રિપુટીમાં અત્યારે કિંગ ખાન અવ્વલ છે. ‘હવે ફિલ્મ નિર્માણ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું છે...’ એવી કબૂલાત આમિર કરી ચૂક્યો છે અને ભાઈજાન સલમાન ખાન અવઢવમાં છે. જોકે, ઢળતી ઉંમરે એક્શન ફિલ્મો તરફ વળીને શાહરુખે સફળતા અંકે કરી છે જ્યારે સલમાનએ એક્શનને ‘આવજો’ કહેવાનું મન બનાવી લીધું હોય એવું એના આજકાલનાં નિવેદનો પરથી લાગી રહ્યું છે. ફાઈટ- બાઈટ... કૂદકા- ભૂસકા...

છલાંગ- બલાંગ હવે ભારે પડે છે યાને કે એક્શન સીન કરવા હવે આસાન નથી એવી કબૂલાત સલમાને એક ઈન્ટરવ્યૂમાં કરી છે. આમ સલમાનના કેસમાં ‘સાઠી બુદ્ધિ નાઠી’ નહીં, પણ ‘સાઠી બુદ્ધિ સાચી’ એમ કહેવું જોઈએ, કારણ કે સમય વર્તે સાવધાનનો અભિગમ એણે અપનાવ્યો છે.

એક ચોખવટ : મૂળ કહેવત ‘સાઠી બુદ્ધિ નાઠી’ છે જે કાળક્રમે ‘સાઠે બુદ્ધિ નાઠી’ તરીકે બોલાતી આવી છે. સાઠી એટલે સાઠ વર્ષની ઉંમર. કોઈને સાઠી બરાબર નહીં લાગ્યું હોય અને એનું ‘સાઈઠે બુદ્ધિ નાઠી’ કરી નાખ્યું હશે, જે પછી બોલવામાં સરળતા પડે એ માટે ‘સાઠે બુદ્ધિ નાઠી’ થઈ ગયું હશે...ખેર, જે હોય તે...

હકીકત એ છે કે એ. આર. મુરુગાદોસની આ વર્ષે રિલીઝ થયેલી એક્શન ડ્રામા ‘સિકંદર’ બોક્સ ઓફિસની દુનિયા સર કરવાના બદલે ધૂળ ચાટતી થઈ એના આંચકામાંથી ભાઈજાન હજુ બહાર નથી આવ્યા. પિતા સલીમ ખાનની સલાહ કે પછી પોતાને જ અણસાર આવી ગયો કે હવે એક્શન પૂરતું સીમિત રહેવામાં મજા નથી એટલે ભાઈજાન ‘ગલવાન’ પછી ‘સમ એક્શન એન્ડ અધર ઈમોશન’ માટે મન મનાવી બેઠો હોય એવું ચિત્ર ઉપસી રહ્યું છે. હાલ સલમાનની એક જ ફિલ્મ ફ્લોર પર છે - અપૂર્વ લાખિયા (‘શૂટઆઉટ એટ લોખંડવાલા’ બનાવી હતી) દિગ્દર્શિત ‘બેટલ ઓફ ગલવાન’. ફિલ્મ ભારત - ચીન વચ્ચે ૨૦૨૦માં લદ્દાખની ગલવાન ખીણમાં થયેલી લડાઈ પર આધારિત છે. એમાં એક્શન સીન ઠાંસોઠાંસ ભરેલા હશે એ કહેવાની જરૂર ખરી? ભાઈજાન લશ્કરી જવાનની ભૂમિકા કરી રહ્યો છે. સલમાન ખાન ફિલ્મ્સના બેનર હેઠળ બની રહેલા આ ચિત્રપટ સંદર્ભે જ ‘હવે એક્શન સીન કરવામાં શરીર સાથ નથી દેતું’ મતલબની પ્રતિક્રિયા ભાઈજાને આપી છે. ‘બેટલ ઓફ ગલવાન’ સાઈન કરી ત્યારે એને આ વોર ડ્રામા ફિલ્મ અત્યંત રોમાંચક લાગી હતી અને એટલે તરત હા પાડી દીધી હતી, પણ જેમ જેમ શૂટિંગ થતું ગયું એમ એમ એક્શન સીન કરવામાં હવે પહેલા જેવી આસાની નથી રહી એનો ખ્યાલ આવતો ગયો. ખૂબ ઊંચાઈએ અને ઠંડાગાર પાણીમાં શૂટિંગ કરવામાં ખાસ્સી તકલીફ અનુભવી છે.

તો કરવું શું?

આમિર અને શાહરુખે જેમ પોતપોતાની નવી કેડી તૈયાર કરી એમ સલમાનનું મન હવે શેમાં પરોવાય છે કે શેના તરફ એ ઢળવા માગે છે એ સંભવતઃ એનો આગામી દોર નક્કી કરી શકે છે.

લેટેસ્ટ રિપોર્ટ અનુસાર સલમાન સાઉથના - મલયાલમ ફિલ્મના ડિરેક્ટર મહેશ નારાયણન સાથે હિન્દી ફિલ્મ કરવા અંગે ચર્ચા કરી રહ્યો છે. મલયાલમ ઉપરાંત તમિળ ફિલ્મો પણ ડિરેક્ટ કરનારા મહેશ પાસે ત્રણ હિન્દી ફિલ્મ (‘ફિર કભી’ - મિથુન, ડિમ્પલ તેમજ ‘વિશ્વરૂપમ’ - કમલ હસન, રાહુલ બોઝ અને ‘ટ્રાફિક’ - મનોજ બાજપેયી અને જિમી શેરગિલ)નું એડિટિંગ કરવાનો અનુભવ છે. સાઉથના દિગ્દર્શકોમાં હિન્દી ફિલ્મો કરવાની ઈચ્છા બળવત્તર થઈ રહી છે એ યાદીમાં હવે મહેશ નારાયણનનું નામ પણ જોડાઈ જશે. આ ફિલ્મ પિરિયડ થ્રિલર હશે અને એટલે એક્શન સીન તો હોવાના જ પણ સલમાન પિરિયડ ફિલ્મ - ઐતિહાસિક પાર્શ્વભૂમિ ધરાવતી ફિલ્મ પહેલી જ વાર કરી રહ્યો છે. ટૂંકમાં પોતાના કમ્ફર્ટ ઝોન - માફક આવે એવા જોનર સિવાયની ફિલ્મો કરવાની એને ઉત્કંઠા છે અને જરૂરિયાત પણ છે.

સલમાન જે અન્ય ફિલ્મ મેકર સાથે ચર્ચામાં છે એમાં એક અગ્રણી અને જાણીતું નામ કબીર ખાનનું છે. કબીર ખાન સાથે સલમાન ત્રણ ફિલ્મમાં કામ કરી ચૂક્યો છે. એમાંથી બે ફિલ્મ (‘બજરંગી ભાઈજાન’ અને ‘એક થા ટાઈગર; ) સુપરહિટ હતી. ત્રીજી ‘ટ્યુબલાઈટ’ ઝબૂક..ઝબૂક થઈને નિષ્ફળ નીવડી હતી. બે ફિલ્મમાં એક્શન ભારોભાર હતું જ્યારે ‘બજરંગી ભાઈજાન’ કોમેડી ડ્રામા હતી. કબીર - સલમાન સૌથી વધુ ઉત્સુક ‘બજરંગી ભાઈજાન’ની સિક્વલ બનાવવા માટે છે. અલબત્ત, એની સ્ક્રિપ્ટ હજી તૈયાર નથી થઈ એટલે મામલો અધ્ધર છે, પણ કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળવું એ નિશ્ચિત છે.

શાહરુખ ખાન અને રણબીર કપૂર બંને રોમેન્ટિક હીરો પણ આ બંને એક્ટરે રોમેન્સને રામ રામ કરી બીજા જોનરનો અખતરો કરી સફળતા મેળવી છે. શું એનું પુનરાવર્તન એક્શનને આવજો કહી નવો અખતરો કરવા માગતા સલમાનના કેસમાં જોવા મળશે?

જોઈએ...ટાઈમ વીલ ટેલ! ■

# મુગલ-એ-આઝમઃ શાનદાર દંતકથાના ૩ ગુજરાતી કનેક્શન...

સ્ટાર-યાર-કલાકાર
સંજય છેલ

મારા માટે જીવનનો દિવસ સૌથી યાદગાર દિવસ હતો જ્યારે ‘મુગલ-એ-આઝમ’નાં ૫૪મા વરસે નવેમ્બર - ૨૦૦૪માં એનું રંગીન વર્ઝન મુંબઇનાં ‘ઇરોઝ’ સિનેમામાં રિલીઝ થયું ત્યારે પ્રીમિયરમાં દિલીપકુમારજીની હાજરીમાં હું માતાપિતા સાથે સપરિવાર ગયેલો ને મેં અને મારા ૭-૮ વરસના દીકરાએ સ્ક્રીન પર સિક્કાઓ ફેંકેલા...


એ વખતે ઇન્ટરવલમાં દિલીપકુમારે અદ્ભુત સ્પીચમાં કહેલું :


‘યે લાજવાબ તસ્વીર (ફિલ્મ) બતાતી હૈ કિ કિતના મહાન મુલ્ક હૈ યે હિંદુસ્તાન! ક્યા રિવાયત,પરંપરા, સંસ્કાર થે ક્યા શહેનશાહ થે ઔર આજ?’

એ વખતે બાજુમાં અમરસિંહ નામના ચલતાપૂર્જા નેતા ઊભા હતા. એમનું મોઢું પડી ગયું. પછી તો દરેક વાક્યે દિલીપસા’બ ભારત અને ફિલ્મની તારીફ કરે ને માત્ર ‘આજ?’ કહીને અમરસિંહ સામે જુએ ને લોકો તાળી પર તાળી પાડે...! આખરે અમરસિંહ સ્ટેજ પરથી વિલા મોઢે ઊતરી ગયા ને પછી પછી તો દર્શકો શ્રોતાઓએ બમણી તાળીઓ પાડી.!

એ રંગીન ‘મુગલ-એ-આઝમ’ ને ફરી લખલૂંટ ખર્ચે રજૂ કરનાર હતા આપણાં ગુજરાતી કલાપ્રેમી હીરાના વેપારી, નિર્માતા વિતરક (‘તેઝાબ’ ફિલ્મ ફેમ) સ્વ.દીનેશ ગાંધી, જેઓ થોડાં વરસો પહેલાં ગગનચુંબી ઇમારતમાં લાગેલ આગમાં અવસાન પામ્યા.

તમને ખબર છે એ ફિલ્મમાં ‘મોહે પનઘટ પે..’ ગીત આપણાં ગુજરાતી રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટે જૂની રંગભૂમિનાં નાટક માટે લખેલું ને એમનું નામ પણ ફિલ્મમાં નહોતું અપાયેલું. પછી વરસો સુધી એમના પરિવારે એ વિશે વિરોધ કર્યો ને આખરે કલર કોપીમાં એમનું નામ ઉમેરાયું! ગુજરાતીઓ માટે દુઃખની અને હરખની બેઉ વાત છે.




જ્યારે ૧૯૬૦માં ડિરેક્ટર કે.આસિફે મરાઠામંદિર થિએટરમાં ‘મુગલ-એ-આઝમ’નું ભવ્ય પ્રીમિયર યોજ્યું ત્યારે ફિલ્મની રીલ્સને હાથીની અંબાડી પર, ઢોલ-નગારાને શરણાઈ સાથે શાહી સવારી જેમ લાવવામાં આવેલી. ફિલ્મનું ટિકિટનું બુકિંગ શરૂ થયું, એના ત્રણ જ દિવસ પહેલાં મુંબઇમાં ભારે વરસાદ, છતાં ટિકિટબારી પર લોકોની લાઈન લાગી હતી ને પહેલી ટિકિટ સંપતલાલ લોઢા નામના સિનેમા રસિકે ખરીદેલી.

‘મુગલ-એ-આઝમ’નાં પ્રીમિયરમાં દિલીપકુમાર કે મધુબાલા બેઉ હાજર નહોતાં. દિલીપકુમાર નિર્માતા નિર્દેશક કે. આસિફ સાથે નારાજ હતા, કારણ કે આસિફે દિલીપકુમારની બહેન સાથે ચોરીછૂપી શાદી કરેલી. જ્યારે મધુબાલા દિલીપકુમારનાં અબોલા હતા માટે એ હૃદયની બીમારીનાં બહાને હાજર નહોતી. મરાઠા મંદિરમાં સતત ૭૭ અઠવાડિયા સુધી ‘મુગલ-એ-આઝમ’ના તમામ શો હાઉસફુલ રહેલા!.

સંગીતકાર નૌશાદ એ દિવસોમાં ‘ઉડન ખટોલા’નું સંગીત બનાવી રહ્યા હતા. આસિફે કહ્યું, ‘તું હંમેશાં કહેતો હતો કે મોટું કામ કરીને બતાવ! તો, હું ફરી ‘મુગલ-એ-આઝમ’ બનાવું છું, એનું સંગીત તારે આપવું પડશે.’ નૌશાદે કહ્યું, : ‘સોરી, હમણાં ખૂબ વ્યસ્ત છું ને તબિયત પણ સારી નથી રહેતી...’ આસિફે એ જમાનામાં એક લાખ રૂ. નૌશાદના હાર્મોનિયમ પર મૂક્યા. નૌશાદને લાગ્યું કે આસિફ એમનું ને કલાનું અપમાન કરે છે માટે ગુસ્સામાં નૌશાદે પૈસા ફેંકી દીધા. આ જોઇ આસિફ ફક્ત મલકાતા રહ્યા.

એવામાં નૌશાદના ચા લાવનાર નોકરે રૂમમાં નોટો ફંગોળાયેલી જોઈ. એણે નૌશાદની પત્નીને દોડીને આ વાત જણાવી. નૌશાદની પત્નીએ કે.આસિફને પૂછ્યું : ‘આ બધું શું છે?’ ત્યારે આસિફે ચા પીતાંપીતાં કહ્યું : ‘તમારા મિયાંને પૂછો.’ ને પછી નૌશાદને કહ્યું : ‘નૌશાદસાબ, ઝિદ ના કરો... પૈસા રાખો... સંગીત તમારે જ આપવાનું છે! ’ છેવટે નૌશાદ પીગળી ગયા ને કહ્યું : ‘પૈસા પાછા લો. હું સંગીત આપીશ ને પછી જ મારી ફી લઈશ!’

બીજી તરફ, નવાઈ પમાડે એવી વાત એ હતી કે ફિલ્મ માટે સેંકડો હાથીઘોડા, ભવ્ય સેટ્સ, સાચા હીરામોતી ને સોનાનાં દાગીના બનાવનાર કે.આસિફ પોતે ભાડાની ટેક્સીમાં ફરતા ને ઉધારીમાં સિગરેટ લેતા એવા મુફલિસ હતા, પણ એ નિર્માતા નિર્દેશકમાં એક કલાકાર જીવ હતો.૧૫-૧૫ વરસ ઝઝૂમીને યાદગાર ફિલ્મ બનાવીને જ એ જંપ્યા .

નૌશાદને ‘મોહે પનઘટ પે નંદલાલ છેડ ગયો’ ગીત માટે કે. આસિફે કહ્યું કે એ ગીતનાં નૃત્યમાં વાજિદઅલી શાહના દરબારની ઠુમરીદાદરાની યાદ આવવી જોઇએ....કથકમાં ચહેરા ને હાથના હાવભાવ હોય, પરંતુ મધુબાલાને કથક નથી આવડતું, પણ એ પછી વિખ્યાત કથકગુરુ લચ્છૂ મહારાજે મધુબાલાને દિવસો પ્રેક્ટિસ કરાવી ને કોઇ ડુપ્લિકેટ વિના ગીત મધુબાલા પર જ શૂટ કરેલું.

કે. આસિફ ફિલ્મને વાસ્તવિક બનાવવા માટે પાગલ હતા. અકબર તરીકે પૃથ્વીરાજ કપૂર જ્યારે સલીમ ચિશ્તીની મઝાર પર જાય ત્યારે એમણે ગરમ રેતીમાં ભર તડકામાં જ સીન શૂટ કરેલો!

એ જ રીતે દેવામાં ડૂબેલા કે.આસિફે અકબર પૃથ્વીરાજ કપૂર માટે એ સમયે ૪૦૦૦ રૂ.ના ખાસ જૂતા બનાવ્યા ત્યારે કેમેરામેન આર.ડી. માથુરે કહ્યું : ‘આટલા મોંઘા જૂતાનો શું ફાયદો? શોટમાં બરોબર દેખાશેય પણ નહીં.’ ત્યારે ધૂની ને જિદ્દી આસિફે કહ્યું : ‘અકબર શાહી જૂતા પહેરશે તો જ એમની ચાલમાં મુગલ શહેનશાહની શાન આપોઆપ આવશે! !

એજ રીતે શહેજાદા સલીમ માટે સાચા વજનદાર લોખંડનું બખ્તર બનાવેલું, જે દિલીપકુમારને પહેરીને ચાલતા દિવસો લાગેલા.

‘મુગલ-એ-આઝમ’માં શીશમહેલનો સેટ બધાને યાદ હશે. શીશમહેલના સેટને બનતા બે વર્ષ લાગેલા ને છેક બેલ્જિયમથી રંગીન કાચ મંગાવેલા. કેમેરામેન માથુરે સેટ જોઇ માથું પકડી લીધેલું કે ચારેબાજુ આયનાના ટુકડા હોય તો કેમેરા અને લાઇટો કેમ છૂપાવવી? અઠવાડિયા સુધી શીશમહેલની લાઇટિંગ ચાલેલી!

આવી ભવ્ય ફિલ્મ વરસો સુધી બનતી રહી ને એમાં ફાઇનાન્સ કરનારા ગુજરાતી પારસી દિલદાર શાપૂરજી પાલનજી હતા. ૫૪મે વરસે રંગીન ‘મુગલ-એ-આઝમ’ના પ્રીમિયરમાં દિલીપકુમારે શાપૂરજીના પૌત્રને જોઇને કહેલુંઃ ‘હમેં ફક્ર હૈ કિ હમ ઉસ નૌજવાન કે પાસ ખડે હૈં, જો ઇસ શાહકારકો બનાને કે લિયે બેહિસાબ દૌલત લૂંટાનેવાલે શાપૂરજી ભાઇકા લહુ ઉનકે ઇસ યંગમેન કી રગોમેં બહ રહા હૈ!’

આપણને પણ ગુજરાતી તરીકે શાપૂરજીનું ગૌરવ હોવું જ જોઇએ... ‘મુગલ-એ આઝમ’ વિશે તો એટલી વાતો છે , જેનો કોઈ અંત જ નથી. ભારતીય સિનેમાના ઇતિહાસની મહાન શાનદાર કલાકૃતિ ‘મુગલ-એ-આઝમ’ને આજે ૬૫ વર્ષ થયા એ અવસરે એની સાથે સંકળાયેલા દરેકને પ્રણામ અને સલામ...! ■

# માપી માપીને સંબંધ રાખનારાનાં ત્રાજવા હંમેશાં ખાલી હોય છે...



સાત્વિકમ્ શિવમ્
અરવિંદ વેકરિયા

ગયા લેખમાં મેં વિદેશી સફરની વાત માંડી. ખુશી જો હોય તો એક જ હતી કે હું, સનત વ્યાસ અને પ્રતાપ સચદેવ સાથે જઈ રહ્યાં હતાં. અમારી દોસ્તીની વાત ઘડી ઘડી માંડવી ખોટી, એ અમાપ છે અને રહેશે. બાકી માપી માપીને સંબંધ રાખનારાનાં ત્રાજવા હંમેશાં ખાલી હોય છે. ટૂંકમાં હવે શફીભાઈનાં રિહર્સલ છોડી હું આ પરદેશ માટે ચાલતાં રિહર્સલમાં જોડાઈ ગયો. દિગ્દર્શક હતો સિદ્ધાર્થ. નૈરોબી જવાની તારીખ નજીક આવતી હતી. હું માત્ર બે જ નાટકમાં હતો એટલે પ્રમાણમાં એ નાટક પૂરતું જ રિહર્સલમાં જવાનું રહેતું. રાતા ગુલમહોર નાટક નૈરોબીથી દુબઈ પણ જવાનું હતું. એટલે મારાં સહિત અમુક કલાકારો નૈરોબીથી મુંબઈ પરત ફરવાનાં હતાં. જતી વખતે કમિટ થયેલું કે ત્યાં જોવાલાયક મસાઈમારા તો જવું જ અને આયોજકે એ સ્વીકારેલું. અમુક શો નૈરોબી, પછી બાજુમાં આવેલ ‘કિશુમુ’ અને ‘નકુરુ’ નામના ગામમાં પણ શો હતા. કિશુમુમાં જલારામનું મંદિર જોવાલાયક છે. એ પછી ટાન્ઝાનિયામાં આવેલ દારે-સલામમાં છ-સાત દિવસ. ત્યાં તમારે હોટલમાં રહેવું હોય તો બિલ ડૉલરમાં ચૂકવવાનું આવે એટલે આયોજકો પોતપોતાનાં ઘરે અમુક-અમુક કલાકારો વહેંચી લઈ ડૉલર બચાવતા. ત્યાંની કરન્સી ટાન્ઝાનિયા-શિલિંગ હતી. નૈરોબીમાં શિલિંગનું ચલણ. અમે ‘૯૦ મા ગયા ત્યારે ભાવ ૧૦૦રૂપિયાના ૧૪૦ શિલિંગનો હતો. દારે-સલામથી શો પતાવી પાછા નૈરોબી. બાજુમાં આવેલ મોમ્બાસામાં પણ શો હતો. આ બધું સાંભળી રોમાંચ વધતો જતો હતો ત્રણે’ય ને.!

નીકળવાનું લગભગ માર્ચ મહિનાનું નક્કી થયું. એ પહેલાની વિધિઓ પતાવવાની હતી. ખાસ તો ‘વર્ક-પરમિટ’ મેળવવી પડે. અમુક દિવસ પહેલાં ‘યેલો-ફીવર’નાં ઇન્જેક્શન બધાએ લેવા પડે. અમારા ત્રણ માટે આ બધું રોમાંચિત કરનારું હતું.

ઘણીવાર નાટકની નક્કી કરેલ નાઈટ બાબત વિચારે ચડી જતો. બધાં નાટકોમાં હોત તો ચિંતા ઓછી થાત, કારણ જે બધાનું થવાનું હશે એ જ મારું પણ થાત, પણ મારે તો બે નાટકમાં જ કામ કરવાનું હતું છતાં સનત-સચ્ચું સાથે જવાનો મોકો મળ્યો એ મળનારી નાઈટ કરતાં મોટો, એ ગણિત માંડીને શાતા અનુભવતો. હું જાણું છું કે જીવનનાં ગણિતમાં શાંતિના દાખલા ફક્ત એ જ શીખી શકે જેને સંતોષના સરવાળા આવડતાં હોય.

અંતે બધી ફોર્માલિટી પતી અને જવાની તારીખ નક્કી થઈ ૧૧ માર્ચ, ૧૯૯૦.

એ વખતે મારાં મમ્મી-પપ્પા (હું એમને ‘બા’ અને ‘ભાઈ’ કહેતો.) જીવતાં.૧૧ માર્ચ,’૯૦ ના દિવસે મેં બંનેના આશીર્વાદ લીધાં. ‘મા’નાં આશીર્વાદ સમય તો શું નસીબ પણ બદલી દે. નૈરોબી એરલાઈન્સમાં જવાનું હતું. નોકરીમાં હતો ત્યારે ફ્લાઈટમાં બેઠેલો, ઓફકોર્સ કંપનીના ખર્ચે, પણ ઘરની કોઈ સફર માટે ટ્રેનનો સેકંડ ક્લાસ જ પરવડતો. એ જ વાસ્તવિકતા હતી જે કડવી હોય છતાં છોડી ન શકાય. ત્યારે સચ્ચું કાંદિવલી અને સનત બોરીવલીમાં અને હું કાંદિવલીમાં જ રહેતો. ત્રિપુટી સાથે મળી સહાર-એરપોર્ટ પહોંચી. ઉત્સાહ એટલો હતો કે અમે ખાસ્સા વહેલાં પહોંચી ગયા.

ધીમે ધીમે બધાં ભેગા થતા ગયાં. અમારાં ત્રણ વચ્ચે વાત થયેલી કે ઘણાં ફોરન જતાં ગ્રૂપમાં નાના-મોટા ઝગડા થતાં હોય છે. એ સહજ પણ છે. રિહર્સલ કે શોમાં તો સાથે અઢી-ત્રણ કલાક રહેવાનું હોય. ફોરેનમાં તો સતત સાથે. ત્યારે જ બધાનાં સાચા ‘સ્વભાવ’ની ખબર પડે અને એટલે અમે નક્કી કરી લીધેલું કે ‘હાસ્ય’ એ કપરા સમયની સારી પ્રતિક્રિયા છે અને મૌન એ ખોટા પ્રશ્નોનો સારો ને સાચો જવાબ. એટલીસ્ટ, અમારી સાથે ઝગડાની શક્યતા ન રહે. બાકી અમુક લોકો તો કઈ ન હોય તો પણ અંટસ પડે એવા ‘પ્રસંગો’ ઊભા કરવામાં પાવરધા હોય છે.

આખરે સમય થતા બધા ફ્લાઈટમાં ગોઠવાયા. ભગવાનના નામ સાથે થોડી ઊંઘ પણ ખેંચી. ત્યાં એનાઉન્સમેન્ટ થયું કે થોડીવારમાં ફ્લાઈટ નૈરોબી એરપોર્ટ પર લેન્ડ થશે. અમે વિન્ડોમાંથી જોયું. લીલોતરી ધીમે ધીમે દેખાવી શરૂ થઈ અને નજીક આવવા લાગી. ભલે શફીભાઈનો પ્લે છોડ્યો પણ ફોરેન આવવાની આશા ફળીભૂત થવાનો હરખ વિશેષ હતો. જિંદગીમાં જે મેળવવું હોય તે સમય પર મેળવી લેવું, કારણ કે આમેય જિંદગી તક ઓછી અને અફસોસ વધારે આપે છે.



ઈમિગ્રેશનની વિધિ પતાવી બહાર નીકળ્યાં. ત્યાં ફોર્મ ભરવા મેં જે પેન કાઢેલી એ ત્યાંની કાળી-ઝાડી સિક્યુરિટિબાઈએ નાઈસ પેન કહીને રાખી લીધી. હું જોતો જ રહ્યો. ત્યાં જ સનત-સચ્ચુએ મને ખેંચ્યો.

આયોજક રાજાણીનાં સહાયકો ગાડી લઈને આવી ગયા હતાં. બધા ગાડીમાં બેસી આવ્યા ‘લોહાણા વાડી’માં. ઉપર જઈને જોયા પછી તરત સિધ્ધાર્થે કહી દીધું કે :

‘અમારા કલાકારો અહીં નહીં રહે.!’ ■

ડબ્બલ રિચાર્જ

અમુક લોકોને જોઇને અંદરથી આપોઆપ કેમ છો?ની જગ્યાએ છો જ કેમ? એવો અવાજ આવે છે.

હેન્રી શાસ્ત્રી




# બર્મનદા-રફીની યાદગાર જુગલબંધી...

## એસડી-દેવ આનંદનાં ગીતો- સંગીતની વાત નીકળે એટલે કિશોર કુમાર જ યાદ આવે. જોકે, રફી સાથે પણ એમનાં ગીત અવિસ્મરણીય છે

સચિન દેવ બર્મનના નામનો ઉલ્લેખ થાય એટલે સૌપ્રથમ દેવ આનંદની ફિલ્મો અને ગાયક કિશોર કુમાર નજર સામે તરવરવા લાગે. આ દલીલને સમર્થન આપતા આંકડા પણ છે. ૧૯૪૬થી ૧૯૭૬ એ ત્રણ દાયકા દરમિયાન બર્મનદાએ કિશોર કુમાર પાસે ૫૬ સોલો અને ૫૫ યુગલ ગીત રેકોર્ડ કર્યાં. તેમ છતાં એસડી - દેવ આનંદની વાત કરતી વખતે કેવળ કિશોરદાને જ યાદ કરવા એ મોહમ્મદ રફી સાથે અન્યાય કરવા બરાબર છે.

ગાયકોમાં 'ઓલરાઉન્ડર'ની ઉપમા ધરાવતા મોહમ્મદ રફીની જન્મશતાબ્દીનું વર્ષ ચાલી રહ્યું છે. આ મહાન ગાયક વિશે આ કોલમમાં તેમજ અન્યત્ર ઢગલાબંધ લખાણ થઈ ગયું છે. ખૂબ વિચાર કર્યા પછી દેવ આનંદ પર ફિલ્માવાયેલા એસ ડી બર્મન - મોહમ્મદ રફી જુગલબંધીનાં ગીતો વિશે 'મુંબઈ સમાચાર'ના રસિક વાચકોને જણાવવાનો આ પ્રયાસ કર્યો છે.

માત્ર સંખ્યાની વાત કરીએ તો ત્રણ દાયકામાં બર્મનદાએ રફી પાસે ૪૫ સોલો અને ૪૪ યુગલ ગીત ગવડાવ્યાં હોવાની આધારભૂત માહિતી ઉપલબ્ધ છે, પણ રફીને કેવળ સંખ્યાથી મૂલવવા એ ઘોર અપરાધ કહેવાય. એસડી - રફીની જોડીનો પ્રારંભ થયો સંગીતકારની ત્રીજી ફિલ્મ 'દો ભાઈ'થી. અલબત્ત, રફીનું એ સોલો ગીત 'દુનિયા મેં મેરી આજ અંધેરા હી અંધેરા' સામાન્ય હતું અને રફી પ્રેમીઓના સ્મરણમાં પણ નહીં હોય.

આપણે અહીં દેવ આનંદ પર ફિલ્માવાયેલાં ૧૯૫૦ - ૬૦ના દાયકાનાં ગીતો વિશે વાત કરીશું, જેમાં સંગીતકાર સચિન દેવ બર્મન હતા.

૧૯૫૦માં 'નવકેતન ફિલ્મ્સ' બેનરની સ્થાપના આનંદ બંધુઓએ કરી અને પહેલી ફિલ્મ 'અફસર'થી જ સચિન

દેવ બર્મન સ્થાયી સંગીતકાર બની ગયા. 'અફસર' પછી આવી 'ટેક્સી ડ્રાઈવર', જેમાં કિશોર કુમારનું એક ગીત પણ રફીની ગેરહાજરી. પછી આવી 'હાઉસ નંબર ૪૪'. ફરી કિશોરદાનું એક ગીત પણ અહીં રફીનું એક સુધ્ધાં પણ ગીત નહીં. અને ૧૯૫૭માં આવી 'નૌ દો ગ્યારહ' જેમાં વિજય આનંદે દિગ્દર્શક તરીકે શ્રીગણેશ કર્યા. અહીંથી ગાયકીનું સ્વરૂપ બદલાયું. કિશોર કુમાર અને મોહમ્મદ રફીનો પાર્શ્વગાયક તરીકેનો ઉપયોગ વધ્યો. એમાં કિશોરદાનાં બે ગીત અને સાથે રફીના પણ આશા ભોસલે સાથે બે યુગલ ગીત - 'કલી કે રૂપ મેં ચલી હો ધૂપ મેં કહાં' અને 'આજા પંછી અકેલા હૈ'. આશ્ચર્ય થાય એવી વાત એ છે કે રફીના બંને ગીતનો મૂડ અને એનું સ્વરાંકન કિશોર કુમારની સ્ટાઈલને અનુકૂળ આવે એવું હોવા છતાં બર્મનદાએ રફી પાસે ગવડાવ્યાં હતાં.

વાત એમ છે કે બંને ગાયકના સ્વરમાં રહેલા એક સૂક્ષ્મ તફાવતથી એસડી વાકેફ હતા. કિશોરદાનાં મસ્તીભર્યાં ગીતોમાં નર્યું રમતિયાળપણું છે જ્યારે રફી સાબ મસ્તીભર્યાં ગીતો ગાય એમાં મૃદુતાનો એહસાસ થાય છે. એટલે દેવ આનંદ માટે ક્યારે રફીનો ઉપયોગ કરવો અને ક્યારે કિશોરનો એ બર્મનદા બરાબર જાણતા હતા. એટલે જ 'પેઈંગ ગેસ્ટ'માં રફીનું એક સુધ્ધાં ગીત નથી. જોકે, એના બીજા જ વર્ષે આવેલી 'કાલા પાની'માં એકદમ વિપરીત હિસાબ કિતાબ જોવા મળે છે. ફિલ્મમાં દેવ આનંદ પર ત્રણ ગીત પિક્ચરાઈઝ થયાં છે અને ત્રણેત્રણમાં પ્લેબેક મોહમ્મદ રફીનું છે. કિશોર કુમારની સદંતર ગેરહાજરી. સોલો ગીત હતું 'હમ બેખુદી મેં તુમ કો પુકારે ચલે ગયે'. એવું નથી કે કિશોરદાએ ગમગીનીનાં ગીતો માટે દેવ આનંદને પ્લેબેક નથી આપ્યું. 'ફન્ટુશ'નું 'દુ:ખી મન મેરે સુન મેરા કેહના, જહાં નહીં ચૈના વહાં નહીં રેહના' યાદ કરો. જોકે, 'કાલા પાની'નું ગીત આંખ બંધ કરીને સાંભળશો તો 'સારે વો જિંદગી કે સહારે ચલે ગયે' પંક્તિમાં રફીના સ્વરમાં જે પીડા, જે એકલતા ટપકે છે એ કિશોરદાના અવાજમાં હાંસિલ ન થયું હોત એવી માન્યતાથી જ એસડીએ આ ગીત રફી પાસે ગવડાવ્યું હશે. આ જ ફિલ્મનું રફી - આશાનું યુગલ ગીત 'અચ્છા જી મૈં હારી ચલો માન જાઓ ના' કિશોર કુમારને માફક આવે એવું હોવા છતાં રફીએ એમાં જે ખેલ કર્યો છે એ પ્રકારે કિશોરદા ન કરી શક્યા હોત એવું ગણિત બર્મનદાનું હોવું જોઈએ.

૧૯૬૦ની રાજ ખોસલા દિગ્દર્શિત દેવ આનંદ અભિનીત 'બમ્બઈ કા બાબુ'માં પણ કિશોર કુમારની ગેરહાજરી છે. દેવસાબ પર ફિલ્માવાયેલાં બે સોલો અને બે ડ્યુએટ એમ ચાર ગીતમાંથી ત્રણમાં રફી સાહેબની હાજરી છે અને ચોથું ગીત મન્ના ડેના સ્વરમાં છે. સ્વીકાર્યું કે 'સાથી ન કોઈ મંઝિલ' અસલ રફી સાબ માટેનું જ ગીત છે, પણ 'પવન ચલે તો ઊઠે મન મેં લહર સી' આશાજી સાથેનું યુગલ ગીત અને અસ્સલ કિશોરદાની શૈલીનું 'તક ધૂમ તક ધૂમ બજે દુનિયા તેરા ઢોલ રે' ગીત રફીના અવાજમાં સ્વરબદ્ધ કરવામાં આવ્યું હતું. આવું કેમ? એનો જવાબ તો બર્મનદા સિવાય કોઈ ન આપી શકે.


મોહમ્મદ રફી – એસ ડી બર્મન

૧૯૬૦માં આવેલી 'કાલા બાઝાર'માં તો મોહમ્મદ રફીએ તો કમાલ કરી છે. આ ફિલ્મમાં પણ દેવ આનંદ પર ફિલ્માવાયેલાં ગીતોમાં એક સુધ્ધાં ગીત કિશોર કુમારને ફાળે નહોતું આવ્યું. ફિલ્મમાં બે અફલાતૂન રોમેન્ટિક ગીત છે જે આજે પણ દિલ બાગ બાગ કરી શકવાની ક્ષમતા ધરાવે છે. પહેલું છે 'અપની તો હર આહ એક તૂફાન હૈ' જે રીતે શરૂ થાય છે એ સાંભળી આ ગીતને કિશોર કુમાર પણ અવ્વલ ન્યાય આપી શક્યા હોત એવી દલીલ થઈ શકે, પણ પછી 'ઉપરવાલા જાનકર અંજાન હૈ'માં રફીના સ્વરમાં જે આહલાદકતા મેહસૂસ થાય છે એ ભાવ કિશોરદા લાવી શક્યા હોત ખરા એવો સવાલ થાય ખરો. પછીની કડીની અંતિમ પંક્તિ 'યે ભી મુશ્કિલ હૈ તો ક્યા આસાન હૈ' સાંભળ્યા પછી આ ગીત મોહમ્મદ રફીનું જ છે, બીજા કોઈનું નહીં એવી પ્રતિક્રિયા ઉમટ્યા વિના ન રહે. ફિલ્મનું બીજું રોમેન્ટિક ગીત છે 'ખોયા ખોયા ચાંદ ખુલા આસમાં'. આખા ગીતમાં દેવ આનંદ દોડાદોડ કરે છે, રમતિયાળ છે તો કિશોર કુમાર કેમ નહીં? આંખ બંધ કરી ગીત સાંભળશો એટલે જવાબ મળી જશે. એમ તો રફી-ગીતા દત્તનું 'રીમઝીમ કે તરાને લેકે આયી બરસાત' સુધ્ધાં રોમેન્ટિક ગીત છે અને દેવ આનંદ અને વહિદા રેહમાન પર ફિલ્માવાયું છે. અલબત્ત, આ ગીત બેકગ્રાઉન્ડમાં છે, પણ એનો મૂડ રફીના સ્વર સાથે વધુ સુસંગત લાગે છે. ફરી એક વાર બર્મનદાની સૂઝને સલામ.

બે વર્ષ પછી આવેલી 'તેરે ઘર કે સામને' રોમેન્ટિક મ્યુઝિકલ લવ સ્ટોરી અને દેવ આનંદ શહેરી છેલ છબીલો યુવાન. તેમ છતાં કિશોર કુમારનું સમ ખાવા પૂરતું એક ગીત નહીં. ચિત્રપટના બે અદ્ભુત રોમેન્ટિક ગીત 'દિલ કા ભંવર કરે પુકાર' અને 'તૂ કહાં યે બતા ઈસ નશીલી રાત મેં' રફીની ગાયકીના કારણે દરેક પુરુષને પોતાનામાં દેવ આનંદ અને પોતાની પ્રેમિકામાં નૂતન દેખાવા લાગી હોય તો એની નવાઈ ન લાગવી જોઈએ. એમાંય જ્યારે રફીના સ્વરમાં 'પ્યાર કા રાગ સુનો રે' પંક્તિ સંભળાય છે ત્યારે કાનમાં ઘંટડી વાગતી હોય એવી ફીલિંગ આવે છે. 'તૂ કહાં યે બતા' ગીતમાં રફીના અવાજમાં 'આયી જબ ઠંડી હવા મૈંને પૂછા જો પતા, વો ભી ટકરા કે ગયી ઔર બેચૈન કિયા' પંક્તિ આંખ બંધ કરીને સાંભળજો. અક્ષરેઅક્ષર ઝણઝણાટી પેદા કરશે.

'નવકેતન'ની સર્વોત્તમ ફિલ્મ 'ગાઈડ'માં બર્મનદાએ ત્રણ ગીત રફી પાસે અને રમતિયાળ રોમેન્ટિક યુગલ ગીત 'ગાતા રહે મેરા દિલ' કિશોરદાના અવાજમાં સ્વરબદ્ધ કર્યું. ત્રણેય ગીતમાં રફી સાબનો જાદુ છવાયો છે. 'દિન ઢલ જાયે હાયે'માં તૂ તો ન આયે તેરી યાદ સતાયે રફી સાબે જે રીતે ગાયું છે એ સાંભળી વિરહનો સૂર કેવો હોય એનો એહસાસ થાય છે. એ સિવાય 'ક્યા સે ક્યા હો ગયા' અને 'તેરે મેરે સપને અબ એક રંગ હૈ' સાંભળશો તો રફી માટે જ આ ગીતો સર્જાયાં છે એવું માનવા લાગશો.

'તીન દેવિયાં'માં ત્રણ મસ્તીભર્યા રોમેન્ટિક ગીત એસ ડી બર્મને કિશોરદાના સ્વરમાં રેકોર્ડ કર્યા પણ 'ઐસે તો ના દેખો' એ નશીલું ગીત રફી પાસે ગવડાવ્યું, કારણ કે એ ગીતને રફી જેવો ન્યાય કોઈ નહીં આપી શકે એ બર્મનદા જાણતા હતા. દેવ આનંદે વિજય આનંદથી છૂટા પડ્યા પહેલાની અંતિમ ફિલ્મ હતી 'જ્વેલ થીફ'. ફિલ્મમાં બર્મનદાએ એક સોલો અને એક ડ્યુએટ કિશોર કુમારને આપ્યા, પણ સોફ્ટ રોમેન્ટિક યુગલ ગીત 'દિલ પુકારે આ રે આ રે'માં રફીનો ઉપયોગ કર્યો.

આટલું જાણ્યા પછી દેવ આનંદ પર ફિલ્માવાયેલા એસડીના ગીતોની વાત કરીએ એટલે માત્ર કિશોર કુમાર જ યાદ આવે એ બરાબર નથી એ તમને બરાબર ગળે ઊતરી ગયું હશે. અને હા, દેવ આનંદ માટે એકથી એક ચડિયાતાં અને અવિસ્મરણીય ગીતો ગાનારા મોહમ્મદ રફી સાથે દેવ આનંદે હળાહળ અન્યાય કર્યો છે. એમની દળદાર આત્મકથા 'રોમાન્સિંગ વિથ લાઈફ'માં મોહમ્મદ રફીનો ઉલ્લેખ કેવળ કેટલાક શબ્દો પૂરતો સીમિત છે! ■




મહેશ નાણાવટી

# રજનીકાન્ત સર ખરા અર્થમાં આવા નમ્ર છે...

સાઉથના સુપરસ્ટાર રજનીકાન્ત એટલે સાવ સાચા અર્થમાં સુપરસ્ટાર... કેમ કે આજકાલ તો સાઉથના લગભગ બધા હીરોના પોતાના નામની આગળ આવું છોગું લગાડે છે!

આ ખરા સુપરસ્ટાર પોતાની રિયલ લાઈફમાં કેટલા બધા વિવેકી અને નમ્ર છે એના અમુક કિસ્સા બડા રસપ્રદ છે. એ કિસ્સા શરૂ કરતાં પહેલાં એક અનોખી ઘટનાની નોંધ લેવી પડે કે આટઆટલાં વરસોની કારકિર્દીમાં હવે એમની એક નવી આગામી ફિલ્મ (નામ 'કુલી')ને 'એ' સર્ટિફિકેટ મળ્યું છે!

બીજી અજબ ઘટના ફિલ્મ 'જેલર' રિલીઝ થઈ હતી ત્યારે અમુક કંપનીઓએ પોતાના કર્મચારીઓને એ ફિલ્મ જોવા માટે બા-કાયદે 'રજા' આપી દીધી હતી!

આટઆટલી પ્રચંડ લોકપ્રિયતા હોવા છતાં રજનીકાંતના જાહેર વર્તનમાં ઘમંડનો છાંટો સુધ્ધાં જોવા મળતો નથી.


એક કિસ્સો 'શિવાજી: ધ બોસ' ફિલ્મ આવી તે વખતનો છે. એ ફિલ્મ સુપરહિટ થઈ ગઈ પછી રજનીકાન્ત તામિળનાડુમાં કોઈ મંદિરે જઈને ભગવાનનો પાડ માનવા માગતા હતા, પરંતુ જો તે જાહેરમાં મંદિરે જાય તો તો એમના ભક્તોની ભીડ (ભગવાનના ભક્તો તો ખરા જ, ઉપરની રજનીકાન્તના ભક્તોની ભીડ સંભાળવી પોલીસ માટે પણ મુશ્કેલ બની જાય એવું હતું તો કરવું શું? એટલે રજનીસરે નક્કી કર્યું કે એ પોતાના બે- ચાર મિત્રો સાથે ત્યાં વેશભૂષા બદલીને જશે.

રજનીકાન્તે એક સાવ ગરીબ માણસનો વેશ ધારણ કરી લીધો. મિત્રો સાથે લાઈનમાં ઊભા રહ્યા, ભગવાનના દર્શન કર્યા, પ્રસાદ લીધો અને બહાર આવીને એક ઓટલા પર બેઠા. હવે ત્યાંથી પસાર થઈ રહેલાં કોઈ સન્નારીને દયા આવી. તો એમણે પેલા ગરીબ દેખાતા માણસના હાથમાં દસ રૂપિયાની નોટ આપી દીધી ને રજનીકાન્તે એ લઈ પણ લીધી!

ત્યાર બાદ થોડીવાર પછી ત્યાંથી ઊભા થઈને રજનીકાન્ત મંદિરના પ્રાંગણમાંથી બહાર નીકળીને થોડે દૂર ઊભી રાખેલી કારમાં બેસવા જતા હતા ત્યાં એમને ૧૦ રૂપિયા દાનમાં આપ્યા હતા. એ સન્નારીની નજર પડી ને એ તરત જ સમજી ગયાં કે : અરે, તો આ તો રજનીકાન્ત પોતે જ છે!

એ બહેન દોડતાં આવ્યાં ને 'સોરી..સોરી!' કહેવા લાગ્યાં તો રજનીકાન્ત કહે : 'એમાં સોરી શાનું? આ તો હું તમારે લીધે હું મારા અભિનયની પરીક્ષામાં પાસ થયો!'

બીજો કિસ્સો જરા જૂનો છે. તે વખતે હજી 'રોજા' થી ફેમસ બનેલો અભિનેતા અરવિંદ સ્વામી સાવ નવો સવો કલાકાર હતો.



એક વાર અરવિંદ સ્વામીને એક સ્ટુડિયોમાં સવારે આઠ વાગે પહોંચવાનું હતું, પરંતુ આગલી રાત્રે એની બીજી એક ફિલ્મનું શૂટિંગ ૬૦-૭૦ કિલોમીટર દૂરના સ્થળે છેક મોડે સુધી ચાલ્યું હતું, છતાં ત્યાં પતાવીને આખી રાતની મુસાફરી કરીને અરવિંદ સ્વામી સ્ટુડિયો પર સમયસર પહોંચી ગયો. જો કે સ્ટુડિયો પર આવ્યા પછી અરવિંદ સ્વામીને ખબર પડી કે એનું શૂટિંગ તો બપોરે બાર વાગ્યા પહેલાં નહીં થાય. આ બાજુ રાતભરના થાકેલા અરવિંદ સ્વામીને સખત ઊંઘ ચડી હતી. એ સૂવા માટે સ્ટુડિયોમાં જે તરફ બેરેક્સ (જ્યાં રહેવા માટેની રૂમો હોય છે) તરફ ગયો. અહીં એક ખાલી પડેલા રૂમમાં એસી હતું. અરવિંદ એસી ચાલુ કરીને ઊંઘી ગયો!

બે અઢી કલાક પછી એની આંખ ખુલી તો જુએ છે કે રજનીકાન્ત સર તો ફર્શ પર ચટાઈ પાથરીને હાથનું ઓશિકું બનાવીને ઊંઘી રહ્યા છે! અરવિંદ સખત


રોબોટ

છોભીલો પડી ગયો. બલ્કે એને છેક હવે ખ્યાલ આવ્યો કે આ રૂમ તો રજની સર માટે સુરક્ષિત હતો!

અરવિંદ સ્વામીએ વારંવાર માફી માગતાં કહ્યું : 'સર, 'મારાથી બહુ મોટી ભૂલ થઈ ગઈ!' તો રજની સર હળવું સ્મિત કરતા બોલ્યા: 'એમાં શું? મેં તને જે રીતે ઘસઘસાટ ઊંઘતો જોયો ત્યારે સમજી ગયો કે તું ખૂબ થાકેલો હોઈશ એટલે મેં તને ઉઠાડ્યો જ નહીં!'

જરા કલ્પના કરો. બોલિવૂડના આજકાલના જે સુપરસ્ટારો કહેવાય છે એમની સાથે આવું બને તો પેલા નવાસવા કલાકારની શી દશા થાય? છતાં જોવાની વાત એ છે કે થોડા જ વરસો પછી 'દલપતિ' નામની ફિલ્મમાં અરવિંદ સ્વામીનો રજનીકાન્ત સાથે પહેલવહેલો હીરોનો રોલ હતો! રજનીકાન્ત પોતે પોતાની મજાક પણ બહુ ખેલદિલીથી કરી શકે છે. આપણે સૌ જાણીએ છીએ કે રજનીકાન્ત જ્યારે 'ઓફ-સ્ક્રીન' હોય ત્યારે મેકઅપ કરતા નથી અને સાવ વાળ વિહોણા હોવા છતાં એ જાહેરમાં પણ ક્યારેય વિગ પણ પહેરતા નથી. પોતાને માથે તો વરસો પહેલાં ટાલ પડી ગઈ છે છતાં એ કદી છુપાવતા નથી.

જ્યારે 'રોબોટ' ફિલ્મ રિલીઝ થઈ રહી હતી ત્યારે એમણે એક ખરેખર હસી પડાય તેવો કિસ્સો જાહેરમાં કહ્યો હતો. કિસ્સાની શરૂઆત કરતાં પહેલાં રજની સર ઐશ્વર્યા રાય તરફ જોઈને કહે છે: 'થેન્ક યુ ફોર વર્કિંગ વિથ મી એઝ માય હીરોઈન!.' (આ વાયરલ વીડિયો વારંવાર જોવા છે.)

પછી કિસ્સો શેર કરતાં કહે છે કે એક વાર તે જ્યારે બેંગ્લુરુમાં એક મિત્રના ઘરે ગયા હતા ત્યારે એમના પડોશમાં રહેતા એક ૬૦ વર્ષી રાજસ્થાની કાકાને દીકરો ખાસ અહીં ખેંચીને લાવ્યો હતો. પેલા રાજસ્થાની કાકા રજનીકાન્તને તો ઓળખતા જ નહોતા, કેમ કે એમણે કદી તામિળ ફિલ્મો જોયેલી નહીં. તેણે બેધડક નજીક આવીને માથા પર હાથ ફેરવવાનો ઇશારો કરીને પૂછ્યું: 'ક્યા હુઆ? સબ બાલ ચલા ગયા?'

રજનીકાન્તે જરા છોભીલા પડીને કહ્યું 'હાં ચલા ગયા.' પછી પેલા કાકાએ પૂછયું 'અભી રિટાયર હો ગયા?' તો રજની સર નમ્રતાથી બોલ્યા નહીં એક પિક્ચર આ રહી હૈ... 'રોબોટ.'

કાકા પૂછે છે : 'હીરો કૌન?' રજની સર કહે છે 'મેં! ' પેલા કાકા આશ્ચર્યથી પૂછે છે: 'હીરોઈન કૌન?' તો રજની સર કહે છે 'ઐશ્વર્યા રાય!'

ત્યારે રજની સર એ રમૂજી હાલતનું વર્ણન કરતાં કહે છે 'વો આદમી બોલને લગા... યે અમિતાભ બચ્ચન પાગલ હૈ ક્યા? ઐશ્વર્યા કો ઐસે હીરો કે સાથે હીરોઈન બનાતા હૈ?!'

...છેલ્લે ફરી વાર ઐશ્વર્યા તરફ જોઈને રજની સર કહે છે :

'સો થેંક્યુ બ્યુટીફૂલ મેમ, ફોર બિકમિંગ માય હીરોઈન!' ■

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### 'રાંઝણા'કોર્ટના દ્વાર ખખડાવશે...

છેવટે AI દ્વારા ચેન્જ કરવામાં આવેલા અંત સાથે 'રાંઝણા' ફરીથી રિલીઝ થઇ ગઈ. પ્રોડ્યુસર 'ઈરોસ ઇન્ટરનેશનલે' મૂળ દુ:ખી અંતને સ્થાને AIની મદદથી સુખદ અંત કરીને ફિલ્મ ફરીથી દેખાડી. આ કૃત્યથી માત્ર ફિલ્મના ડાયરેક્ટર આનંદ એલ રાય જ ગુસ્સે નથી, આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવનાર ધનુષે પણ 'ઈરોસ' વિરુદ્ધ બાણ ચડાવ્યું છે..

જે ભયથી ખુદ ગબ્બર એટલે કે હોલિવૂડ પણ થથરી રહ્યું છે એ ભય ભારતમાં સીધેસીધો જ ઊતરી આવ્યો છે. કલાકારોને ભય છે કે ક્યાંક AI એમનું સ્થાન ન લઇ લે. 'રાંઝણા' એ આ ભયને બધાની નજર સમક્ષ લાવીને ઊભો કરી દીધો. હવે આનંદ એલ રાય નિર્માતા 'ઈરોસ'ને પાઠ ભણાવવાનું નક્કી કરી ચૂક્યા છે.

એમણે પોતાનો રોષ જાહેર કરતાં કહ્યું કે હું અને ધનુષ બંને અમારી ફિલ્મોને લઈને ચિંતિત છીએ. અત્યારે અમે બંને કાયદાકીય રસ્તો વિચારી રહ્યા છીએ, જેથી આ પ્રકારનું 'દુ:સાહસ' ભવિષ્યમાં કોઈ બીજું ન કરી શકે.

બીજી તરફ, ઈરોસ પણ પોતાના બચાવમાં સામે આવ્યું છે. એનું કહેવું છે કે ફક્ત તમિળ વર્ઝનનો એન્ડ જ ચેન્જ કરવામાં આવ્યો છે. બાકી ભાષામાં અને અત્યારે ઓટીટી પર જે વર્ઝન ઉપલબ્ધ છે એને સ્પર્શ સુધ્ધાં કરવામાં આવ્યો નથી. જે હોય તે, પણ અત્યારે તો મનોરંજન ઉદ્યોગ માટે AI કોઈ શક્તિશાળી વિલનથી કમ નથી...

### અમેરિકામાં 'કૂલી' સામેની 'વોર' નબળી પડી...




દક્ષિણ ભારતની ફિલ્મો ફક્ત ઉત્તરી ભારત પર જ નહીં, પરંતુ વિદેશમાં પણ પોતાનો ફેલાવો વધારી રહી છે. આની સાબિતી હાલમાં અમેરિકાથી મળી રહી છે. ૧૪ ઓગસ્ટે હિન્દી ફિલ્મ 'વોર-૨' અમેરિકામાં હિન્દી ઉપરાંત તેલુગુમાં પણ રિલીઝ થશે તો રજનીકાંતની 'કુલી' જે તમિળ ફિલ્મ છે એ પણ એ જ દિવસે અમેરિકામાં રિલીઝ થવાની છે.

મજાની વાત હવે આવે છે. અમેરિકામાં હિન્દીભાષી લોકો પછી તેલુગુભાષી લોકોની સંખ્યા સહુથી વધુ છે. 'કુલી' તમિળ ફિલ્મ હોવા છતાં તેની પ્રી-રિલીઝ ટિકિટો 'વોર-૨' કરતાં ઘણી વધુ વેચાઈ ગઈ છે. એક આંકડા અનુસાર અમેરિકામાં 'વોર-૨'ની પ્રી- રિલીઝ ટિકિટ લગભગ અઢી લાખ ડૉલર્સની વેંચાઈ છે તો રજનીકાંત અહીં પણ છવાઈ ગયા છે. તેલુગુ ઓડિયન્સ વધુ હોવા છતાં અને ફિલ્મ તમિળ હોવા છતાં રજની અન્નાની 'કુલી'ની દસ લાખ ડૉલર્સથી પણ વધુ પ્રી-રિલીઝ ટિકિટ વેંચાઈ ચૂકી છે. 'વોર-૨' ૪૦૦ કરોડની ફિલ્મ છે અને ભારત ઉપરાંત ઓવરસીઝ માર્કેટમાંથી પણ તેને ભરપૂર કમાણીની આશા હોય એ સહજ છે, પરંતુ આ તાજા આંકડા જોઇને 'યશરાજ ફિલ્મ્સ'ને પરસેવો વળે તો નવાઈ નહીં. જ્યાં સુધી ટ્રેલરનો સવાલ છે તો 'વોર' કરતાં 'કુલી'નું ટ્રેલર લોકોને વધુ ગમ્યું હોવાનું સોશ્યલ મીડિયાનું અવલોકન કરતાં જણાય છે અને આજકાલ લોકો ટ્રેલર જોઇને ફિલ્મ જોવાનો નિર્ણય કરે છે એની તો 'યશરાજ' ને ખબર તો હશે જ ને?!

### આમ તો 'રામ તેરી ગંગા...' પણ ઓટીટીવાળા ન ખરીદે!!




પોતાની સુપરહીટ ફિલ્મ 'અંદાઝ'ના નામમાં ૨ ઉમેરીને સાવ નવા કલાકારો સાથે સુનીલ દર્શન બોલિવૂડમાં એક પ્રકારે પુનરાગમન કરી રહ્યા છે. મોડલ અને એક્ટર આયુષ કુમાર, આકાઈશા અને નતાશા ફર્નાન્ડીઝની 'અંદાઝ ૨' ને હજી સુધી એકપણ ઓટીટી પ્લેટફોર્મે ખરીદી નથી. આથી સુનીલ દર્શનનું દુ:ખ અને રોષ સામે આવ્યાં છે.

સુનીલભાઈનું કહેવું છે કે :'અંદાઝ ૨'ના ઓટીટી રાઈટ્સ હજીય મારી પાસે છે. એકપણ ઓટીટી પ્લેટફોર્મ દ્વારા અમારો સંપર્ક કરવામાં આવ્યો નથી. આ રીતે દુ:ખ વ્યક્ત કર્યા બાદ સુનીલભાઈ કહે છે કે આજકાલ બધાં સ્ટાર્સને જોઇને ફિલ્મ ખરીદે છે. આમ થવાથી સાચા ફિલ્મમેકર્સનું સન્માન જળવાતું નથી. સુનીલ દર્શન રોષમાં એવું પણ બોલી ગયા કે આજના જમાનામાં રાજ કપૂરની ' રામ તેરી ગંગા મૈલી' પણ કોઈ ઓટીટીએ ન ખરીદી હોત! લાગે છે કે સુનીલ દર્શને પોતાની આ નવી ફિલ્મ વિષે કાંઈક વધારે પડતું જ ધારી લીધું છે. નહીં તો ક્યાં રાજ કપૂર ને ક્યાં તેઓ પોતે?

બાકી ઓટીટી પ્લેટફોર્મ પણ બિઝનેસ જ કરે છે. કઈ ફિલ્મ ખરીદવી ઓટીટીવાળા પણ બરાબર જાણે છે...

'સૈયારા' એનું શ્રેષ્ઠ ઉદાહરણ છે! ■

### કટ એન્ડ ઓકે...




*'ભારતમાં બ્લોકબસ્ટર ફિલ્મો પણ માંડ ૨-૩% લોકો સુધી જ પહોંચે છે.'*

*- પોતાની ફિલ્મ 'યુટ્યુબ' પર રિલીઝ કર્યા બાદ આમિર ખાનનો ધમાકેદાર ખુલાસો.*

ફિલ્મનામા
નરેશ શાહ

# ‘ધ ગ્રેટ ઈન્ડિયન મર્ડર’ની આંટીઘૂંટી...

## આ વેબસિરીઝ લાજવાબની શ્રેણીમાં મૂકી શકાય તેવી નથી, છતાં તેના કથાવસ્તુમાં સંતોષ આપી શકવાનો દમ જરૂર છે!




હોમ મિનિસ્ટર જગન્નાથ રાયે આડાઅવળા ટાંગામેળ કરીને હત્યા કેસમાં પકડાયેલાં પોતાના એક માત્ર પુત્ર વિવેક રાયને છોડાવ્યો છે, પણ વાંગડ દીકરો ઈચ્છે છે કે, ઈમેજ ક્લિન-અપ કરવા માટે (નિર્દોષ છૂટ્યાની ખુશાલીમાં) એક પાર્ટી થ્રો કરવી જોઈએ અને પુત્રના કારણે હાઈ કમાન્ડની નજરે ચઢી ગયેલાં જગન્નાથ રાય (આશુતોષ રાણા)ને પણ લાગે છે કે બસ્સો કરોડ ખર્ચીને છોડાવેલાં પુત્રની વાત સાચી છે. ભલે, થતી પાર્ટી...

- અને પાર્ટીની રાતે પુત્ર વિવેક રાય થોડું લાગણીશીલ પ્રવચન આપીને બધાનું ધ્યાન ખેંચે છે ત્યાં જ ઉજવણીની આતાશબાજી શરૂ થાય છે. આંખોને ચકાચૌંધ કરી દેતી અને કાળા આકાશને મનોરમ્ય ઉજાસથી ઉભરાવી દેતી આતશબાજી જોવામાં વિવેક સહિતના ‘પાર્ટીજનો’ તલ્લીન છે ત્યારે જ એ ધૂમધડાકા વચ્ચે ફાયરિંગ થાય છે અને વિવેક રાય ઢળી પડે છે... તરત પાર્ટી પ્રિમાઈસિસ સીલ કરવામાં આવે છે. આવનારા ગેસ્ટની ઝડતી લેવાનું શરૂ થાય એ પહેલાં જ બે શખ્સ પિસ્તોલ સાથે પકડાઈ જાય છે.

ત્રીજી પિસ્તોલ એક ટેબલ નીચેથી મળવાની છે. મતલબ કે ત્રણ શકમંદ તો સામેથી વ્યક્ત થઈ ગયા , પણ એ ત્રણ શકમંદ હજુ પાટીમાં જ ઉપસ્થિત છે એ હત્યા વખતે કોઈને ખ્યાલ નથી. એક અભિનેત્રી છે, જે એ જ સાંજે ટીવી પર વિવેક રાયની કરતૂતો કહીને ‘બ્રેકીંગ ન્યૂઝ’ સર્જી ચૂકી છે. બીજી બે વ્યક્તિ પણ એવી છે કે જે વિવેક રાયથી હર્ટ થઈ ચૂકી છે, જેના વિશે પણ વેબસિરીઝ જોતાં જાવ તેમ તબક્કાવાર ભેદ ખૂલતાં જાય છે.


પ્રોડ્યૂસર – અજય દેવગણ

આમ અજય દેવગણે પ્રોડ્યૂસ કરેલી, તિગ્માંશુ ધુલિયાએ ડિરેક્ટ કરેલી અને ગયા ‘જીયો હોટ સ્ટાર’ પર સ્ટ્રીમ થયેલી ‘ધ ગ્રેટ ઈન્ડિયન મર્ડર’ની આ સ્ટોરી લાઈન છે, જેનો બેઈઝ તો (‘સ્લમડોગ મિલિયોનર’ ફેમ) વિકાસ સ્વરૂપની દળદાર નોવેલ ‘સિક્સ સસ્પેક્ટસ’ છે.

મૂળ નોવેલમાં અને વેબસિરીઝમાં એડોપ્શન પછીના જરૂરી ફેરફાર સ્પષ્ટપણે દેખાય છે. વિકાસ સ્વરૂપની આ નોવેલ પ્રગટ થઈ ત્યારે તેના પર એવી ચર્ચાઓ થયેલી કે એ ત્રણ ત્રણ સત્ય ઘટનાઓ (બિઝનેસ ટાયકૂન ચઢ્ઢાના દીકરા, જેસિકા લાલ કેસ અને સલમાન ખાનના શિકાર કેસ) પર આધારિત છે. ‘સિક્સ સસ્પેક્ટ’ નોવેલ અને તેને એડોપ્ટ કરીને બનેલી ‘ધ ગ્રેટ ઈન્ડિયન મર્ડર’માં આ ત્રણેય ઘટનાઓના લસરકા પણ દેખાય છે.

ડિરેક્ટર તિગ્માંશુ ધુલિયાને ન્યાય કરવા કહેવું પડશે કે ‘ધ ગ્રેટ ઈન્ડિયન મર્ડર’ ભલે મર્ડર મિસ્ટરી હોય પણ તેને નેરેટ કરવામાં અને તેના ભેદ પછી ભેદ ખોલવામાં ક્રિએટિવ અપ્રોચ રાખવામાં આવ્યો છે એટલે દર્શક ક્યારેક ગૂંચવાઈ જાય છે.

નવ એપિસોડની આ વેબ સિરીઝમાં એટલે જ દરેક નવા એપિસોડ સાથે, એક અલગ કેરેક્ટરનું બેકડ્રોપ દર્શાવવામાં આવ્યું છે તેથી થાય છે એવું કે દરેક નવા એપિસોડ સાથે કુતૂહલની ધારને નવેસરથી સજાવવી પડે છે.

આખી વાર્તા, પાત્રો કે વેબસિરીઝના મૂડને બયાન કરતું હોય તેમ એક સમયે ફિલ્મ ‘ગમન’નું ગીત પણ યોગ્ય રીતે જ મૂકવામાં આવ્યું છે: ‘સીને મેં જલન, આંખો મેં તુફાન સા ક્યું હૈ!’


ડિરેક્ટર–તિગ્માંશુ ધુલિયા

આશુતોષ રાણા, રિચા ચઢ્ઢા, પ્રતીક ગાંધી, રઘુવીર યાદવ, શાહીબ હાશમી, શશાંક અરોરા ઉપરાંતના અનેક પાત્રો ધરાવતી આપણી આ મર્ડર મિસ્ટરીમાં જો કે ફિલ્મી દુનિયાના ગ્લેમર, રાજકારણના ષડયંત્રો, આદિવાસીઓની અંધશ્રદ્ધા જેવી શ્રદ્ધા, અપહરણ, પ્રેમ પ્રકરણ, બદલો સહિતના અનેક તત્વોની રસપ્રદ ખિચડી છે, કારણ કે કિરદારની એક પોતિકી કહાણી (થેન્કસ ટૂ વિકાસ સ્વરૂપ) છે.

મૂળ નોવેલ પર તિગ્માંશુ ધુલિયા, વિજય મોર્ય અને પુનિસ શર્માએ ખાસ્સી મહેનત કરીને એક મજેદાર કન્ટેન્ટ તો આપ્યું જ છે અને આંદામાન-નિકોબાર અને રાજસ્થાનની સૈર પણ કરવી છે.

આપણો પ્રતીક ગાંધી આ વેબસિરીઝમાં છે એટલે ઉલ્લેખ જરૂરી છે કે સીઆઈડી અધિકારી કરતાં પ્રતીક ચાર્મિંગ બોય વધુ લાગે છે. મોહનકુમાર બનતાં અને વારંવાર મોહનદાસ (ગાંધીજી) બની જતા રઘુવીર યાદવનું પાત્ર જલદીથી ગળે ઊતરે એવું નથી તો અશોક રાજપૂત (શાહીબ હાશમી) આંદામાનના આદિવાસી સુધી કેમ અને શા માટે જાય છે, એ પણ સમજાતું નથી તો બ્લોગરની આખી વાત જ વેબસિરીઝ પૂરી થાય ત્યારે લટકતી રહી જાય છે... બાકી કથાવસ્તુ રસપ્રદ હોવા છતાં ‘ધ ગ્રેટ ઈન્ડિયન મર્ડર’ ને ‘સ્કેમ ૯૨’ જેવી લાજવાબ વેબસિરીઝની શ્રેણીમાં મૂકી દેવી પડે તેવી તો હરગીઝ નથી... ■

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા


## ક્વિઝ (અ)

આ ગીતોમાં સ્ટેજ પર ગીત ગાનાર હીરો કોણ છે અને એ ગીત કઈ ફિલ્મનું છે?

૧) પતઝડ સાવન બસંત બહાર એક બરસ કે મોસમ ચાર
૨) બચના એય હસીનો લો મૈં આ ગયા, હુસ્ન કા
૩) પરદા હૈ પરદા, પરદે કે પીછે પરદા નશીન હૈ પરદા
૪) મેરી ઉંમર કે નૌજવાનો દિલ ના લગાના ઓ દીવાનો
૫) સોચેગે તુમ્હે પ્યાર કરે કે નહીં યે દિલ બેકરાર કરે કે
૬) હમને તુમકો દેખા તુમને હમકો દેખા ઐસે હમ તુમ
૭) મુજે મત રોકો મુજે ગાને દો મુજે મત રોકો જો હોતા

## ક્વિઝ (બ)

ત્રણ મિત્ર પર બનેલી આ ફિલ્મોના ત્રણ હીરો કોણ છે ?




૧) ૩ ઈડિયટ્સ
૨) ઝિંદગી ના મિલેગી દોબારા
૩) કાઈપો છે...
૪) પ્યાર કા પંચનામાં
૫) ગો ગોઆ ગોન
૬) જીતે હૈ શાન સે
૭) હે બેબી

જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા


# હીરો-હીરોઈનની હવે આ તે કેવી હેરાફેરી?

## પૅન-ઈન્ડિયા ફિલ્મ્સ માટે કાસ્ટિંગના મજેદાર પ્રયોગ


પહેલાં બોલિવૂડના એક્ટર્સ ફક્ત હિન્દી ફિલ્મ્સમાં કામ કરતા. દક્ષિણના સ્ટાર્સ એમની જ ભાષાની ફિલ્મ્સ કરીને પણ મેગાસ્ટાર ગણાતા, પણ હિન્દી દર્શકો માટે એટલા લોકપ્રિય ન રહેતા. હવે એ સમય પલટાયો છે. હવે ફિલ્મમેકર્સના ધ્યાને આવ્યું છે કે જો ભારતભરમાં એવી મોટી હિટ પેદા કરવી હોય કે જે દક્ષિણના પ્રેક્ષકો પણ જુએ, ઉત્તર ભારતના પણ અને પૂર્વ-પશ્ચિમના પણ.... તો સ્ટારકાસ્ટથી લઈને સ્ટોરીટેલિંગ સુધી પાન-ઇન્ડિયા પ્લાન હોવો જ જોઈએ. એના માટે જરૂરી છે કે બોલિવૂડના એક્ટર્સ દક્ષિણના દર્શકોનું પણ ધ્યાન ખેંચે અને દક્ષિણના એક્ટર્સ હિન્દી દર્શકો માટે પણ પરિચિત બને.

અત્યારે આપણે જોઈ રહ્યાં છીએ કે અજય દેવગણ, સલમાન ખાન, આમિર ખાન અને અક્ષય કુમાર જેવા એક્ટર્સ દક્ષિણ ફિલ્મ્સ સાથે જોડાઈ રહ્યાં છે તો પ્રભાસ, નાગાર્જુન વગેરે દક્ષિણના સ્ટાર્સ પણ હિન્દી ફિલ્મ્સમાં દેખાવા લાગ્યા છે. તમે ‘RRR’ ફિલ્મ જ જુઓ. તેમાં હિન્દી ફિલ્મ્સના અજય દેવગણ અને આલિયા ભટ્ટ જેવા એક્ટર્સ પણ હતાં કે જ્યાં નાયક તરીકે દક્ષિણના જુનિયર એનટીઆર અને રામ ચરણ હતા. ફિલ્મે દેશભરમાં ધમાલ મચાવી અને એ સાબિત કરી દીધું કે ભાષાની હદ તોડીને સ્ટોરી અને પ્રેઝન્ટેશન હોય તો લોકો જરૂર જોવા ઉત્સુક હોય છે. હવે એ જ જુનિયર એનટીઆર ‘વોર ૨’ જેવી હાઈ-પ્રોફાઇલ ‘યશરાજ’ની ફિલ્મમાં હિન્દી ઓડિયન્સ માટે એન્ટી-હીરો તરીકે જોવા મળશે, જેની પાન-ઇન્ડિયા અપીલ નક્કી છે.


આમિર ખાન


રજનીકાન્ત


આલિયા ભટ્ટ


અક્ષય કુમાર


વિજય સેતુપતિ

અત્યારની પાન-ઇન્ડિયા ફિલ્મ્સના સમીકરણમાં મ્યુઝિક, ડબિંગ, રિલીઝ, કાસ્ટિંગ, માર્કેટિંગ વગેરે ફેક્ટર્સ આવે છે. આ કાસ્ટિંગ તેમાંનો એક મહત્ત્વનો ભાગ છે. અને એટલે જ દરેક પ્રાંત અને ભાષાના મેકર્સ આ વસ્તુને સમજીને વધુ દર્શકો માટે આ વ્યવસ્થા કરે છે. અક્ષય કુમાર દક્ષિણના સુપરસ્ટાર રજનીકાંત સાથે ‘૨.૦’માં જોવા મળ્યો હતો. આમ તો એ ફિલ્મ તમિલ ભાષાની હતી પણ એટલી મોટી હતી કે તેને હિન્દી સહિત અનેક ભાષાઓમાં ડબ કરીને રિલીઝ કરવામાં આવી. અક્ષયનો વિલનવાળો રોલ પણ નવા અંદાજ સાથે લોકોના મનમાં રહ્યો. આવી ફિલ્મ્સથી સાબિત થાય છે કે હવે કોઈ પણ એક્ટર ફક્ત પોતાની ભાષાની ઓડિઅન્સ માટે નહીં, પણ આખા દેશમાં પોતે જોવાય તેમ ઈચ્છે છે. સલમાન ખાન પણ ચિરંજીવી સાથે ‘ગોડફાદર’ જેવી પાન-ઇન્ડિયા ફિલ્મમાં જોવા મળ્યો હતો. ડિરેક્ટર્સ સાથેના ક્રોસ કોલાબ્રેશનની તો હજુ આપણે વાત જ નથી કરતા, નહીં તો સલમાનની વર્ષો પહેલાની તેલુગુ રિમેક ‘વોન્ટેડ’ હોય કે લેટેસ્ટ ‘સિકંદર’, પ્રભુદેવા અને મુરુગાદોસ જેવા દક્ષિણના ડિરેક્ટર્સના નામ એમાં જોવા મળે છે.

અમિતાભ બચ્ચન અને રજનીકાંત પણ દાયકાઓ પહેલાં ‘હમ’ અને ‘અંધા કાનૂન’ જેવી ફિલ્મ્સમાં સાથે આવ્યા હતા. રજનીકાંતની દક્ષિણની ફિલ્મ્સમાં સોનાક્ષી સિંહા કે દીપિકા પાદુકોણની હાજરી પણ આપણને જોવા મળે છે. એ જ રીતે દક્ષિણની એક્ટ્રેસીસ નયનતારા કે પ્રિયામણીને પણ હિન્દી ફિલ્મ્સમાં દર્શકો નિહાળે છે.

રજનીકાંતની તો વાત જ આગવી છે. એમનું ફેનડમ એટલું જબરું છે કે એમની કોઈ પણ ફિલ્મ ભલે તે તમિલમાં હોય, પણ દેશભરમાં રિલીઝ થાય છે. રજની સર બહુ ઓછી હિન્દી ફિલ્મ્સ કરે છે, પણ એમની દરેક ફિલ્મ હિન્દીમાં ડબ જરૂર થાય છે, કારણ કે દર્શકો એ જોવા ઈચ્છે છે. રજનીકાંતની જ આવનારી ફિલ્મ ‘કૂલી’માં એક્ટર્સનો મેળો જોવા મળશે. હમણાં જ રિલીઝ થયેલા ટ્રેલરમાં રજનીકાંત ઉપરાંત ઉપેન્દ્ર, શ્રુતિ હસન, આમિર ખાન અને નાગાર્જુનની હાજરી છે.

નાગાર્જુને તો ‘જખ્મ’ અને ‘ખુદા ગવાહ’ જેવી હિન્દી ફિલ્મ્સ વર્ષો પહેલાં કરી બતાવી હતી. તાજેતરમાં પણ એ ‘બ્રહ્માસ્ત્ર’માં મહત્ત્વપૂર્ણ પાત્રમાં જોવા મળ્યો હતો, જે હિન્દી, તમિળ, તેલુગુ એમ ત્રણેય ભાષાઓમાં રિલીઝ થઈ હતી. પૃથ્વીરાજ સુકુમારન પણ આ દિશામાં મજબૂત પગલાં ભરી ચૂક્યો છે. રાની મુખર્જી સાથે વર્ષો પહેલાં ‘ઐયા’ પછી અર્જુન કપૂર સાથેની ‘ઔરંગઝેબ’ અને લેટેસ્ટ રિલીઝ ‘સરઝમીન’ પૃથ્વીરાજના મજબૂત હિન્દી એન્ટરટેઇન્મેન્ટ સાથેના જોડાણને દર્શાવે છે. વિજય સેતુપતિની વાત કરીએ તો આજે તે બોલિવૂડમાં એટલો જ લોકપ્રિય છે જેટલો તમિળ સિનેમામાં. એણે તાજેતરમાં શાહરુખ ખાનની ફિલ્મ ‘જવાન’માં ખાસ રોલ ભજવ્યો. એ સિવાય ફિલ્મ ‘મેરી ક્રિસમસ’ અને વેબ શો ‘ફર્ઝી’માં પણ હિન્દી બોલીને ખૂબ જ પાવરફુલ રોલ ભજવ્યા અને દર્શાવ્યું કે દક્ષિણના એક્ટર હવે માત્ર ડબિંગ પર આધાર રાખતા નથી.

આ બધું જોઈને એક વાત ચોક્કસ કહી શકાય કે પાન-ઇન્ડિયા ફિલ્મ બનાવવી છે તો ફક્ત ચાર ભાષામાં ડબિંગ કરાવવું એ પૂરતું નથી. એવી સ્ટારકાસ્ટ લાવવી પડે કે જે દરેકને પોતાની લાગે. હવે દર્શકોએ પણ આ નવી રીત સ્વીકારી લીધી છે. એ બધા દક્ષિણના સ્ટાર્સને પણ એટલી જ ઉત્સુકતાથી જુએ છે, જેટલા હિન્દી સ્ટાર્સને. અને એ કારણે હવે ફિલ્મમેકર્સ માટે સૌથી મોટું ટાર્ગેટ છે એક એવું સ્ટોરીટેલિંગ જે દેશભરના લોકોને એકસાથે સ્પર્શી શકે. આ ક્રોસ કોલાબ્રેશન્સ વધશે એ સાથે જ વધુને વધુ ફિલ્મ્સ હવે ફક્ત ભાષાઓની નહીં, પણ ભારતની હશે અને સાચા અર્થમાં પાન-ઇન્ડિયા ફિલ્મ્સ હશે! લાસ્ટ શોટ રજનીકાંતે ૨૦૧૧ની શાહરુખ ખાનની ‘રા.વન’માં પોતાના રોબોટ કેરેક્ટર તરીકે કેમિયો કર્યો હતો. એક્ટર્સ ઉપરાંત આ પ્રકારના મજેદાર કેરેક્ટર્સ કોલાબ્રેશન્સ પણ જોવા મળે છે. ■

ફોકસ
નિધિ શુક્લ

# ‘શોલે’ના ૫૦ વર્ષ: ક્લાઈમેક્સ પર કાતર ફેરવી, છતાં ફિલ્મ સુપરહિટ!

ઈન્દિરા ગાંધીની સરકાર દ્વારા ૨૫ જૂન ૧૯૭૫ ના રોજ દેશમાં કટોકટી લાદવામાં આવી હતી, જે ૨૧ માર્ચ ૧૯૭૭ સુધી ચાલુ રહી. જેને તાજેતરમાં ૫૦ વર્ષ પૂરા થયા હતા.

આ કટોકટી દરમિયાન એક ફિલ્મ રિલીઝ થઈ હતી. જેણે બોક્સઓફિસ પર ઇતિહાસ રચ્યો હતો. કદાચ તમે ફિલ્મના નામનું અનુમાન લગાવી લીધું હશે. આ ફિલ્મનું નામ છે ‘શોલે’. અમિતાભ બચ્ચન, ધર્મેન્દ્ર, અમજદ ખાન, હેમા માલિની, જયા બચ્ચન અને સંજીવ કુમાર સહિતના અનેક સ્ટાર અભિનેતા-અભિનેત્રીઓને ફિલ્માવતી આ ફિલ્મ ૧૫ ઓગસ્ટ ૧૯૭૫ના રોજ રિલીઝ થઈ હતી. પ્રિન્ટ મીડિયાની જેમ આ ફિલ્મ પર પણ કટોકટીની અસર પડી હતી. આ અસર કેવી રીતે પડી હતી? આવો જાણીએ.

આ પણ વાંચો: ઔર યે મૌસમ હંસીં: ૫૦ વર્ષ પૂરાં કરી રહી છે ‘શોલે’માં આનંદ બક્ષીના શબ્દોમાં પડઘાય છે દોસ્તી ને પ્રેમનો અનેરો જાદુ.

**શોલે ફિલ્મે બનાવ્યા અનેક રેકોર્ડ.**

રિલીઝ થયાના પહેલા અઠવાડિયામાં ‘શોલે’ ફિલ્મ ખાસ ચાલી ન હતી. પરંતુ ત્યારબાદ આ ફિલ્મે તમામ રેકોર્ડ તોડી નાખ્યા હતા. ત્રણ કરોડમાં બનેલી આ ફિલ્મે એ સમયે ૧૫.૫૦ કરોડની કમાણી કરી હતી.

સમગ્ર વિશ્વમાં ‘શોલે’ ફિલ્મની ૨૫ કરોડથી વધારે ટિકિટ વેચાઈ હતી. આ ફિલ્મે ભારતમાં ૬૦ ગોલ્ડન જ્યુબિલીનો રેકોર્ડ બનાવ્યો હતો. ૧૦૦થી વધુ સિનેમાઘરોમાં સિલ્વર જ્યુબિલી ઉજવવામાં આવી હોય, એવી ‘શોલે’ ફિલ્મ પ્રથમ હતી.

સલીમ-જાવેદની જોડીએ ‘શોલે’ ફિલ્મની પટકથા અને સંવાદ લખ્યા હતા. સલીમ-જાવેદે લખેલા સંવાદોને આજે પણ લોકો યાદ કરે છે. ગબ્બરનો ‘કિતને આદમી થે’ તથા મેક મોહનનો ‘દો થે સરકાર’ જેવા સંવાદો આજે પણ લોકોને યાદ છે.

સલીમ-જાવેદની જોડી પૈકીના જાવેદ અખ્તરના દીકરા ફરહાન અખ્તરે તાજેતરમાં એક પોડકાસ્ટમાં ઈન્ટરવ્યૂ આપ્યું હતું. પોતાના ઈન્ટરવ્યૂમાં ફરહાન અખ્તરે કટોકટી દરમિયાન સરકાર દ્વારા ‘શોલે’ ફિલ્મમાં કરવામાં આવેલા હસ્તક્ષેપ અંગે વાત કરી હતી.

**સરકારે ફિલ્મનો ક્લાઈમેક્સ બદલાવ્યો**

ફરહાન અખ્તરે જણાવ્યું હતું કે, શોલે તમારા પર ગાઢ પ્રભાવ પાડે છે. તેના તમામ પાત્રો રસપ્રદ હતા. એવું નથી કે માત્ર જય અને વીરૂ જ રોમાંચક હતા. જેલર, સૂરમા ભોપાલી, ગબ્બર અને બસંતી સહિતના તમામ પાત્રો સરસ હતા.

ફિલ્મનું ડિરેક્શન પણ શાનદાર હતું. ફિલ્મના સીન એ વિચારવા માટે મજબૂર કરી દે છે કે, તેનું શૂટિંગ કેવી રીતે થયું હશે? એ સમયે કોઈ વીએફએક્સ પણ ન હતા. તેમ છતાં સિનેમાઘરોમાં ફિલ્મને નિહાળવાનો અનુભવ અદ્ભુત હતો.

ફરહાન અખ્તરે આગળ જણાવ્યું કે, સલીમ-જાવેદની ફિલ્મના ક્લાઈમેક્સમાં જય-વીરૂ ગબ્બરને મારી નાખે છે, એવું લખ્યું હતું, પરંતુ કટોકટીના કારણે તેમને ક્લાઈમેક્સ બદલવો પડ્યો હતો. જેમાં ઠાકુર ગબ્બરને પોતાના પગ વડે કચળીને મારે છે અને અંતે પોલીસ તેની ધરપકડ કરે છે. મારા પિતા અને સલીમ સાહેબને આ ફિલ્મનો સીન બદલવો પડ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ફિલ્મનો ક્લાઈમેક્સ બદલવા અંગે રમેશ સિપ્પીએ પુણે ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૧૮માં વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, સેન્સર બોર્ડે મને ફિલ્મનો ક્લાઈમેક્સ બદલવા માટે મજબૂર કર્યો હતો.

સેન્સર બોર્ડને ફિલ્મના ક્લાઈમેક્સના ઘણા સીનને લઈને વાંધો હતો. તેથી મને કહેવામાં આવ્યું કે, તમારે ક્લાઈમેક્સ બદલવો પડશે. હું રાજી ન હતો, પરંતુ ફિલ્મ રિલીઝ કરવા માટે મને આવું કરવું પડ્યું.

આગામી ૧૫ ઓગસ્ટના રોજ આ ફિલ્મને ૫૦ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે. ત્યારે ફરી એકવાર આ ફિલ્મ નિહાળીને તેની યાદો તાજી કરવી જોઈએ. ■

# જૂના બૉલ સાથે સિરાજનો ચમત્કારઃ એલેક્સ

સિડની : ઓસ્ટ્રેલિયાના ટેસ્ટ વિકેટકીપર એલેક્સ કેરીએ પાંચમી ટેસ્ટમાં ઇંગ્લેન્ડ પર ભારતની રોમાંચક જીતને ''અદભુત'' ગણાવી હતી અને કહ્યું હતું કે ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજ અંતિમ દિવસે સવારે જૂના બોલ સાથે સફળ રહ્યો જેના કારણે અંતમાં ફરક પડ્યો હતો. ફક્ત ૩૫ રનની જરૂર હતી અને ચાર વિકેટ હાથમાં હતી ત્યારે ઇંગ્લેન્ડ મેચ જીતીને સીરિઝમાં ૩-૧થી વિજય મેળવવાની શ્રેષ્ઠ સ્થિતિમાં હતું. પરંતુ ફાસ્ટ બોલર સિરાજે ત્રણ વિકેટ લઈને ભારતને છ વિકેટથી યાદગાર જીત અપાવી અને શ્રેણી ૨-૨થી ડ્રો કરાવીને મેચનું પાસુ પલટી દીધું હતું.

કેરીએ ક્રિકેટ ઓસ્ટ્રેલિયાને કહ્યું હતું કે ''મને લાગે છે કે આખી શ્રેણી ખૂબ જ મનોરંજક હતી. જે રીતે તે સમાપ્ત થઈ તે ખૂબ જ શાનદાર હતી. પાંચ ટેસ્ટ મેચ પાંચ દિવસ સુધી ચાલતી જોવી ખૂબ જ અનોખી છે.'' વોક્સી (ક્રિસ વોક્સ) ને બેટિંગ માટે ઉતરતા જોવું ખૂબ હિંમતભર્યું હતું. કદાચ તેને (ઈંગ્લેન્ડ) રન બનાવવા માટે ટેકો આપી રહ્યો હતો. મને લાગે છે કે જ્યારે અમે સિરાજને (પાંચમા દિવસે) પહેલી ઓવર ફેંકતા જોઈ ત્યારે ૭૭ ઓવરના જૂના બોલ સાથે ઘણી મૂવ જોવા મળી હતી.

ઈંગ્લેન્ડ આ વર્ષના અંતમાં એશિઝ માટે ઓસ્ટ્રેલિયા જવાની તૈયારીમાં હોવાથી કેરીએ કહ્યું હતું કે ઘરઆંગણાની ટીમ ઘણા બધા ફેરફારો કરશે નહીં કારણ કે ઈંગ્લેન્ડ 'બેઝબોલ' ક્રિકેટ રમી રહ્યું છે. આ શબ્દ બેન સ્ટોક્સની ટીમની આક્રમક, સકારાત્મક અને આક્રમક ટેસ્ટ ક્રિકેટ શૈલીનું વર્ણન કરવા માટે વપરાતો હતો. અમે જાણીએ છીએ કે તેઓ કેવી રીતે રમે છે.

કેરીએ ઈંગ્લેન્ડના મુખ્ય બેટ્સમેન જો રૂટને અભિનંદન આપ્યા જેણે ઓસ્ટ્રેલિયન દિગ્ગજ રિકી પોન્ટિંગને પાછળ છોડીને સચિન તેંડુલકર પછી બીજા ક્રમના સૌથી વધુ ટેસ્ટ રન કરનાર ખેલાડી બન્યો હતો. એલેક્સ કેરીએ કહ્યું કે મને નથી લાગતું કે તે (એશિઝમાં) કોઈ દબાણ અનુભવશે. અત્યાર સુધીની તેની કારકિર્દી શાનદાર છે. ■

# ઓલિમ્પિક મેડલને ભૂલી ચૂક્યો છુંઃ રેસલર અમન

લખનઊ : પેરિસ ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીતનાર પહલવાન અમન સેહરાવતે કહ્યું હતું કે તે આ સિદ્ધિ ભૂલી ગયો છે કારણ કે ભૂતકાળની સિદ્ધિઓને સતત યાદ કરવાથી તેને તેના મોટા સપના પૂરા કરવામાં મદદ મળશે નહીં. બિરોહરમાં જન્મેલા આ પહલવાન માટે જીવન સરળ નહોતું કારણ કે તે નાની ઉંમરે અનાથ બની ગયો હતો. તેના કાકાએ તેને સંપૂર્ણ ટેકો આપ્યો હતો, પરંતુ કૌટુંબિક જવાબદારીઓ અમન પર સતત ભાર મૂકતી રહી હતી, પરંતુ ગયા વર્ષે પેરિસમાં બ્રોન્ઝ મેડલ જીતવાથી તેને ઓળખ અને પૈસા મળ્યા, જેના કારણે તેનું જીવન સરળ બન્યું હતું.

વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે ૫૭ કિગ્રા પસંદગી ટ્રાયલ જીત્યા પછી અમને પીટીઆઈને કહ્યું હતું કે, ''ઓલિમ્પિક મેડલે મારું જીવન ૯૦ ટકા બદલી નાખ્યું. આ પહેલા કોઈ મને ઓળખતું ન હતું. અગાઉ મારા પ્રદર્શનની નોંધ લેવામાં આવતી ન હતી પરંતુ પેરિસની સફળતા પછી લોકો મને ઓળખવા અને મારો આદર કરવા લાગ્યા.''

તેણે કહ્યું હતું કે, ઓલિમ્પિક મેડલ ભગવાનના આશીર્વાદ છે. મને જીતવાની અપેક્ષા પણ નહોતી. મહિલા કુસ્તીબાજો પાસેથી અપેક્ષાઓ વધુ હતી. આ ભગવાનનો પ્રસાદ છે. લોકો હવે મારી પાસેથી ગોલ્ડ મેડલની અપેક્ષા રાખી રહ્યા છે. હું મારો બ્રોન્ઝ મેડલ ભૂલી ગયો છું. હું આનાથી સંતુષ્ટ થઈ શકતો નથી અને કહી શકતો નથી કે મેં ઘણું બધું હાંસલ કર્યું છે. હવે હું ગોલ્ડ મેડલ માટે તૈયારી કરી રહ્યો છું.

ટોચના સ્તરે સફળતાએ તેમનું જીવન કેવી રીતે બદલી નાખ્યું છે તે અંગે તેણે કહ્યું હતું કે, હવે હું જે ઇચ્છું તે ખરીદી શકું છું. પહેલા મારા પર દબાણ હતું કે ભવિષ્યમાં મારે મારી નાની બહેનનો અભ્યાસ કરાવવો પડશે અને તેના લગ્ન કરાવવા પડશે. હવે હું કોઈ ચિંતા વગર પ્રેક્ટિસ કરી શકું છું. હવે મને પૈસાની ચિંતા કરવાની જરૂર નથી. ■

# સખણાં રહે એ બીજા...દિગ્વેશ રાઠીએ ફરી વિવાદ જગાવ્યો

## ▶ દિલ્હી લીગની મૅચમાં બૅટ્સમૅનને ઉશ્કેર્યો



નવી દિલ્હીઃ દિગ્વેશ રાઠી યાદ છેને? હા, તેણે ફરી એક વિવાદ ઊભો કર્યો છે. તેણે એક ટી-૨૦ ટૂર્નામેન્ટની મૅચમાં હરીફ ટીમના બૅટ્સમૅન અંકિત કુમારના રિધમને અવરોધવાની કોશિશ કરી એટલે બન્ને વચ્ચે ઉગ્ર દલીલ થઈ હતી અને પછી અંકિતે આ લેગ-સ્પિનરની ઓવરમાં બૅક-ટુ-બૅક સિક્સર ફટકારી હતી.

દિગ્વેશ રાઠીએ આ વખતની આઇપીએલમાં વારંવાર હરીફ બૅટ્સમૅનની વિકેટ લીધા પછી નોટબુક સેલિબ્રેશનની સ્ટાઇલમાં તેને સૅન્ડ-ઑફ આપીને હરીફ ટીમનો કે આઇપીએલના મૅનેજમેન્ટનો જ નહીં, બીસીસીઆઈનો આક્રોશ વહોરી લીધો હતો. એક મૅચમાં તે સનરાઇઝર્સ હૈદરાબાદના ઓપનર અભિષેક શર્મા સાથે વિવાદમાં ઊતર્યો હતો અને ત્યારે રાઠીને ગેરવર્તન બદલ એક મૅચ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો.

૨૦૨૫ની આઇપીએલમાં રાઠી લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી) વતી રમ્યો હતો. એ તેની પહેલી જ આઇપીએલ હતી અને વિવાદો બદલ તેની ગણના ટૂર્નામેન્ટના હાઈ-પ્રોફાઇલ પ્લેયર્સમાં થવા લાગી છે.

આઇપીએલ પૂરી થયાને બે મહિના થઈ ગયા અને રાઠી ફરી ન્યૂઝમાં ચમક્યો છે. આ વખતે તે દિલ્હી પ્રીમિયર લીગ (ડીપીએલ)માં ચર્ચાસ્પદ થયો છે. તે ડીપીએલમાં દિલ્હી સુપરસ્ટાર્ઝ નામની ટીમ વતી રમે છે. તે એક મૅચ દરમ્યાન વેસ્ટ દિલ્હી લાયન્સ ટીમના ઓપનર અંકિત કુમારને કંઈક બોલ્યો હતો જે અંકિતને નહોતું ગમ્યું અને બન્ને વચ્ચે બોલાચાલી થઈ હતી. જોકે અંકિતે પછીથી રાઠીના ઉપરાઉપરી બે બૉલમાં સિક્સર ફટકારીને તેને વળતો જવાબ આપી દીધો હતો.

બન્યું એવું કે વેસ્ટ દિલ્હીની ઇનિંગ્સની પાંચમી ઓવર રાઠીએ કરી હતી. એક બૉલ ફેંકતી વખતે તે રન-અપ પર થોડું દોડ્યા બાદ અચાનક અટકી ગયો હતો. તેનો આશય અંકિતની એકાગ્રતા તોડવાનો હોવાનું મનાય છે. અંકિત તેના બૅટિંગ સ્ટાન્સમાંથી હટી ગયો હતો અને બન્ને વચ્ચે દલીલબાજી થઈ હતી.

રાઠીને ફરી મોરચા પર લાવવામાં આવ્યો ત્યારે અંકિતે તેના બે બૉલમાં બે સિક્સર ફટકારી દીધી હતી. તેણે લૉન્ગ-ઑન પરથી અને ડીપ મિડવિકેટ પરથી બૉલને બાઉન્ડરી લાઇનની બહાર મોકલ્યો હતો.

જોકે રાઠી માટે આ મૅચ શુકનવંતી નહોતી. તેને ત્રણ ઓવરમાં ૩૩ રનના ખર્ચે એકેય વિકેટ નહોતી મળી. બીજી બાજુ, અંકિત માટે આ મૅચ શુકનિયાળ હતી. તે માત્ર ચાર રન માટે સેન્ચુરી ચૂકી ગયો હતો, પરંતુ તેણે ૯૬ રન છ સિક્સર અને ૧૧ ફોરની મદદથી બનાવ્યા હતા. તેના આ યોગદાનની મદદથી જ વેસ્ટ દિલ્હીની ટીમે ૧૮૬ રનનો લક્ષ્યાંક માત્ર ૧૫.૪ ઓવરમાં મેળવી લીધો હતો. ■

# પંત એશિયા કપમાં અને વેસ્ટ ઈન્ડિઝ સામે કદાચ નહીં રમે

નવી દિલ્હીઃ વિકેટકીપર-બૅટર રિષભ પંત બાબતમાં નવી અટકળો બહાર આવી છે જેમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે તે આગામી નવમી સપ્ટેમ્બરે યુએસમાં શરૂ થનારા ટી-૨૦ના એશિયા કપમાં કદાચ નહીં રમે. એવું પણ કહેવાઈ રહ્યું છે કે તે એશિયા કપ પછી બીજી ઑક્ટોબરે ઘરઆંગણે શરૂ થનારી વેસ્ટ ઇન્ડિઝ સામેની ટેસ્ટ સિરીઝમાં પણ કદાચ નહીં રમે.

પંતને તાજેતરમાં ઇંગ્લૅન્ડ સામેની મૅન્ચેસ્ટરની ચોથી ટેસ્ટમાં પગમાં ઈજા થઈ હતી જેને લીધે તેણે એ મૅચમાં ઈજા છતાં બૅટિંગ કરી હતી, પરંતુ પાંચમી ટેસ્ટમાં નહોતો રમી શક્યો.

ગયા મહિનાના છેલ્લા દિવસોમાં એવું કહેવામાં આવ્યું હતું કે બીસીસીઆઇની મેડિકલ ટીમે પંતને છ અઠવાડિયા આરામ કરવાની સલાહ આપી હતી. એક જાણીતા અંગ્રેજી દૈનિકના અહેવાલમાં જણાવાયું છે કે પંત ૯-૨૮ સપ્ટેમ્બરના એશિયા કપ તો ચૂકી જ જશે, તે ત્યાર પછીની ઑક્ટોબરની વેસ્ટ ઇન્ડિઝ સામેની (૨-૧૪ ઑક્ટોબરની) બે ટેસ્ટ (અમદાવાદ અને દિલ્હી)માં પણ મોટા ભાગે નહીં રમે. પંત છેલ્લે ટી-૨૦ ઇન્ટરનૅશનલ મૅચ ૨૦૨૪ની ૨૮મી જુલાઈએ રમ્યો હતો. એ મૅચ પલ્લેકેલમાં શ્રીલંકા સામે રમાઈ હતી.

મર્યાદિત ઓવર્સની મૅચોમાં (એશિયા કપમાં) ભારતીય ટીમને પંતની ખોટ નહીં વર્તાય, કારણકે લિમિટેડ ઓવર્સની મૅચોમાં પંત વિકેટકીપર-બૅટ્સમૅન તરીકે પ્રથમ પસંદગી તરીકે નથી મનાતો. તેના કરતાં કે. એલ. રાહુલને કે સંજુ સૅમસનને પસંદ કરવામાં આવે છે. તાજેતરમાં પંતને ઈજા હતી ત્યારે ધ્રુવ જુરેલે ઇંગ્લૅન્ડ સામેની છેલ્લી ટેસ્ટમાં વિકેટકીપર તરીકે જવાબદારી સારી રીતે સંભાળી હતી.

# ભાવુક થયેલા ફાસ્ટ બોલર ક્રિસ વૉક્સે રિષભ પંતની માફી માગી

## ▶ બ્રિટિશ બોલરનો બૉલ વાગતાં ભારતીય વિકેટકીપરને પગમાં ફ્રેક્ચર થયું હતું



લંડનઃ ક્યારેક એવું બને છે કે કોઈ બે વ્યક્તિને એકમેક સાથે બનતું ન હોય અથવા એકબીજાની હરીફ હોય એટલે અરસપરસ માત્ર ખુન્નસ તથા દ્વેષની જ તેમની વચ્ચે આપ-લે થતી હોય છે, પરંતુ જો આ જ બન્ને વ્યક્તિ બીમાર પડે તો તેમનામાં એક પ્રકારનો દયા ભાવ જન્મ લેતો હોય છે અને તેઓ એકમેકના ખબર પૂછી લે છે અને અરસપરસ સહાનુભૂતિ પણ વ્યક્ત કરી દે છે. ઇંગ્લૅન્ડના ફાસ્ટ બોલર ક્રિસ વૉક્સના કિસ્સામાં આવું જ બન્યું. તાજેતરની સિરીઝમાં મૅન્ચેસ્ટરની ચોથી ટેસ્ટ દરમ્યાન તેનો એક બૉલ વિકેટકીપર રિષભ પંતને પગમાં વાગ્યો હતો અને એ કિસ્સા બાબતમાં વૉક્સે અજાણતાં પહોંચાડેલી એ ઈજા બદલ પંતની માફી માગી છે.

પગના અંગૂઠામાં ફ્રેક્ચર થવા છતાં પંત એ ટેસ્ટમાં બૅટિંગ કરવા મેદાન પર ઊતર્યો હતો. ખુદ ક્રિસ વૉક્સને ઓવલની છેલ્લી ટેસ્ટ દરમ્યાન ડાબા ખભામાં ઈજા થઈ હતી અને તે સોમવારના અંતિમ દિવસે ડાબા હાથ પર પાટો લગાવીને (સ્લિંગ સાથે) બૅટિંગ કરવા મેદાન પર ઊતર્યો હતો.

પંત પગની ઈજાને કારણે છેલ્લી નિર્ણાયક ટેસ્ટમાં નહોતો રમી શક્યો. જોકે ભારતીય ટીમે એ મૅચ જીતીને સિરીઝ ૨-૨ની બરાબરીમાં લાવી દીધી હતી. સિરીઝ ડ્રૉ કરાવવામાં એકંદરે પંતનું મહત્ત્વનું યોગદાન હતું.

### મીડિયામાં એકમેકને ખબરઅંતર પૂછ્યા

ટૂંકમાં પંત અને વૉક્સ, બન્નેએ ફ્રેક્ચર છતાં ટીમની જરૂરિયાતને લક્ષમાં રાખીને કટોકટીના સમયે ફરી રમવા આવીને અસાધારણ ઉદાહરણો આપ્યાં. વૉક્સે ઇંગ્લૅન્ડના એક જાણીતા દૈનિકને ઇન્ટરવ્યૂમાં કહ્યું, 'મેં જોયું કે રિષભ પંતે ઇન્સ્ટાગ્રામ પર મારો ફોટો મૂક્યો અને એમાં મને સલામ કરતું ઇમોજી પણ તેણે જોડ્યું હતું એટલે મેં તેનો આભાર માનતા લખ્યું કે તેં મારા પ્રત્યે જે પ્રેમ દાખવ્યો એ બદલ ધન્યવાદ. આશા છે કે તને પગમાં હવે ઘણું સારું હશે.'

ક્રિસ વૉક્સે મુલાકાતમાં પંત સાથેની શુભેચ્છાની આપ-લે બાબતમાં વધુમાં કહ્યું, 'રિષભ પંતે મને વૉઇસ નોટ મોકલી જેમાં તેણે મને કહ્યું કે આશા છે કે તને પણ હાથમાં થોડી રિકવરી થઈ હશે. ગુડ લક. આશા રાખું છું કે તને જલદી સારું થઈ જાય. હું ઇચ્છું છું કે એક દિવસ આપણે ફરી મળીશું.'

ક્રિસ વૉક્સે ઇન્ટરવ્યૂમાં એવી પણ જાણકારી આપી કે 'મારા બૉલમાં પંતને પગના અંગૂઠામાં ફ્રેક્ચર થયું હતું એટલે મેં તેને સૉરી કહ્યું.'

### શુભમન ગિલે વૉક્સની હિંમતને દાદ દીધી

ક્રિસ વૉક્સ આઇપીએલમાં દિલ્હી કૅપિટલ્સ, પંજાબ કિંગ્સ, રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ અને કોલકાતા નાઇટ રાઇડર્સ વતી રમી ચૂક્યો છે. તેણે અંગ્રેજ અખબારને મુલાકાતમાં એવી જાણકારી પણ આપી કે 'સોમવારે હું ડાબા હાથમાં પાટા સાથે બૅટિંગ કરવા મેદાન પર ઊતર્યો એ બદલ ભારતીય કૅપ્ટન શુભમન ગિલે મારી ખૂબ પ્રશંસા કરી હતી. તેણે મને કહ્યું કે વાહ, તારી હિંમતને દાદ દેવી પડે. મેં ગિલને કહ્યું કે તું આ સિરીઝમાં અસાધારણ રમ્યો. વેલ પ્લેઇડ. તારી ટીમને પણ દાદ દેવી પડે. ટૂંકમાં, બન્ને ટીમે શ્રેણી જીતવા જે અપ્રતિમ દેખાવ કર્યો એ બદલ બન્ને ટીમ સરખી પ્રશંસાને પાત્ર છે. બેઉ ટીમ સિરીઝ જીતવા માગતી હતી, પરંતુ સિરીઝ છેવટે ડ્રૉમાં ગઈ એ પણ ઠીક થયું.'

ક્રિસ વૉક્સ ડાબા હાથના પાટા સાથે (જમણા હાથે બૅટિંગ કરવાની તૈયારી સાથે) મેદાન પર ઊતર્યો હતો. તેણે બૅટિંગ કરવી પડે એવો સમય તો નહોતો આવ્યો, પરંતુ રન દોડતી વખતે (રનિંગ બિટવિન ધ વિકેટ્સ)માં તેને હાથમાં ખૂબ દુખાવો થયો હતો. ■

# બુમરાહે મીડિયામાં સિરાજના વખાણ ન કર્યા એટલે ટ્રૉલ થયો

## ▶ સિરાજે કહ્યું, 'બુમરાહ પણ સાથે હોત તો મેં આ વિજયનો વધુ આનંદ માણ્યો હોત.'





નવી દિલ્હીઃ ક્યારેક એવું બને છે કે કોઈ સેલિબ્રિટી કે મોટી હસ્તી કંઈક અનિચ્છનીય બોલી નાખે તો સોશિયલ મીડિયામાં ટ્રૉલ થાય છે અને ક્યારેક તે કંઈ ન બોલે તો પણ લોકો તેને છોડતા નથી. બધુ ક્રિકેટપ્રેમીઓના મૂડ પર આધાર રાખે છે. ટેસ્ટના વર્લ્ડ નંબર-વન બોલર જસપ્રીત બુમરાહના કિસ્સામાં આવું જ બન્યું. તેણે પોતાના સોશિયલ અકાઉન્ટ પરની એક પોસ્ટમાં ભારત-ઇંગ્લૅન્ડ સિરીઝ વિશે ઘણું લખ્યું, પરંતુ તેની ગેરહાજરીમાં ભારતને બે ટેસ્ટમાં વિજય અપાવનાર મોહમ્મદ સિરાજની પ્રશંસામાં કંઈ જ ન લખ્યું એ કેટલાક ક્રિકેટપ્રેમીઓને નથી ગમ્યું.

સિરાજ શ્રેણીની પાંચેય ટેસ્ટ રમ્યો અને તેની ૨૩ વિકેટ બન્ને દેશના બોલર્સમાં સૌથી વધુ હતી. બુમરાહ બે ટેસ્ટ નહોતો રમ્યો અને તે ૧૪ વિકેટ સાથે ભારતીયોમાં બીજા નંબર પર હતો. બુમરાહે સિરીઝની અગાઉથી જ કહી દીધું હતું કે વર્કલૉડ મૅનેજમેન્ટના ભાગરૂપે તે પાંચને બદલે ત્રણ જ ટેસ્ટ રમશે. તે પહેલી, ત્રીજી અને ચોથી ટેસ્ટમાં રમ્યો હતો. તે જે બે ટેસ્ટ (બીજી તથા પાંચમી)માં ન રમ્યો એમાં ભારત જીત્યું હતું. કહેવાનો અર્થ એ છે કે સિરાજ તથા બીજા બોલર્સે બીજી તથા પાંચમી ટેસ્ટમાં બુમરાહની ખોટ નહોતી વર્તાવા દીધી. એ બે ટેસ્ટના વિજય થકી જ ભારતે સિરીઝ ૨-૨થી ડ્રૉ કરાવી હતી.

છેલ્લી ટેસ્ટમાં સિરાજે કુલ નવ વિકેટ લીધી હતી. સોમવારે શ્રેણીના અંતિમ દિવસે સિરાજે બાકી રહેલી ચારમાંથી ત્રણ વિકેટ લઈને ભારતને છ રનથી વિજય અપાવ્યો હતો અને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર જીતી લીધો હતો. સિરાજે સિરીઝના સમાપન બાદ કહ્યું હતું કે 'બુમરાહ પણ સાથે હોત તો મેં આ વિજયનો વધુ આનંદ માણ્યો હોત.'

બુમરાહે શ્રેણી પૂરી થયા બાદ પોતાના સોશિયલ મીડિયા અકાઉન્ટ પરની પોસ્ટમાં લખ્યું, 'અમે ઉગ્ર હરીફાઈવાળી તેમ જ રોમાંચક ટેસ્ટ સિરીઝમાંથી બેમિસાલ યાદગીરીઓ સાથે પાછા આવ્યા છીએ. હવે પછી શું થશે એની બધા કાગડોળે રાહ જોશે.'

આ પોસ્ટ બદલ કેટલાક ક્રિકેટપ્રેમીઓ તેને ટ્રૉલ કરી રહ્યા છે. એનું કારણ એ છે કે બુમરાહે પોતાની પોસ્ટમાં મોહમ્મદ સિરાજનું નામ જ નથી લીધું. એક યુઝરે લખ્યું છે, 'બુમરાહ શું સિરાજથી પોતાને અસલામત માને છે.'

બીજા એક યુઝરે લખ્યું, 'જસપ્રીત બુમરાહની આ પોસ્ટ ખૂબ રસપ્રદ છે, પણ તેણે સિરાજની પ્રશંસા કરી જ નહીં. પ્રસિદ્ધ ક્રિષ્ના અને શુભમન ગિલ વિશે પણ કંઈ ન લખ્યું.'

બુમરાહની વહારે કેટલાક ફૅન્સ આવ્યા છે. તેમનું એવું કહેવું છે કે 'બધા જાણે છે કે બુમરાહે લાજવાબ બોલિંગથી ટીમને અગાઉ ઘણી મહત્ત્વપૂર્ણ મૅચો જિતાડી છે. તે આમ જ ટેસ્ટનો નંબર-વન બોલર નથી બન્યો. તે કોઈના વખાણ ન કરે એનો અર્થ એ નથી કે તેની ટીકા કરવાની.' ■

# ધોનીએ નિવૃત્તિની અટકળ વચ્ચે કહ્યું, 'વધુ રમીશ કે નહીં એ થોડા દિવસમાં ખબર પડી જશે'



ચેન્નઈઃ મહેન્દ્રસિંહ ધોની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્ત થઈ ગયો છે છતાં કરોડો ચાહકોની ભાવનાનું માન રાખીને તેણે આઇપીએલમાં રમવાનું હજી ચાલુ જ રાખ્યું છે, પરંતુ સમયાંતરે તેના આઇપીએલ રિટાયરમેન્ટ વિશે પણ અટકળો ઉડતી રહેતી હોય છે અને એવી તાજેતરની અટકળ બાબતમાં ખુદ માહીએ મોટું નિવેદન આપ્યું છે.

૨૦૨૫ની આઇપીએલની શરૂઆતમાં જ ઋતુરાજ ગાયકવાડ ઈજાને કારણે ટૂર્નામેન્ટમાંથી નીકળી જતાં ધોનીએ છેક સુધી સીએસકેનું સુકાન સંભાળ્યું હતું. જોકે તેની ટીમ સાવ તળિયે રહી હતી એટલે હવે સવાલ એ છે કે તે (ધોની) ૨૦૨૬ની આઇપીએલમાં રમશે કે નહીં? આખો દેશ આ સવાલનો જવાબ જાણવા માગે છે અને એ વિશે ખુદ ' થાલા'એ પ્રતિક્રિયા આપી છે. તમિલ ભાષામાં થાલાનો 'આગેવાન' કે 'ચીફ' એવો અર્થ થાય છે.

ધોનીને સંપૂર્ણ નિવૃત્તિમાં લોકો જાણે જોવા જ નથી માંગતા. ધોની તાજેતરમાં ચેન્નઈના એક કાર્યક્રમમાં ગયો હતો જ્યાં તેણે આઇપીએલમાં પોતાના રમવા બાબતમાં કહ્યું, 'આશા રાખું છું કે લોકો એવું નહીં વિચારતા હોય કે હું હજી ૧૫-૨૦ વર્ષ રમતો જ રહીશ. હું એક કે બે વર્ષની વાત નથી કરી રહ્યો. તમે મને હંમેશાં (સીએસકેની) પીળી જર્સીમાં જ જોશો. હું વધુ રમીશ કે નહીં એ વિશે તમને પોતાને જ જાણ થઈ જશે.'

૨૦૨૩માં ધોનીના સુકાનમાં સીએસકેની ટીમે પાંચમી વખત ટાઇટલ જીતવાના મુંબઈ ઇન્ડિયન્સના વિક્રમની બરાબરી કરી ત્યારે જ ધોનીએ નિવૃત્તિ લઈ લેવાનું નક્કી કર્યું હતું, પરંતુ લોકચાહનાને માન આપીને તેણે રમવાનું ચાલુ રાખ્યું હતું. તેના રિટાયરમેન્ટને લગતી અટકળનો સિલસિલો છેલ્લી બે-ત્રણ સીઝનથી થતો રહે છે. જેવી નવી આઇપીએલ શરૂ થવાની હોય એના થોડા દિવસ પહેલાં ધોનીની નિવૃત્તિ વિશે જોરશોરથી અટકળ થવા લાગે છે. જોકે આ વખતે તો હજી ઘણા મહિનાઓ પહેલાંથી જ અટકળ થઈ રહી છે. ધોનીએ ૨૦૨૫ની આઇપીએલના અંત વખતે જ કહ્યું હતું કે ૨૦૨૬માં ' હું રમીશ કે નહીં એ નક્કી કરવા મારી પાસે હજી ૧૦ મહિના બાકી છે.' જોકે ઉલ્લેખનીય છે કે આઇપીએલમાં ધોનીની છેલ્લી હાફ સેન્ચુરી છેક ૨૦૨૨ની સીઝનમાં હતી. ■

# શુભમન ગિલની ટીમમાં અર્શદીપ, હર્ષિત રાણા અને કંબોજ! આ વળી કઈ ટીમ છે?

નવી દિલ્હીઃ ૨૮મી ઑગસ્ટે દુલીપ ટ્રોફી ટૂર્નામેન્ટ શરૂ થઈ રહી છે અને એમાં નૉર્થ ઝોનની ટીમનું સુકાન ભારતના નવા ટેસ્ટ કૅપ્ટન શુભમન ગિલને સોંપવામાં આવ્યું છે. ગિલને આ ટીમમાં અર્શદીપ સિંહ, હર્ષિત રાણા અને અંશુલ કંબોજ જેવા જાણીતા ફાસ્ટ બોલર આપવામાં આવ્યા છે.

ગિલના નેતૃત્વમાં ભારતીય ટીમે સોમવારે ઇંગ્લૅન્ડમાં ટેસ્ટ સિરીઝ ૨-૨થી ડ્રૉ કરાવી હતી. એ શ્રેણીમાં શુભમન ગિલે કુલ ૭૫૪ રન કર્યા હતા જે તમામ બૅટ્સમેનમાં હાઇએસ્ટ હતા. જોકે એક જ સિરીઝમાં સૌથી વધુ ૭૭૪ રન (૧૯૭૧માં વેસ્ટ ઇન્ડિઝના પ્રવાસમાં) કરવાના સુનીલ ગાવસકરનો ભારતીય વિક્રમ ગિલ નહોતો તોડી શક્યો.

નૉર્થ ઝોનની પ્રથમ મૅચ ૨૮મી ઑગસ્ટે ઈસ્ટ ઝોન સામે રમાશે. ફાઇનલ ૧૧મી સપ્ટેમ્બરે રમાશે. ઉલ્લેખનીય છે કે યુએઇમાં ૧૦મી સપ્ટેમ્બરે એશિયા કપ શરૂ થશે જેમાં ૧૪મી સપ્ટેમ્બરે ભારત વિરુદ્ધ પાકિસ્તાન વચ્ચે મુકાબલો થશે.

### શુભમનના સ્થાને શુભમન!

જો શુભમન ગિલ, અર્શદીપ સિંહ કે હર્ષિત રાણા એશિયા કપ માટેની ભારતીય ટીમમાં સિલેક્ટ થશે તો દુલીપ ટ્રોફીમાં નૉર્થ ઝોનની ટીમમાં તેમના સ્થાને રમાડી શકાય એ માટે ત્રણ ખેલાડીના નામ બૅક-અપ તરીકે નક્કી કરવામાં આવ્યા છે. એમાં અનુક્રમે શુભમન રોહિલા, ગુરનૂર બ્રાર અને અનુલ ઠકરાલનો સમાવેશ છે.

### ગિલની ટીમમાં કોણ-કોણ

નૉર્થ ઝોનની ટીમઃ શુભમન ગિલ (કૅપ્ટન), અંકિત કુમાર (વાઇસ-કૅપ્ટન), શુભમ ખજુરિયા, આયુષ બદોની, યશ ધુલ, અંકિત કલસી, નિશાંત સિંધુ, સાહિલ લૉટ્રા, મયંક ડાગર, યુધવીર સિંહ ચરક, અર્શદીપ સિંહ, હર્ષિત રાણા, અંશુલ કંબોજ, ઑકિબ નબી અને કનૈયા વાધવાન (વિકેટકીપર).

### જુરેલ સેન્ટ્રલ ઝોનનો કૅપ્ટન

ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટ સિરીઝમાં રિષભ પંતના સ્થાને વિકેટકીપિંગ કરનાર ધ્રુવ જુરેલને દુલીપ ટ્રોફીમાં સેન્ટ્રલ ઝોનની ટીમનું સુકાન સોંપવામાં આવ્યું છે. તેની ટીમમાં ખાસ કરીને રજત પાટીદાર, કુલદીપ યાદવ, દીપક ચાહર અને ખલીલ અહમદ છે. ■

# ભારતીય મહિલા ફૂટબૉલ ટીમની રૅન્ક સુધરી



નવી દિલ્હીઃ ફિફા રૅન્કિંગમાં ભારતીય મહિલા ફૂટબૉલ ટીમે સાત ક્રમની છલાંગ લગાવી છે. આ ટીમ હવે ૬૩મા નંબર પર આવી ગઈ છે. તાજેતરમાં થાઇલૅન્ડની ચડિયાતી ટીમ સામે ભારતીય ટીમે ૨-૧થી વિજય મેળવીને એએફસી વિમેન્સ એશિયન કપમાં ઐતિહાસિક પ્રવેશ મેળવ્યો હતો. ભારતીય મહિલા ટીમ બ્લ્યૂ ટાઇગ્રેસિસ તરીકે ઓળખાય છે અને છેલ્લાં બે વર્ષમાં એની આ સૌથી સારી રૅન્ક છે. કૅમેરૂન, ઇઝરાયલ, પેરુ જેવી ટીમો ભારતથી પાછળ છે. સ્પેન નંબર-વન, અમેરિકા નંબર-ટૂ અને સ્વિડન નંબર-થ્રી છે.

# ખોટા બર્થ સર્ટિફિકેટ બદલ ૧૧ કુસ્તીબાજ સસ્પેન્ડ

નવી દિલ્હીઃ રેસલિંગ ફેડરેશન ઑફ ઇન્ડિયાએ ખોટા બર્થ સર્ટિફિકેટ રજૂ કરવા બદલ ૧૧ કુસ્તીબાજને સસ્પેન્ડ કર્યા છે. એમાં સક્ષમ, મનુજ, કવિતા, અંશુ, આરુષ રાણા, શુભમ, ગૌતમ, જાગરૂપ ધાનકર, નકુલ, દુષ્યંત, સિદ્ધાર્થ બાલિયાનનો સમાવેશ છે. મોટી ઉંમરના કુસ્તીબાજ નીચલા વય-જૂથવાળા વર્ગની કુસ્તીની હરીફાઈમાં લડે એવા કિસ્સા ફેડરેશન માટે સૌથી મોટી સમસ્યા છે. જન્મના બનાવટી પ્રમાણપત્રો મેળવીને કેટલાક કુસ્તીબાજ પોતાના અસલ રાજ્યને બદલે બીજા રાજ્ય વતી કુસ્તી લડતા હોવાના કિસ્સા પણ બનતા હોય છે. અમુક કિસ્સામાં કુસ્તીબાજને જન્મ બાદ ૧૨-૧૫ વર્ષે બર્થ સર્ટિફિકેટ મળ્યું હોય છે.

# મહારાજા ટ્રોફી બેંગલૂરુના સ્ટેડિયમને બદલે મૈસૂરુમાં

બેંગલૂરુઃ કર્ણાટક રાજ્યની લોકપ્રિય મહારાજા ટ્રોફી ટી-૨૦ ટૂર્નામેન્ટ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમને બદલે મૈસૂરુમાં રમાશે. ચોથી જૂને ૧૧ જણના ભોગ લેનાર ધક્કામુક્કીની જે જીવલેણ ઘટના બની એ બાદ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં સ્પર્ધા રાખવા વિશે પોલીસ તંત્ર તરફથી ક્લીયરન્સ ન મળતાં હવે મહારાજા ટ્રોફી સ્પર્ધા ઇન્ડોર સ્ટેડિયમમાં રાખવામાં આવી છે.

# ચેસમાં ચેન્નઈની સ્કૂલને ગોલ્ડ

ચેન્નઈઃ ચેસના વર્લ્ડ ચૅમ્પિયન ૧૯ વર્ષીય ડી. ગુકેશ અને ગ્રૅન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનાનંદ ચેન્નઈની જે સ્કૂલમાં ભણ્યા છે એ વેલામ્મલ વિદ્યાલયે અમેરિકામાં વર્જિનિયા-સ્થિત વર્લ્ડ સ્કૂલ્સ ટીમ ચેસ ચૅમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતી લીધો છે. આ સ્કૂલે દેશને આર. વૈશાલી સહિત બીજા ઘણા નામાંકિત ચેસ ખેલાડીઓ આપ્યા છે. આઠ રાઉન્ડમાં ૧૬ પૉઇન્ટ મેળવનાર આ સ્કૂલની ટીમમાં પ્રણવ કે. પી. તથા અન્ય ખેલાડીઓનો સમાવેશ હતો. ■

# ટૅરિફના તોફાનમાં ૯૨૬ પોઈન્ટ નીચે પટકાયેલું બજાર મક્કમ વલણ સાથે પાછું ફર્યું, સેન્સેક્સ અને નિફ્ટી સુધારા સાથે બંધ થયા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે ભારત પર કરેલા ટેરિફ આક્રમણથી શેરબજાર એક તબક્કે ૯૨૬ પોઇન્ટ નીચી સપાટીએ પટકાયું હતું પરંતુ છેલ્લી ઘડીની લેવાલીના ટેકા સાથે રિબાઉન્સ થઇને પોઝિટિવ ઝોનમાં પાછું ફર્યું હતું. સેન્સેક્સ અંતે ૭૯.૨૭ પોઇન્ટ અથવા તો ૦.૧૦ ટકાના સુધારા સાથે ૮૦,૬૨૩.૨૬ પોઇન્ટની અને નિફ્ટી ૨૧.૯૫ પોઇન્ટ આથવા તો ૦.૦૯ ટકાના સુધારા સાથે ૨૪,૫૯૬ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

ટેક મહિન્દ્રા, એચસીએલ ટેક્નોલોજી, ઇટર્નલ, એક્સિસ બેન્ક, મારુતિ સુઝુકી, ટાટા સ્ટીલ, એચડીએફસી બેન્ક અને એશિયન પેઇન્ટ ટોપ ગેઇનર રહ્યા હતા. જ્યારે અદાણી પોર્ટ, ટ્રેન્ટ, ટાટા મોટર્સ, હિંદુસ્તાન યુનિલીવર અને એનટીપીસી ટોપ લુઝર્સની યાદીમાં હતા. બીએસઇ પર ૨,૧૯૩ જેટલા શેર ઘટ્યા હતા, જ્યારે ૧,૮૪૪ વધ્યા હતા અને ૧૫૪ યથાવત રહ્યા હતા. મિડકેપ ગેજ ૦.૩૦ ટકા વધ્યો હતો, જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સ ૦.૧૮ ટકા ઘટ્યો હતો.

જેએસડબલ્યુ સિમેન્ટ, કોનપ્લેક્સ સિનેમા અને ઓલટાઈમ પ્લાસ્ટિક્સ સાતમી ઓગસ્ટે મૂડીબજારમાં પ્રવેશ્યા છે. મકાઇ આધારિત સ્ટાર્ચ, ફૂડ ગ્રેડ અને સ્પેશિયાલિટી સ્ટાર્ચનું ઉત્પાદન કરનારી રીગલ રિસોર્સિસ લિમિટેડ રૂ. ૩૦૬ કરોડના જાહેર ભરણાં સાથે ૧૨મી ઓગસ્ટે મૂડીબજારમાં પ્રવેશ કરશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૯૬થી રૂ. ૧૦૨ કરોડ નક્કી થઇ છે અને ભરણું ૧૪મી ઓગસ્ટે બંધ થશે. ભરણું રૂ. ૨૧૦ કરોડના ફ્રેશ ઇશ્યૂ અને રૂ. ૯૬ કરોડની ઓએફએસનું સંયોજન છે.

પ્રથમ ક્વાર્ટરના પરિણામની જાહેરાત બાદ ભેલના શેરમાં છ ટકાનો કડાકો જોવા મળ્યો હતો. જાહેર ક્ષેત્રની કંપની ભેલની ખોટમાં વધારો થયો હતો. કંપનીએ જૂન ક્વાર્ટરમાં રૂ. ૪૫૫.૫૦ કરોડની ખોટ નોંધાવી છે, જે ગયા વર્ષે સમાનગાળામાં રૂ. ૨૧૧.૪૦ કરોડના સ્તરે હતી. કોલ ઇન્ડિયા લિમિટેડે પહેલી એપ્રિલથી તેના કોલસાનો ઉપયોગ કરનારા પાવર પ્લાન્ટને વધારાની વીજળી પાવર એક્ચેન્જને વેચવાની છૂટ આપી છે.

વર્કિંગ કેપિટલ ટેકનોલોજી સોલ્યુશન્સ ગ્લોબલ પ્રોવાઇડર, વીફિન સોલ્યુશન્સ લિમિટેડના બોર્ડે તેની પેટાકંપનીઓ, એસ્ટોરિફી સોલ્યુશન્સ લિમિટેડ અને ગ્લોબટીએફ સોલ્યુશન્સ લિમિટેડ સાથેના મર્જર અથવા અન્ય માધ્યમો દ્વારા પેરેન્ટ કંપની સાથે



એકીકરણ માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ પગલું, એમ્બેડેડ ફાઇનાન્સ, ટ્રેડ ફાઇનાન્સ, ડિજિટલ ધિરાણ અને રોકડ વ્યવસ્થાપન સહિતના તમામ મુખ્ય ઉત્પાદન ક્ષેત્રોને એક સંકલિત છત્ર હેઠળ લાવશે.

જેએસડબલ્યુ સિમેન્ટનો ઇશ્યૂ પહેલા દિવસે ૨૯ ટકા ભરાયો હતો. કેટલ ફિલ્ડ અને કૃષિ આધારિત આડપેદાશોના ઉત્પાદનમાં અગ્રણી કંપનીઓમાંની એક, નર્મદા એગ્રોબેઝ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં રૂ. ૧,૧૪૧.૩૪ લાખની કુલ આવક, ૩૦.૯૮ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૧૦૧.૯૦ લાખનો ચોખ્ખો નફો અને ૮૨.૦૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૬૫.૧૦ લાખનો એબિટા નોંધાવ્યો છે.

પ્રારંભિક સત્રમાં ભારત પર અમેરિકાના ટેરિફમાં ભારે વધારાને કારણે વ્યાપક વેચાણને કારણે બજારમાં વેચવાલીનું દબાણ વધ્યું હતું, પરંતુ ટ્રમ્પ, પુતિન અને ઝેલેન્સકી સાથે સંભવિત શાંતિ મંત્રણાના અહેવાલો બાદ અમેરિકાના નરમ વલણની આશા જાગી હોવાથી સેન્ટિમેન્ટમાં સુધારો થયો હતો. આ નવા આશાવાદે ઓટો, ફાર્મા, ધાતુઓ અને ઉર્જા ક્ષેત્રોમાં મજબૂત સુધારો કર્યો અને બજારને પોઝિટિવ ઝોનમાં લાવવામાં મદદ કરી હોવાનું જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

આ અગાઉ બુધવારે એનએસડીએલનો શેર રૂ. ૮૮૦ના ઇશ્યૂ ભાવ સામે ૧૦ ટકા પ્રીમિયમે લિસ્ટેડ થયા બાદ ૧૫ ટકા વધીને રૂ. ૯૨૦ બોલાયો હતો. એ જ રીતે, શ્રી લોટસનો શેર ૧૯ ટકા પ્રીમિયમે લિસ્ટેડ થયો હતો, જ્યારે એમએન્ડબી ઇશ્યૂભાવે લિસ્ટેડ થયા બાદ આઠ ટકા વધ્યો હતો. બજાજ ઓટોએ પ્રથમ ક્વાર્ટરમાં ૧૩.૮૪ ટકાના વધારા સાથે રૂ. ૨૨૧૦.૪૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. પેટીએમની પેરેન્ટ કંપની વન૯૭ કમ્યુનિકેશનમાંથી ચાઇનીઝ બિઝનેસ ટાઇકૂન જેક માની એન્ટ ફાઇનાન્શિઅલે તેનો ૫.૮૪ ટકાનો સંપૂર્ણ હિસ્સો રૂ. ૩૮૦૩ કરોડમાં વેચી નાંખ્યો છે. ઇન્ડોસોલ સોલારની રૂ. ૬૯,૦૦૦ કરોડના કેપેક્સની યોજના છે.

ટાટા ઇન્વેસ્ટમેન્ટ કોર્પોરેશનનો કોન્સોલિડેટેડ પ્રોફિટ જૂન ત્રિમાસિક ગાળામાં ૧૧.૬ ટકા વધીને રૂ. ૧૪૬.૩૦ કરોડ નોંધાયો છે. બ્લુ સ્ટારનો પ્રથમ ક્વાર્ટરનો નફો ૨૮.૪ ટકા ઘટીને રૂ. ૧૨૦.૮૨ કરોડ થયો હતો. ગોડ્ફ્રે ફિલિપ્સે નફામાં ૫૬ ટકાના વધારા અને ૨:૧ના બોનસ શેરની જાહેરાત કરી છે. એક્ઝોનોબલે જૂન ત્રિમાસિકમાં ૨૦.૫૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૯૧ કરોડનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યો છે. એબીબી ઇન્ડિયાનો ચોખ્ખો નફો જૂન ક્વાર્ટરમાં ૨૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૩૫૨ કરોડ નોંધાયો છે. જૂન ક્વાર્ટરમાં ભારતીય કોર્પોરેટ ક્ષેત્રમાં પ્રમોટર્સ હોલ્ડિંગ આઠ વર્ષની નીચી સપાટીએ પહોંચ્યું છે.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયા હતા. યુરોપના બજારો ગ્રીન ઝોનમાં ટ્રેડ કરી રહ્યા હતા. બુધવારે યુએસ બજારો ઊંચા બંધ થયા હતા.

એક્સચેન્જ ડેટા અનુસાર, બુધવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ૪,૯૯૯.૧૦ કરોડ રૂપિયાના ઇક્વિટી વેચ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૭૨ ટકા વધીને ૬૭.૩૭ ડોલર પ્રતિ બેરલ પર બંધ થયો. બુધવારે, સેન્સેક્સ ૧૬૬.૨૬ પોઈન્ટ અથવા ૦.૨૧ ટકા ઘટીને ૮૦,૫૪૩.૯૯ પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૭૫.૩૫ પોઈન્ટ અથવા ૦.૩૧ ટકા ઘટીને ૨૪,૫૭૪.૨૦ની સપાટીએ બંધ થયો હતો. ■

### ટ્રમ્પના ટૅરિફ લાગુ થતાં સલામતી માટેની માગ વધતાં ૩૪૦૦ ડૉલર તરફ ધસમસતું વૈશ્વિક સોનું

# સ્થાનિક સોનામાં ₹ ૨૫૧નો સુધારો અને ચાંદીમાં ₹ ૧૭૬૫નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પનાં ઊંચા ટૅરિફનો અમલ શરૂ થવાની સાથે જ વેપારો પર અસર થવાની ભીતિ હેઠળ આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગ વ્યાપક રહેતાં હાજર ભાવમાં ૦.૩ ટકાનો અને વાયદામાં ૦.૫ ટકાનો ઉછાળો આવ્યો હતો અને ભાવ ઔંસદીઠ ૩૪૦૦ ડૉલરની સપાટી તરફ ધસમસી રહ્યા હતા. તેમ જ ચાંદીના ભાવ એક ટકાના ઉછાળા સાથે ક્વૉટ થઈ રહ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૫૦થી ૨૫૧ વધી આવ્યા હતા. જોકે, આજે ડૉલર સામે રૂપિયામાં વધુ ૧૪ પૈસાનો સુધારો આવ્યો હોવાથી સોનાની આયાત પડતરો ઘટી આવતાં વિશ્વ બજારની સરખામણીમાં ઓછી ભાવવૃદ્ધિ જોવા મળી હતી, જ્યારે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૭૬૫નો ઉછાળો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં તેજીનું વલણ જળવાઈ રહ્યું હતું, જેમાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ વેરારહિત ભાવ રૂ. ૨૫૦ની તેજી સાથે રૂ. ૧,૦૦,૩૦૦ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૨૫૧ની તેજી સાથે રૂ. ૧,૦૦,૭૦૩ના મથાળે રહ્યા હતા. જોકે, એકતરફી તેજીના વાતાવરણમાં સ્થાનિક સ્તરે માત્ર રોકાણકારોની છૂટીછવાઈ રોકાણલક્ષી માગ જોવા મળી રહી છે, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગમાં સોંપો પડી ગયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની વિશ્વ બજાર પાછળ નીકળેલી આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની ખપપૂરતી માગને ટેકે વેરારહિત ભાવ કિલોદીઠ રૂ. ૧૭૬૫ની તેજી સાથે રૂ. ૧,૧૫,૨૫૦ના મથાળે રહ્યા હતા.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે



સલામતી માટેની માગને ટેકે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૩૩૭૫.૯૯ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૫ ટકા વધીને ૩૪૪૮.૯૦ ડૉલર આસપાસ તથા હાજરમાં ચાંદીના ભાવ એક ટકો વધીને પુનઃ ૩૮ ડૉલરની સપાટી પાર કરીને ૩૮.૨૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ઊંચા ટૅરિફની ધમકીઓ સાથે રોકાણકારોની સોનામાં સલામતી માટેની માગમાં વધારો થઈ રહ્યો હોવાનું કેસીએમ ટ્રેડનાં વિશ્લેષક ટીમ વૉટરરે જણાવતાં ઉમેર્યું હતું કે હાલમાં ટ્રમ્પની ટૅરિફની ધમકીઓને કારણે રોકાણકારો જોખમી અસ્ક્યામતોથી દૂર થઈ રહ્યા છે અને સોના-ચાંદી જેવી કિંમતી ધાતુઓ તરફ વળી રહ્યા છે.

અમેરિકામાં થતી આયાત સામે ઊંચી ટૅરિફ લાદીને વૈશ્વિક પુરવઠા ચેઈનને માઠી અસર પહોંચાડ્યા વિના, ઊંચા ફુગાવા અને વેપારી ભાગીદારોની આકરી પ્રતિક્રિયાને ગણકાર્યા વિના વેપાર ખાધ ઘટાડવાના ટ્રમ્પનાં આ વ્યૂહને પગલે ડઝનબંધ વેપારી ભાગીદાર દેશોથી થતી આયાત સામે ૧૦થી ૫૦ ટકા જેટલાં ઊંચા ટૅરિફના દર આજથી લાગુ થઈ રહ્યા હોવાથી તેમના આ વ્યૂહની કસોટી થનાર છે. વધુમાં તેમણે અમેરિકામાં આયાત થતાં સેમિકન્ડક્ટર પર ૧૦૦ ટકા ટૅરિફ લાદશે, સિવાય કે કંપનીઓ તેનું અમેરિકામાં ઉત્પાદન કરે અથવા તો ઉત્પાદનની બાંયધરી આપે, એમ તેમણે જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે રાજકીય અને આર્થિક અનિશ્ચિતતાના સંજોગોમાં સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગ રહેતી હોય છે.

વધુમાં ગત સપ્તાહે અમેરિકાના રોજગારીના ડેટા નબળા આવ્યા હોવાથી ફેડરલ દ્વરા રેટ કટની શક્યતાઓ પ્રબળ બની હોવાથી આજે ડૉલર ઈન્ડેક્સ એક સપ્તાહની નીચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ સીએમઈ ફેડ વૉચ ટૂલ પર પણ હવે બજાર વર્તુળો આગામી સપ્ટેમ્બર મહિનામાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૯૩ ટકા ધારણા મૂકી રહ્યા છે. તેમ જ મિનિયાપોલિસ ફેડના પ્રમુખ નીલ કશ્કરીએ પણ ટૅરિફનો અમલ થતાં અમેરિકી અર્થતંત્ર મંદ પડે તેવી શક્યતાને ધ્યાનમાં લેતાં ફેડરલ રિઝર્વ આગામી ટૂંકા સમયગાળામાં વ્યાજદરમાં કાપ મૂકવાનો નિર્ણય લે તેવી શક્યતા વ્યક્ત કરી હતી. ■

# ક્રૂડતેલ અને ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં રૂપિયો ૧૪ પૈસા ઊંચકાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાએ ભારતથી થતી આયાત સામેની ટૅરિફ જે ૨૫ ટકા હતી તે બમણી કરીને ૫૦ ટકા કરી હોવાથી સ્થાનિક બજાર પર માઠી અસર પડવાની પ્રબળ શક્યતા છતાં આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટી આવ્યા હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો કોન્સોલિડેટ થઈને ગઈકાલના બંધ સામે ૧૪ પૈસાના સુધારા સાથે ૮૭.૫૮ના મથાળે બંધ રહ્યો હતો.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૭૨ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૭.૬૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૭૭ અને ઉપરમાં ૮૭.૪૫ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૧૪ પૈસા ઊંચકાઈને ૮૭.૫૮ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૧૬ પૈસા વધીને બંધ રહ્યો હતો.

ભારત રશિયા પાસેથી તેલની ખરીદી કરી રહ્યું હોવાથી અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ભારત પરની ટૅરિફની બમણી કરીને બ્રાઝિલની સમકક્ષ ૫૦ ટકા ટૅરિફ લાદી છે. જોકે, ચીન અને તુર્કી પર અનુક્રમે ૩૦ ટકા અને ૧૫ ટકા જેટલી ટૅરિફ લાદવામાં આવી છે જે ભારતની સરખામણીમાં વધુ છે. ટ્રમ્પના આ પગલાની ખાસ કરીને ભારતીય ટેક્સ્ટાઈલ, દરિયાઈ ઉત્પાદનો અને લેધરની નિકાસ પર માઠી અસર પડશે. તેમ જ ટૅરિફ વધારાને કારણે અમેરિકા સાથેની ટ્રેડ ડીલ પણ વિલંબિત થવાની શક્યતાને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહે તેવી શક્યતા મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરતાં ડૉલર સામે રૂપિયાની રેન્જ ૮૭.૫૦થી ૮૭.૮૮ આસપાસની રહે તેવી ધારણા વ્યક્ત કરી હતી.

આમ એકંદરે ભારતીય અર્થતંત્ર માટેનાં નકારાત્મક અહેવાલ છતાં આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૦ ટકા ઘટીને ૯૮.૦૮ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટ્યા મથાળેથી ૦.૫૨ ટકા વધીને બેરલદીઠ ૬૭.૨૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. વધુમાં આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૭૯.૨૭ પૉઈન્ટ અને ૨૧.૯૫ પૉઈન્ટ વધીને બંધ રહ્યા હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# સ્મોલ ગ્રેડની ખાંડમાં સુધારો, નાકા ડિલિવરીમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ મર્યાદિત રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૯૦થી ૩૯૩૦માં થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતા મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો. જોકે, મથકો પરનાં નિરુત્સાહી અહેવાલે નાકા ડિલિવરી ધોરણે સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ હાજરમાં મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૮૨થી ૪૧૬૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા સારી આવતા તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૪૦૩૦થી ૪૧૦૨માં થયા હતા.



વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૪૦થી ૪૦૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર રૂ. ૩૯૯૦થી ૪૦૫૦માં થયાના અહેવાલ હતા. ■

# નિકલની આગેવાની હેઠળ ધાતુમાં બાઉન્સબૅક



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને નિકલની આગેવાની હેઠળ માત્ર બ્રાસ શીટ કટિંગ્સ અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓના ભાવમાં ઘટ્યા મથાળેથી કિલોદીઠ રૂ. એકથી ૧૫નો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે મુખ્યત્વે નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ના સુધારા સાથે રૂ. ૧૩૫૩ અને કોપર કેબલ સ્ક્રેપ, કોપરવાયરબાર, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને અનુક્રમે રૂ. ૮૫૩, રૂ. ૯૨૦, રૂ. ૨૬૦ અને રૂ. ૨૭૩ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ટીનના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૫૬૩ અને રૂ. ૨૯૯૩, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૩૯ અને રૂ. ૮૨૬ તથા એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૧૭ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર બ્રાસ શીટ કટિંગ્સ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી છૂટીછવાઈ માગ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૬૦૮ અને રૂ. ૧૮૪ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# જીડીપી, આઈઆઈપીના પાયાનું વર્ષ ૨૦૨૨-૨૩ નિર્ધારિત કરવા સરકારનો પ્રસ્તાવ

નવી દિલ્હીઃ સરકારે દેશના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) અને ઈન્ડેક્સ ઑફ ઈન્ડસ્ટ્રિયલ પ્રોડક્શન (આઈઆઈપી) તથા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (સીપીઆઈ-ગ્રાહક ભાવાંક)નું નવું પાયાકીય વર્ષ (બેઝ યર) ૨૦૨૨-૨૩ રાખવા માટે પ્રસ્તાવ મૂક્યો હોવાનું સંસદમાં ગત બુધવારે જણાવાયું હતું.

મંત્રાલય જીડીપી, આઈઆઈપી અને સીપીઆઈના પાયાકીય વર્ષમાં ફેરફાર કરવાની દિશામાં કાર્ય કરી રહી છે. નોંધનીય બાબત એ છે કે નવા આંકડાકીય સ્રોતના સંકલન અને નવાં સ્રોતના સમાવેશની પદ્ધતિને અપડેટ કરીને અર્થતંત્રમાં થઈ રહેલા માળખાકીય ફેરફારોને વધુ સારી રીતે પ્રતિબિંબિત કરવા માટે સમયાંતરે પાયાકીય વર્ષમાં ફેરફારો કરવામાં આવતા હોવાનું રાજ્યકક્ષાના સ્ટેટેસ્ટિક્સ ઍન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન ખાતાના પ્રધાને લોકસભામાં એક પ્રશ્નનો લેખિતમાં ઉત્તર આપતા જણાવ્યું હતું.

ગ્રાહક ભાવાંક હેઠળ વર્ગિકૃત કરવામાં આવતી ચીજો અને તેની માત્રા અથવા તો વેઈટેજ વર્ષ ૨૦૨૩-૨૪માં હાઉસહોલ્ડ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર સર્વેક્ષણમાંથી સુધારિત ઈન્ડેક્સમાં લેવામાં આવશે. મંત્રાલયે પહેલો ખાનગી કોર્પોરેટ ક્ષેત્રનાં મૂડીગત્ ખર્ચના ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શનનું ફોરવર્ડ લૂકિંગ સર્વેક્ષણ નવેમ્બર, ૨૦૨૪થી જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન કરવામાં આવ્યું હતું અને સર્વેક્ષણનાં તારણો જાહેર કરવામાં આવ્યા હતા.

વધુમાં મંત્રાલયે ઈન્કોર્પોરેટેડ સર્વિસીસ ક્ષેત્રની સમજ મેળવવા માટે એન્યુઅલ સર્વે ઑફ સર્વિસીસ સેક્ટર એન્ટરપ્રાઈઝીસ(એએસએસએસઈ)નો વિસ્તૃત અભ્યાસ હાથ ધર્યો હતો અને આગામી આર્થિક ગણતરી (ઈકોનોમિક સેન્સસ-ઈસી)અથવા તો આઠમા ઈસી અંગેનો નિર્ણય હજુ લેવાનો બાકી હોવાનું તેમણે ઉમેર્યું હતું. ■

# સ્ટોક બ્રોકર્સ, ડીપી માટે જોઇન્ટ ઇન્સ્પેકશન

નવી દિલ્હીઃ કેપિટલ માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)એ બ્રોકર્સ, ડીપી માટે સંયુક્ત નિરીક્ષણ માળખું રજૂ કર્યું છે.

બજાર નિયમનકાર સેબીએ ગુરુવારે સ્ટોક બ્રોકર્સ અને ડિપોઝિટરી સહભાગીઓ માટે એકીકૃત વાર્ષિક નિરીક્ષણ ફરજિયાત કર્યું છે,

આ નવી વ્યવસ્થા અંતર્ગત દરેક એન્ટિટી દ્વારા અલગ મૂલ્યાંકનની હાલની પ્રથાને બદલે, તમામ સંબંધિત બજાર માળખાગત સંસ્થાઓ દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવશે. આ પગલાનો હેતુ વારંવારની મુલાકાતો ઘટાડવાનો અને મધ્યસ્થીઓ માટે સમય અને સંસાધનોની બચત કરવાનો છે.

હાલમાં, સ્ટોક બ્રોકર્સ અને ડિપોઝિટરી સહભાગીઓ (ડીપી)નું વાર્ષિક નિરીક્ષણ સ્ટોક એક્સચેન્જ, ડિપોઝિટરી અને ક્લિયરિંગ કોર્પોરેશનો જેવા દરેક માર્કેટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સંસ્થાઓ (એમઆઇઆઇ) દ્વારા અલગથી વ્યક્તિગત ધોરણે કરવામાં આવે છે. ■

# એપરલની નિકાસ પર ૫૦ ટકા અમેરિકી ટૅરિફથી નાના એકમોનો મૃત્યુઘંટ વાગશેઃ એઈપીસી

નવી દિલ્હીઃ ટ્રમ્પના વહીવટી તંત્રએ ભારતથી આયાત થતી ચીજો સામેની ટૅરિફ બમણી કરીને ૫૦ ટકા કરતાં એપરલની નિકાસ કરતી સંસ્થા એપરલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (એઈપીસી)એ તાત્કાલિક ધોરણે સરકાર સમક્ષ રાજકોષીય ટેકાનો અનુરોધ કરતાં જણાવ્યું હતું કે અમેરિકાના આ નિર્ણયથી માઈક્રો અને મિડિયમ એન્ટરપ્રાઈઝીસ જે અમેરિકી બજાર પર વધુ નિર્ભર છે તેનો મૃત્યુઘંટ વાગી જશે એવી ભીતિ વ્યક્ત કરી છે.

કાઉન્સિલનાં ચેરમેન સુધી સેખરીએ જણાવ્યું હતું કે અમેરિકાની આ જાહેરાત શ્રમલક્ષી નિકાસ ઉદ્યોગ માટે આઘાતજનક છે. ટૅરિફનો આટલો વધારો કોઈ રીતે ઉદ્યોગ ખમી શકે તેમ નથી. તેમ જ સરકાર પણ માનતી હશે કે ટૅરિફનો આ વધારો અવાસ્તવિક છે અને તેને કારણે માઈક્રો અને મિડિયમ એપરલ ઉદ્યોગ માટે મૃત્યુઘંટ સમાન પુરવાર થશે. ખાસ કરીને જેઓ અમેરિકી બજાર પર વધુ અવલંબિત હશે તેના પર વધુ માઠી અસર પડશે. સિવાય કે સરકાર સીધા રાજકોષીય ટેકાના પગલાં જાહેર કરે.

અત્રે નોંધનીય બાબત એ છે કે ભારતીય રેડીમેડ ગાર્મેન્ટ્સની નિકાસ માટે અમેરિકા મુખ્ય બજાર છે. વર્ષ ૨૦૨૪માં દેશમાંથી થયેલી ગાર્મેન્ટ્સની કુલ નિકાસમાં અમેરિકાનો હિસ્સો ૩૩ ટકા રહ્યો હતો. વર્ષ ૨૦૨૪-૨૫માં આ ક્ષેત્રમાંથી અમેરિકા ખાતે થયેલી નિકાસમાં એપરલ નિટેડનો હિસ્સો ૨.૭ અબજ ડૉલરનો, એપરલ વુવનનો હિસ્સો ૨.૭ અબજ ડૉલરનો અને મેડ અપ્સનો હિસ્સો ત્રણ અબજ ડૉલરનો રહ્યો હતો.

અમેરિકામાં થતી ગાર્મેન્ટ્સની આયાતમાં ભારતનો હિસ્સો જે વર્ષ ૨૦૨૦માં ૪.૫ ટકા હતો તે વર્ષ ૨૦૨૪માં વધીને ૫.૮ ટકાના સ્તરે પહોંચ્યો હતો. તેમ જ રેડીમેડ ગાર્મેન્ટસની અમેરિકા ખાતે થતી નિકાસમાં ભારત ચોથા ક્રમાંકે રહ્યું હોવાનું સેખરીએ ઉમેર્યું હતું.

નોંધનીય બાબત એ છે કે ગત છઠ્ઠી ઑગસ્ટે વૉશિંગ્ટને ભારતથી થતી આયાત સામે ૨૫ ટકા ટૅરિફની જાહેરાત કરી હતી, જે હવે ૨૭ ઑગસ્ટથી વધારીને ૫૦ ટકા કરવાની જાહેરાત કરી હતી. જોકે, ભારતે રશિયાથી તેલની ખરીદી ચાલુ રાખી હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું. ■

# રાજકોટમાં ઉચ્ચ વળતરની લાલચ આપી કારખાનેદાર સાથે ₹૧૦.૪૧ કરોડની છેતરપિંડી, પતિ-પત્નીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં મોટા વળતર લેવાની લાલચ મોંઘી પડી હતી. રાજકોટમાં રહેતા અને વાવડી વિસ્તારમાં કારખાનું ધરાવતા કારખાનેદાર નિકુંજ વોરા નામના યુવકે રાજકોટ આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાવી હતી કે રોહિત કકાણિયા અને પત્ની પ્રફુલા કકાણિયા દ્વારા એક કંપની સ્થાપીને તે વિદેશમાં રોકાણ કરતી હોવાનો દાવો કરીને લોકોને વિદેશ ટૂર કરાવવાના સપના બતાવી માસિક ૨૦% વળતર આપવા લાલચ આપી તેની પાસેથી રૂપિયા ૧૦.૪૧ કરોડ પડાવ્યા હતા.

મળતી વિગતો અનુસાર રાજકોટના જીવરાજ પાર્કમાં રહેતા નિકુંજ છગનભાઈ વોરાએ સાધુવાસવાણી રોડ પર આસોપાલવ ગ્રીન એપાર્ટમેન્ટમાં રહેતા રોહિત શાંતીલાલ કકાણિયા અને તેની પત્ની પ્રફુલા રોહિત કકાણિયા સામે ફરિયાદ નોંધાવી હતી, જેમાં તેમણે જણાવ્યું હતું કે, તે અપેક્ષ ઈન્ડસ્ટ્રીઝ નામે ફેબ્રિકેશનનું કારખાનું ચલાવતો હોય, આ દરમીયાન ત્યાં ભાવેશભાઈ બેસવા આવતો હોય, જેના મારફત તેના મિત્ર રોહિત સાથે પરિચય થયો હતો.

આ દરમિયાન, રોહિતે જણાવ્યું હતું કે, તે પોતે ટ્રેડલિંગ કંપનીના નામે ઑફિસ ધરાવે છે અને કંપની દ્વારા વિદેશમાં અલગ-અલગ જગ્યાએ રોકાણ કરવામાં આવે છે, જેમાં વળતર પણ સારું મળે છે. તેણે માસિક ૨૦% વળતર તેમ જ વિદેશ ટૂરની પણ લાલચ આપી હતી. ત્યારબાદ આરોપી રોહિતે તેને કેપિટલ મની માર્કેટનો ધંધો હોવાનું અને તેમાં રોકાણ કરવાથી સારૂ વળતર આપવાની વાત કરી હતી, જેમાં તેને દુબઈના શુશીલ મોઝર સાથે પણ કોન્ટેક હોવાનું અને તે વધુ સમય દુબઈ જ રહેતો હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત મહારાષ્ટ્રમાં પુણે ખાતે ઑફિસ હોવાનું પણ જણાવ્યું હતું, જેથી તેને મોબાઈલમાં કંપનીની વિગતો મોકલી હતી. ભાવેશભાઈ પણ છેલ્લા બે વર્ષથી રોકાણ કરતા હોવાની વાત જણાવી હતી.

તેની વાતમાં આવી ફરિયાદીએ રોકાણ કર્યું હતું, જેમાં માસિક વળતર પણ મળતું હતું, જેથી તેને કટકે-કટકે રોકડા તેમ જ ઓનલાઇન અને ચેક મારફત કુલ ૧૦.૪૧ કરોડનું રોકાણ કર્યું હતું.

શરૂઆતના સમયમાં નિયમિત વળતર આપવામાં આવતુ હતું, પરંતુ છેલ્લા છ-સાત મહિનાથી વળતર આપવામાં આવતું ન હતું, જેમાં પ્રથમ મહારાષ્ટ્રમાં ચૂંટણી ચાલતી હોવાથી પેમેન્ટ અટક્યું હોવાનુ જણાવ્યું હતું અને ચૂંટણી બાદ વળતર તેમ જ રોકાણ પરત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. આ પછી પણ વળતર ન આવતા તેને દુબઈથી વળતર ચૂકવવામાં આવ્યું ન હોવાનું કહી ફોન પણ બંધ કરી દીધો હતો. અંતે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપી રોહિત કકાણિયા અને તેની પત્ની પ્રફુલા કકાણિયાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ તપાસમાં ફરિયાદીની સાથે-સાથે તેના સગા અને સંબંધીઓએ પણ રોકાણ કર્યું હોવાનું સામે આવ્યું હતું. ■




રક્ષાબંધનના તહેવાર નિમિત્તે રાજકોટની વિરાણી સ્કૂલના વિદ્યાર્થીઓએ પોતાની અનોખી કલા અને સર્જનાત્મકતાનું પ્રદર્શન કર્યું હતું. શાળાના આશરે ૯૦૦ જેટલા વિદ્યાર્થીઓએ સાથે મળીને એક અસાધારણ અને વિશાળ રાખડીનું નિર્માણ કર્યું, જેણે સૌનું ધ્યાન ખેંચ્યું. આ રાખડી ૪૫ ફૂટ લાંબી અને ૨૦૦ સ્ક્વેર ફૂટના વિશાળ વિસ્તારમાં ફેલાયેલી હતી. તેની સૌથી ખાસ વાત એ હતી કે તેને બનાવવા માટે કોઈ પરંપરાગત સામગ્રીનો ઉપયોગ થયો ન હતો, પરંતુ વિદ્યાર્થીઓએ ઘરમાં વપરાતી વસ્તુઓ જેવી કે ડીશ, બાઉલ, પ્લેટ, સાડી, ચણ અને વિવિધ પ્રકારના અનાજનો સુંદર રીતે ઉપયોગ કર્યો હતો. (તસવીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)




સફાઈ કામદારની કાયમી ભરતી કરવાની માગને લઈ કામદાર યુનિયન દ્વારા રાજકોટ મનપાનો ઘેરાવ કરવામાં આવ્યો હતો. ગેરબંધારણીય નિયમ તાત્કાલિક દૂર કરવામાં આવે અને અન્ય સરકારી ભરતી પ્રક્રિયાની જેમ જ ભરતી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. (તસવીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# અબડાસાના દરિયાકાંઠે ચરસ વેચતા બે આરોપીઓને ૧૨ વર્ષની સખત કેદ અને ₹ ૨ લાખનો દંડ ફટકારાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ચાર વર્ષ પહેલા અબડાસાના સાગરકાંઠે તણાઇ આવેલા અફઘાની ચરસના ૧૩ જેટલા બિનવારસુ પડીકાઓનું સ્થાનિક બજારમાં વેંચાણ કરવાની પેરવી કરી રહેલા અને મુદ્દામાલ સાથે ઝડપાયેલા મામદ હુસેન સમા અને મુસ્તાક અલીમામદ સુમરાને સ્પેશિયલ અદાલતે ગુનેગાર ઠેરવીને ૧૨-૧૨ વર્ષની સખત કેદ તથા બે-બે લાખનો દંડ ફટકારતો ધાક બેસાડતો ચુકાદો આપ્યો હતો.

આ કેસની વિગતો અનુસાર ગત વર્ષ ૨૦૨૧માં ૨૯ નવેમ્બરના રોજ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપને મળેલી પૂર્વ બાતમીના આધારે દરિયા કાંઠેથી મળી આવેલા બિનવારસુ ચરસ વેચવા નીકળેલા મામદ સમાને નકલી ગ્રાહકોનું છટકું ગોઠવી ભુજમાં ખારીનદી પાસે પાંચ ચરસના પેકેટ સાથે ઝડપી લીધા બાદ તેની પૂછતાછમાં આ જથ્થો તેના મિત્રો મુસ્તાક અલીમામદ સુમરા અને કાસમ અલીમામદ સુમરા, આમદ ઉર્ફે અધાયો ઉર્ફે ફ્ન્ટી સિધિક મંધરા વેચાણ માટે આપી ગયાનું જાણવા મળ્યા બાદ મુસ્તાકની પૂછતાછમાં ખેતરમાં સંતાડેલા વધુ આઠ ચરસના પેકેટ મળી આવ્યા હતા. મુસ્તાકે પૂછપરછ દરમિયાન જણાવ્યું હતું કે, આ ૧ ચરસના પેકેટ તેને તથા તેના ભાઇ કાસમને વિજય સિધિક કોળીએ આપ્યા હતા. આમ જે-તે સમયે આરોપીઓ વિરુદ્ધ એ-ડિવિઝન પોલીસમથકે ગુનો દાખલ કરાયો હતો. તપાસના અંતે અન્ય આરોપીઓ સાથે ચાર્જશીટ દાખલ થતાં આ કેસ સ્પેશિયલ એન.ડી.પી.એસ. કોર્ટના છઠ્ઠા અધિક સેશન્સની અદાલતમાં ચાલી જતાં જજ વિરાટ અશોક બુદ્ધે માનવ સમાજ અને દેશના યુવા વર્ગને ગંભીર અસર કરતા આ નશાની બદીને વકરતી રોકવી જરૂરી સમજીને મામદ તથા મુસ્તાક પાસે માદક પદાર્થ ચરસ મળતાં તેને ગુનેગાર ઠેરવી ૧૨-૧૨ વર્ષની સખત કારાવાસની સજા તથા બે-બે લાખનો દંડ ફટકારતો હુકમ કર્યો હતો. આ ઉપરાંત અન્ય આરોપી વિજય સિદિક કોલી, આમદ ઉર્ફે અધાયો ઉર્ફે ફ્ન્ટી સિધિક મંધરા અને કાસમ અલીમામદ સુમરાને શંકાનો લાભ આપી છોડી મૂકવા હુકમ કર્યો હતો. આ કેસમાં સરકાર તરફે અધિક જિલ્લા સરકારી વકીલ ડી.જે. ઠક્કરે કોર્ટરૂમમાં હાજર રહીને દલીલો કરી હતી. ■

# કચ્છમાં પ્રથમ વેટરનરી કૉલેજનો પ્રારંભઃ નવા શૈક્ષણિક સત્રથી પ્રવેશપ્રક્રિયા શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧માં મંજૂર કરવામાં આવેલી કચ્છની પ્રથમ વેટરનરી કૉલેજની શરૂઆત કરવામાં આવી હતી અને આગામી નવા શૈક્ષણિક સત્રથી વિદ્યાર્થીઓના પ્રવેશની કામગીરી હાથ ધરવામાં આવશે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, ગત ઓગસ્ટ ૨૦૨૧માં તત્કાલીન મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ ભુજમાં વેટરનરી કોલેજ બનશે તેવી જાહેરાત કરી હતી.જે બાદ વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટમાં ગુજરાત સરકાર દ્વારા આ કોલેજને સૈદ્ધાંતિક મંજૂરી આપી ૫ કરોડના બજેટની ફાળવણી કરાઈ હતી. પ્રવેશની કામગીરી શરૂ કરવા વેટરનરી કાઉન્સિલ ઓફ ઇન્ડિયાની મંજૂરી મેળવવાની પ્રક્રિયા પણ કરાઈ હતી જેના માટે કાઉન્સિલની ટુકડીએ ભુજમાં આવીને ઇન્સ્પેક્શન પણ કર્યું હતું. તમામ જટિલ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ગાંધીનગર સ્થિત કામધેનુ યુનિવર્સિટી હસ્તક ભુજ ખાતે વેટરનરી કોલેજ શરૂ કરવામાં આવી હતી.

હાલમાં ભુજની પશુપાલન વિભાગની મરઘા ઉછેર કેન્દ્રની ઇમારતમાં આ કૉલેજ હંગામી ધોરણે શરૂ કરી દેવામાં આવી છે. જે તે સમયે બજેટમાં અહીં વિવિધ સંવર્ગની કુલ ૪૨ જગ્યા નિયમિત ધોરણે તેમજ કુલ ૩૨ જગ્યા આઉટસોર્સિંગથી મળી ૭૪ જગ્યાનું મહેકમ મંજૂર કરવામાં આવ્યું હતું. કામધેનુ યુનિવર્સિટી દ્વારા મોટાભાગના સ્ટાફની નિમણૂક કરી દેવામાં આવી છે તે પૈકી પ્રિન્સિપાલ, પ્રાધ્યાપક, સહ પ્રાધ્યાપક, મદદનીશ પ્રાધ્યાપક અને વહીવટી સ્ટાફ સહિત ૧૬ જણે હાજર થયા હતા અને સત્તાવાર ધોરણે કોલેજ શરૂ કરી દેવામાં આવી છે. તે ઉપરાંત હાલમાં અહીં હંગામી દવાખાનું પણ શરૂ કરવામાં આવનાર હોય કચ્છના પશુપાલકોને મોટો ફાયદો મળી રહેશે. ■

# સૌરાષ્ટ્રમાં આમ આદમી પાર્ટીને મોટો ઝટકોઃ કરશનબાપુ ભાદરકાનું રાજીનામું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આમ આદમી પાર્ટીમાં ફરી એકવાર અસંતોષ જોવા મળ્યો હતો. સૌરાષ્ટ્રના પ્રમુખ નેતા કરશનબાપુ ભાદરકાએ અચાનક રાજીનામું આપી દીધું હતું. તેમણે રાજીનામા પાછળ 'નાદુરસ્ત તબિયત'નું કારણ આગળ ધર્યું હતું, આમ આદમી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ઈશુદાન ગઢવીને સંબોધીને તેમણે સોશ્યલ મીડિયા પર આ અંગેની પોસ્ટ મૂકી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, કરશનબાપુ છેલ્લા કેટલાક સમયથી પાર્ટીથી નારાજ હતા. વિસાવદરની ચૂંટણી દરમિયાન ગોપાલ ઈટાલિયા દ્વારા વારંવાર પૂર્વ પ્રધાન જવાહર ચાવડાના વખાણ કરવાથી તેઓ નારાજ થયા હોવાનું મનાય છે. આ ઉપરાંત, મનરેગા કૌભાંડમાં જૂનાગઢના કોંગ્રેસના નેતા હીરા જોટવાનું નામ આવ્યા બાદ જ્યારે પાર્ટીએ તેમની સામે અભિયાન ચલાવ્યું, ત્યારે કરશનબાપુએ પાર્ટી લાઈનથી વિરુદ્ધ જઈને હીરા જોટવાને સમર્થન આપ્યું હતું.

નોંધનીય છે કે ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં કરશનબાપુએ ભાજપના જવાહર ચાવડાને હરાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તે સમયે તેમને ૨૩,૦૦૦ મત મળ્યા હતા. હાલમાં ગુજરાતમાં આપ દ્વારા 'ગુજરાત જોડો અભિયાન' ચાલી રહ્યું છે, જેમાં પક્ષનો દાવો છે કે ૧૫૦થી વધુ જનસભાઓ થઈ છે અને પાંચ લાખથી વધુ લોકો મિસ્ડ કોલ દ્વારા પાર્ટીમાં જોડાયા છે. આ આંદોલન વચ્ચે કરશનબાપુનું રાજીનામું પાર્ટી માટે ચિંતાનો વિષય બન્યો છે. ■

# અમરેલીના જશવંતગઢ ગામમાં બે વર્ષના રમતા બાળકને શ્વાન જડબામાં પકડીને ભાગ્યો, ઘટના સીસીટીવીમાં કેદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલીના જશવંતગઢ ગામમાં એક બે વર્ષના રમતા બાળકને શ્વાન જડબામાં પકડીને ભાગ્યો હતો, જોકે બાળકે રાડારાડ કરતાં સમયસર પિતાનું ધ્યાન જતાં તેમણે શ્વાન પાછળ દોટ મૂકીને બાળકને છોડાવ્યું હતું. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમરામાં કેદ થઈ હતી.

મળતી વિગત પ્રમાણે, અમરેલીના જશવંતગઢ ગામ નજીક રાંઢિયા રોડ પર આવેલી બાયોકોલ ફેક્ટરી પાસે રહેતા પરપ્રાંતીય પરિવારનું બાળક આંગણામાં રમતું હતું. આ દરમિયાન અચાનક એક શ્વાને તેના પર હુમલો કર્યો હતો અને બાદમાં જડબામાં જકડીને બાળકને લઇને શ્વાન ભાગ્યો હતો, જોકે બાળકના પિતા ઘરની અંદર જ હતા તેમણે બાળકનો રડવાનો અવાજ સાંભળતાં તરત પાવડાનો હાથો લઇને શ્વાન પાછળ દોટ મૂકીને બાળકને છોડાવ્યું હતું.

આ બાદ પિતાએ બાળકને તરત ચિતલની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યું હતું. આ ઘટનામાં બાળકને શ્વાન લઇને ભાગ્યો એ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેમરામાં કેદ થઈ હતી. જેના સીસીટીવી વાયરલ થયા હતા. ■

# નલિયા પી.જી.વી.સી.એલ.નો કર્મચારી ગ્રાહકોના રૂપિયા અને મિત્રની કાર લઈ ફરાર થઈ જતા પોલીસ ફરિયાદ દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના નલિયા ખાતેની પશ્ચિમ ગુજરાત વીજ કંપનીની કચેરીમાં જુનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા કર્મચારીએ ગ્રાહકોના નવાં વીજ જોડાણ અને બાકી બિલના નાણાંની ઉચાપત તથા અન્યની કાર હંકારી જવા મામલે નલિયા પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવતાં ચકચાર પ્રસરી હતી.

મળતી વિગતો અનુસાર વાડાપદ્ધર ગામમાં રહેતા જયદીપસિંહ જાડેજાએ પોલીસ સમક્ષ નોંધાવેલી ફરિયાદ મુજબ ગત ૧૧મી એપ્રિલના આ બનાવ બહાર આવ્યો હતો જેમાં પી.જી.વી.સી.એલ.માં નલિયા ડિવિઝન ખાતે જુનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવનાર મૂળ જામનગરનો આસિફ ઓસમાણ રાઉમાએ પોતાના પુત્રની તબિયત ખરાબ હોવાથી બે દિવસ માટે વતન જામનગર જવાના નામે ફરિયાદીની અલ્ટો કાર મેળવી આજદિન સુધી પરત આવ્યો જ નથી.

બીજી તરફ, પી.જી.વી.સી.એલ.ના નાયબ ઈજનેર જયકુમાર નયન ઠાકરે જણાવ્યું હતું કે, આસીફ ઓસમાણ રાયમાએ ગામમાં અલગ અલગ ગ્રાહકો પાસેથી વીજ જોડાણના બાકી લેણાની ઉઘરાણી કરી હતી. નવા વીજ જોડાણ અને બાકી બીલના ૮૧,૪૦૦ રૂપિયા ઉઘરાવી ગ્રાહકોને પહોંચ ન આપી પી.જી.વી.સી.એલ.માં આ રૂપિયા જમા ન કરાવી સરકારી નાણાંની ઉચાપત કરી હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. હાલ નલિયા પોલીસે આ બે અલગ અલગ ફરિયાદોના આધારે આરોપીની ધરપકડ કરવા વધુ તપાસ હાથ ધરી હતી. ■

# ભાવનગરમાં મનપાની ટેમ્પલ બેલ ગાડી નીચે દબાઈ જવાથી સગીરનું મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર શહેરના ચાવડીગેટ વિસ્તારમાં આવેલી મહાનગરપાલિકાની ડમ્પિંગ સાઈટ પર એક અત્યંત કરુણ ઘટના ઘટી હતી. જેમાં ટેમ્પલ બેલ ગાડીનું રિપેરિંગ કામ કરી રહેલા ૧૭ વર્ષના સગીરનું બીજી બેદરકારીપૂર્વક ચલાવવામાં આવેલી ગાડી નીચે દબાઈ જવાથી મોત નીપજ્યું છે.

આ બનાવ અંગે પ્રાપ્ત થતી માહિતી મુજબ મુળ બિહારના વતની અને ભાવનગર શહેરના ચાવડીગેટ વિસ્તારના ફાચરીયાવાડી શેરી ખાતે રહેતા મોહમ્મદરિયાઝ મહમદસફિક અંસારી અને તેનો ભાણેજ મહમદઆસિફ ગુફરાનમહમદ અંસારી ઉં.વ.૧૭ બન્ને ચાવડીગેટ વિસ્તારમાં આવેલ મહાનગરપાલિકાની ડમ્પીંગ સાઇડ ટેમ્પલ બેલ ગાડીનું રિપેરિંગ કરતા હતા ત્યારે અપ્પુભાઇએ પોતાની હવાલા વાળી ટેમ્પલ બેલ ગાડી બેદરકારીથી રિવર્સમાં ચલાવી રિપેરિંગ કરવામાં આવી રહેલી ગાડી સાથે અથડાવી દેતા જેક ખસી જવાથી ટેમ્પલ બેલ નીચે કામ કરી રહેલ મહમદઆસિફ ટેમ્પલ બેલ નીચે દબાઈ ગયો હતો.

આ બનાવ બાદ મૃતક સગીરના મામા મોહમ્મદરિયાઝે ગાડી ચાલક વિરુદ્ધ નીલમબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી. ■

# ભુજમાં વૃદ્ધને હનીટ્રેપમાં ફસાવી તોડ કરનાર બે નકલી પોલીસકર્મીઓ સહિત ત્રણ આરોપી ઝડપાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ભુજ તાલુકાના સુખપર ગામના એક ૬૨ વર્ષના પટેલ વૃદ્ધને હનીટ્રેપમાં ફસાવી, નકલી પોલીસ બનીને ઢોરમાર મારી, ડરાવી-ધમકાવીને ૬૦ હજાર રૂપિયા પડાવી લેવાના ગુનામાં સ્થાનિક ગુન્હાશોધક શાખાએ કમલેશ દયાપ્રસાદ વર્મા, ભગવતકુમાર ઓમપ્રકાશ રાણા અને મુસરા મજીદખાન પઠાણની ધરપકડ કરી લીધી હતી. જ્યારે નકલી પોલીસ બનેલી એક મહિલાને પકડમાં લેવા વધુ તપાસ હાથ ધરી હતી.

અગાઉ હનીટ્રેપના ગુનામાં સામેલ હેમલતા આ વૃદ્ધને પ્રેમજાળમાં ફસાવીને મુસરાના ફાર્મહાઉસમાં લઈ ગઈ હતી જ્યાં ખાખી વર્દી ધારણ કરીને ત્રાટકેલા કમલેશ અને ભગવતે વૃદ્ધને ડંડાથી માર મારીને રિવોલ્વર બતાડી ધમકાવીને પતાવટ કરવા પેટે ત્રણ લાખ રૂપિયા માગ્યા હતા. ઝડપાયેલા ત્રણે આરોપી ભુજના આશાપુરા નગર, ગીતા કોટેજિસ વિસ્તારમાં રહે છે. કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવેલી ત્રણ દિવસની રિમાન્ડ દરમ્યાન ગહન પૂછપરછમાં તેમણે આ રીતે અગાઉ અન્ય કેટલાં ગુના કર્યા છે તે સહિતની બાબતો બહાર આવી શકે છે તેમ તપાસકર્તાએ જણાવ્યું હતું. ■

# જામનગરથી અમદાવાદ અને સુરત માટે નવી ફ્લાઇટ સેવાઓની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શ્રાવણ માસના પવિત્ર તહેવારોમાં જામનગરવાસીઓને વિમાની સેવાની ભેટ મળી છે. એરપોર્ટ ઑથોરિટી દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે આગામી તા. ૨૩ ઑગસ્ટ, ૨૦૨૫થી જામનગરથી અમદાવાદ અને સુરત માટે બે નવી ફ્લાઇટ સેવાઓ શરૂ થશે. આ નવી ફ્લાઇટ્સથી મુસાફરોને આ બંને શહેરો વચ્ચે આવનજાવન માટે વધુ સુવિધા મળી રહેશે.

એરપોર્ટ ઑથોરિટી દ્વારા જાહેર કરાયેલા શિડયૂલ મુજબ, સ્ટારએરની ૫૦ સીટની ક્ષમતા ધરાવતી ઇએમબી-૧૪૫ નંબરની ફ્લાઇટ આ સેવા પૂરી પાડશે. અમદાવાદ-જામનગરઃ સવારે ૮:૧૫ કલાકે અમદાવાદથી ઉપડીને ૯:૦૫ કલાકે જામનગર પહોંચશે, જામનગર-સુરતઃ સવારે ૯:૩૦ કલાકે જામનગરથી ઉપડીને ૧૦:૨૦ કલાકે સુરત પહોંચશે. તે ઉપરાંત સુરત-જામનગરઃ બપોરે ૧:૩૫ કલાકે સુરતથી ઉપડીને ૨:૨૫ કલાકે જામનગર પહોંચશે તેમ જ જામનગર-અમદાવાદઃ બપોરે ૨:૫૦ કલાકે જામનગરથી ઉપડીને ૩:૪૦ કલાકે અમદાવાદ પહોંચશે. આ નવી વિમાની સેવા શરૂ થવાથી જામનગરના વેપારીઓ, પ્રવાસીઓ અને અન્ય નાગરિકો માટે મુસાફરી વધુ સરળ અને ઝડપી બની રહેશે. ■

# અમરેલીમાં અતિવૃષ્ટિ સહાય મુદ્દે કૉંગ્રેસની રેલીઃ 3000 ખેડૂતો જોડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લામાં સાવરકુંડલા અને લીલીયામાં વર્ષ ૨૦૨૪માં થયેલી અતિવૃષ્ટિની સહાય ચૂકવવામાં ન આવતા તેના વિરોધમાં કૉંગ્રેસ દ્વારા ખેડૂતલક્ષી રેલી યોજવામાં આવી હતી. આ રેલીમાં કૉંગ્રેસ નેતા પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત તેમજ આશરે તાલુકાના ૩૦૦૦ જેટલા ખેડૂતો જોડાયા હતા. અતિવૃષ્ટિની સહાય ઉપરાંત ખાતર, બિયારણમાં ખેડૂતોને પડતી હાલાકીના મુદ્દે પ્રાંત અધિકારીને આવેદન પાઠવ્યું હતું.

મળતી વિગતો અનુસાર, વર્ષ ૨૦૨૪માં અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને લીલીયામાં થયેલી અતિવૃષ્ટિની સહાય આપવામાં આવી ન હોવાથી સાવરકુંડલા શહેર અને તાલુકા કૉંગ્રેસ દ્વારા ખેડૂતલક્ષી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ખેડુતોના જુદા જુદા મુદ્દાઓને લઈને ૩૦૦૦ ખેડૂતોની ઉપસ્થિતિમાં રેલી યોજવામાં આવી હતી. જેમા કૉંગ્રેસ નેતા અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતના કાર્યાલયથી રેલી કાઢવામાં આવી હતી અને પ્રાંત અધિકારીને આવેદન પાઠવવામાં આવ્યું હતું.

પ્રાંત અધિકારીને આપવામાં આવેલા આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે વર્ષ ૨૦૨૪માં થયેલી અતિવૃષ્ટિ બાદ સરકારે જાહેરાત કરી હતી કે વળતર ચૂકવશે, પરંતુ ખેડૂતોને હજુ સુધી સહાય આપવામાં આવી નથી જેના કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા, તેમ જ સિઝનમાં અતિવૃષ્ટિના કારણે અનેક ખેડૂતોએ વાવણી કર્યા પછી પાક તણાઇ ગયો હતો. ઉપરાંત ખેતરનું ધોવાણ, શેઢા પાળાનું ધોવાણ થયુ હતું. ત્યારે હવે આ વર્ષે ખેડૂતોને સહાય ચૂકવવા માટે ખેડૂતોએ માગણી કરી હતી. ■

# કચ્છઃ જિલ્લા પંચાયત દ્વારા ૪૦ ગ્રામ પંચાયતોને સ્વચ્છતા માટે ઈ-રિક્ષાની ફાળવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જિલ્લા પંચાયત ભુજ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા તેમજ જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ દ્વારા ૪૦ ગ્રામ પંચાયતમાં ડોર ટુ ડોર કચરાના કલેક્શન માટે ઇ-રિક્ષાને લીલી ઝંડી આપવામાં આવી હતી.

ગ્રામ્યકક્ષાએ કચરાનું કલેકશન યોગ્ય રીતે થઇ શકે, ગામડાઓ સ્વચ્છ બને તે માટે ગ્રામ પંચાયતને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી કચ્છ, સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ શાખા દ્વારા ઈ-રિક્ષાની ફાળવણી કરવામાં આવી હતી.

ગામોમાં કચરાનું કલેક્શન થઈ શકે અને કચરો ડમ્પિંગ સાઈટ ઉપર પહોંચે અને ગામોની સ્વચ્છતામાં વધારો થાય તે માટે ઇ - રિક્ષા આપવામાં આવી છે.

આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક નિકુંજ પરીખ, જિલ્લા પંચાયતના પદાધિકારીઓ તેમજ સ્વચ્છ ભારત મિશન ગ્રામીણના મદદનીશ પ્રાયોજન અધિકારી મહેશ ચાવડા તેમજ વિવિધ ગ્રામ પંચાયતના સરપંચો અને તલાટીઓ હાજર રહ્યા હતા. ■